માર્ચ -૨૦૨૫
વર્ષ : ૧૭
અંક : ૦૯
મુલ્ય : રૂા. ૪૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength

(માસિક)




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ અંજાર દ્વારા આયોજીત બાવનમાં નિઃશુલ્ક સમુહ લગ્નોત્સવના શુભ અવસરે નવદંપતિને આશીર્વાદ આપવા વિશેષ ઉપસ્થિત રહેલ મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકી, ઉપપ્રમુખો સર્વ શ્રી વિનોદભાઇ જેઠવા, શ્રી મનોજભાઇ વેગડ, શ્રી ભોગીલાલભાઇ ચાવડા, શ્રી વિનોદભાઇ ચૌહાણ, કચ્છ પ્રા. પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, કચ્છ મહિલા પ્રા. પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, કચ્છ યુવા પ્રા. પ્રમુખ શ્રી જયભારત જેઠવા સાથે અંજાર ઘટક પ્રમુખશ્રી વિનોદભાઇ ખોડિયાર સાથે ઘટકના અન્ય મહાનુભાવો દ્દશ્યમાન થાય છે.




શ્રી ક.ગુ.ક્ષ. સમાજ માધાપરને આંગણે ૨૬મી જાન્યુઆરી ગણતંત્ર દિને યોજાયેલ ધ્વજવંદન સમારોહમાં ધ્વજને સલામી આપતા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકી, ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર, કચ્છ પ્રા. પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, માધાપર ઘટક પ્રમુખશ્રી જયંતિલાલભાઇ વાઘેલા સાથે ઘટકના અન્ય મહાનુભાવો દ્દશ્યમાન થાય છે.

If undelivered please return to :
Setu Samaj Sandesh
C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511
RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.





Late Karmsinh Madhavji Tank
(Sinogra)



**Mr. Prafulchandra K. Tank**
Mob: +91 9825053258

**Mr. Kishan P. Tank**
Mob: +91 9925811599

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

Basic Violet 10 & Other Qualities

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR

**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com

|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક



# સેતુ સમાજ સંદેશ

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

વર્ષ : ૧૭ અંક : ૦૯ માર્ચ–૨૦૨૫

માલિક એવં પ્રકાશક :
'સમાજરત્નશ્રી'
વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

: પ્રેરણા સ્ત્રોત :

'સમાજરત્ન'



સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

'સમાજ સંરક્ષક'



શ્રી ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી, અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક – સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
અંજાર (કચ્છ)

## સામાજીક નેતૃત્વની દીર્ઘદષ્ટી સમાજ ઉત્કર્ષના મીઠાફળ ઋણાભિધાન કાર્યક્રમ

સૌને નમસ્કાર, આપણે સૌ સમાજબાંધવો એવા સમાજના સંતાનો છીએ કે જેના પૂર્વજો દિર્ઘદષ્ટા, સામાજીક નિષ્ઠા, પ્રબળ સામાજીક ભાવ અને જેના આધારે સમાજ ઉત્કર્ષ માટે તન, મન અને ધનથી સમર્પણ કરી સમગ્ર સમાજના સામાજીક, વૈચારીક, સંસ્કારીત અને સદ્ભાવ રૂપી ઉત્કર્ષ કરી શક્યા અને આના મીઠાફળ રૂપી સમાજમાં ગરીબાઇની સ્થિતિ મહદ્ અંશે દુર થઇ, સમાજમાં અનુશાસન અને સંગઠન વર્ષો સુધી સ્થાપિત રહ્યું, સમાજ કુરીવાજોથી દૂર રહી સામાજીક દુષ્ણ મુક્ત સ્થિતિ આજે જે કાંઇ પણ જોવા મળે છે તેની પાછળ તેમના કાર્ય યોજનાઓનો સિંહફાળો છે. પરંતુ આ કાર્ય યોજનાઓ હવે ૫૦ વર્ષના લાંબા સમય કાળક્રમે જે એમાં વ્યક્તિવાદિતા અને એકાંકી દષ્ટિકોણને કારણે હવે સમાજભાવ કે સંગઠન કે સમાજ ઉત્કર્ષ મીઠાફળ અત્યાર સુધી મળ્યા તે હવે મીઠાશ ઘટી રહી છે તો સમાજના હાલના શીર્ષ નૈતૃત્વની ફરજ છે કે સમાજ સદ્ભાવ, સંગઠન એવં ઉત્કર્ષ માટે આવતા ૫૦ વર્ષનો વિચાર કરે તે માટે કાર્ય યોજના બનાવે જેથી આપણે જે મીઠા ફળ ખાધા છે તે આવનાર પેઢીને પણ મળી શકે. તે માટે હાલની મહાસભાની સમગ્ર કાર્યકારણી આ માટે પ્રતિબદ્ધ છે. જેમ પ્રથમ સમાજરત્ન દ્વારા પણ વર્ષો પહેલા જે સમાજનું ઉત્કૃષ્ટ નેતૃત્વ મળ્યું તેમ આજે ફરી આપણા હાલના સમાજરત્ન જેવા સમાજ સમર્પિત ઉત્કૃષષટ વ્યક્તિત્વ ફરી સમાજને નેતૃત્વ સ્થાને બિરાજમાન છે ત્યારે આ એક સમાજ માટે અવસર છે કે ફરી મીઠાફળના ઝાડનું વાવેતર થાય અને આવતા ૫૦ વર્ષ સુધી તે ફળ સમાજને મળે.

આવા જ એ અવસરનો લાભ માટે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ દ્વારા સમાજ ઉત્કર્ષના પાયામાં તેમજ સંસ્કારીકતાના પાયામાં કેળવણીની ખુબજ મોટી ભુમીકા છે. આ ભુમિકાનું પ્રારૂપ હવે બદલાવ માગે છે. એક સમયે સમાજમાં અક્ષરજ્ઞાન માટે શિક્ષણ મેળવવામાં ઉપયોગી ભૂમિકા માટે જરૂરી ગામડાના છોકરાઓને અંજાર–ભુજ શહેરમાં શિક્ષણ સંસ્થામાં શીક્ષણ મેળવી શકે તે માટે બોર્ડીંગ વ્યવસ્થાની જરૂર હતી તે આપણા વડીલોની દીર્ઘદષ્ટિથી બોર્ડીંગ નિર્માણ કરેલ અને આજ સુધી હજારો છોકરાઓ બોર્ડીંગમાં ભણીને ડૉક્ટર, વકીલ, ઇન્જીનિયર, શિક્ષક, વેપારી, ઉદ્યોગપતિ બની આર્થિક સંપન્ન બન્યા અને એમ કહી શકાય કે સમાજમાં ૮૦ થી ૯૦ ટકા લોકો ગરીબાઇથી ઉપર ઊઠી મધ્યમ અને સમૃદ્ધ જીવન પ્રાપ્ત કરી શક્યા તો આ પ્રયાસ, આ વિચાર સામાન્ય નથી. આજે આ પ્રયાસની વાત કરીએ તો ભુજ બોર્ડીંગ ચાલુ કરવાનો પ્રયાસ ૧૦૦ વર્ષ પૂરા કર્યા છે. અંજાર બોર્ડીંગ ચાલુ થયાને ૭૫ વર્ષ પૂરા કર્યા છે અને કેળવણી મંડળની રચનાના રજીસ્ટ્રેશન નોંધણી થયાને ૬૦ વર્ષ પુરા થયા છે. આવો સુભગ સમન્વયનું આ વર્ષ છે. તો આજે આ ઇતિહાસને વાગોડીએ, આ ઇતિહાસને પુનરાવર્તિત કરીએ, આ ઇતિહાસ રચાઇ ગયો તે મીઠાફળનું મુલ્યાંકન કરીએ અને હવે ફરી નવો ભવ્ય ઇતિહાસ બને તે માટે આજની યુવા એવં મહિલા ઉત્કર્ષ માટે આપણી દીશા નિશ્ચિત કરીએ તે જ આ વર્ષના આ સુભગ સમન્વય સાચી ઉજવણી હોઇ શકે. હાલમાં આ બોર્ડીંગ તરીકેની જરૂરીયાત કાળક્રમે જરૂર રહી નથી તો આ બોર્ડીંગના સ્થાને આવતા સમયની કેળવણીના ભાગરૂપે કૌશલ્ય વિકાસલક્ષી નવી શિક્ષણ દિશા માટે કચ્છ ગુર્જર ક્ષત્રિય વૉકેશનલ ઇન્સ્ટીટ્યુટની કલ્પનાનો વિચાર સમાજના સર્વે પૂર્વ વિદ્યાર્થી તેમજ સામાજીક નેતૃત્વને સાથે રાખી એક વિચાર વલોણું થાય તેવા હેતુસભર શતાબ્દી વર્ષ ઉજવણીનું આયોજન આગામી તા. ૧,૨,૩ જુન સાથે અંજાર મધ્યે મહાસભાના કાર્યાલયનો શુભારંભ અને મહાસભાની અર્ધવાર્ષિક બેઠક આમ ત્રિવિધ કાર્યક્રમ માટે આપ સૌ સહર્ષ આમંત્રિત છો. તો આપ સૌ પોતાના અથવા પરિવારના સદસ્યો જે બોર્ડીંગમાં રહીને ભણ્યા છે તેવા તમાજ સમાજબાંધવો વિશેષ ઉપસ્થિત રહી પોતાના ભૂતળકાને વાગોળી આવતા સમયની દિશામાં આપની ભાગીદારી કરી ઋણાભિધાન થઇએ.

માનદ્ તંત્રીશ્રી

મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઇટ
app.kgksamaj.org

રકમ કોઈપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ – સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



પ્રમુખશ્રી મહાસભા
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079

સહ વીર્યં કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644



## પ્રમુખ સ્થાનેથી...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની કારોબારી સમિતિની અર્ધવાર્ષિક બેઠક શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળના શતાબ્દી વર્ષની ઉજવણીના ઉપલક્ષમાં કચ્છ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા અંજાર ઘટકના સ્નેહમય આમંત્રણથી મહાસભાના સ્થાપના દિન તા. ૩/૬/૨૦૨૫ના રોજ આયોજીત કરવામાં આવેલ છે. આપણા સમાજના ઈતિહાસના સ્વર્ણિમ દિવસે અર્ધવાર્ષિક બેઠકની સાથે સાથે મહાસભા કાર્યાલય ભવનનું લોકાર્પણ પણ કરવામાં આવશે.

મહાસભાના સર્વે કાર્યવાહક સભ્યશ્રીઓ, વિશેષ આમંત્રિત સભ્યશ્રીઓ, સલાહકાર મંડળના સભ્યો તથા માનદ્ સભ્યશ્રીઓને આ પાવન અવસરે ઉપસ્થિત રહેવા સમસ્ત મહાસભા વતી હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે. મહાસભાની વિવિધ સમિતિઓના માધ્યમથી સેવાકિય કાર્યો અને સમાજના જરૂરતમંદોને સહાયરૂપ પ્રવૃત્તિઓ ખુબજ સારી રીતે થઇ રહી છે.

"મહાસભા ઘટકને આંગણે" કાર્યક્રમ અંતર્ગત વિવિધ ઘટકોના ત્રણે પાંખના પ્રમુખશ્રીઓને સન્માનીત કરી તેમના સેવાકીય કાર્યોને પ્રોત્સાહન આપવાના અને ઋણ સ્વીકાર કરવાના કાર્યની શરૂઆત કરી દેવામાં આવેલ છે. પ્રથમ ચરણમાં કચ્છ-ગુજરાત અને ત્યાર બાદ ભારતભરના દરેક ઘટકોએ પહોંચવાનો પ્રયાસ કરવામાં આવશે. આ પ્રવાસ કાર્યક્રમની સાથે સાથે અંજાર કાર્યાલય દ્વારા ઘટકોના માહિતિપત્રકો મોકલવામાં આવેલ છે તે ભરીને અવશ્યપણે તૈયાર રાખવા અનુરોધ કરવામરાં આવે છે. ઘટકોના કોઇ પ્રશ્નો હોય તો જરૂરથી તેની વિગત તૈયાર રાખશો જેથી સમયનો બચાવ થઇ શકે અને સામાજીક સમસ્યાને હલ કરવા નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કરી શકાય. રાયપુર અધિવેશન પ્રસંગે સમુહ ભાગવત, સગપણ સંમેલન, મહાસભાની બેઠકો, યુવા-મહિલા મહામંડળની બેઠકો વગેરે દરેક કાર્યક્રમોમાં ઘટક, પ્રાદેશિક અને મહાસભાના દરેક હોદ્દેદારો તેમજ કાર્યવાહક સભ્યોએ સક્રિય ભાગ લઇ સમગ્ર કાર્યક્રમને અદ્ભૂત સફળતા અપાવી તે બદલ સર્વેને ધન્યવાદ પાઠવું છું.

આ જ રીતે આવતા જુન માસમાં તા. ૧,૨ અને ૩ જુન-૨૦૨૫ના કેળવણી મંડળ અને મહાસભાના સંયુક્ત કાર્યક્રમોમાં આપ સૌની અનિવાર્યપણે હાજરી રહે અને આપણે આપણા માદરેવતનમાં યોજાઈ રહેલ ઐતિહાસીક કાર્યક્રમના સાક્ષી અને સહભાગી બનીએ તેવા પ્રયત્નો કરી ખાસ હાજરી આપવા ફરીને અનુરોધ કરવામાં આવે છે.

॥ સા વિદ્યા યા વિમુક્તયે ॥

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ

આયોજીત

# ઋણાભિધાન સમારોહ

**તા. ૧,૨,૩ જુન-૨૦૨૫**

**"સમાજની શૈક્ષણિક યાત્રાના એકસો વર્ષની ફલશ્રુતિ અને ભવિષ્યના પથદર્શન પર સંવાદ કરવાનો ઐતિહાસીક અવસર..."**




**રાયબહાદુર શ્રી જગમાલભાઇ રાજાભાઇ ચૌહાણ વિદ્યાર્થી ભવન - ભુજના કળશ સ્થાપનાના ૧૦૦ વર્ષની ભવ્ય ઉજવણી**

**શેઠશ્રી ધનજીભાઇ રતનશીભાઇ રાઠોડ એવં શેઠ શ્રી લીરાભાઇ રાજાભાઇ રાઠોડ વિદ્યાર્થી ભવન - અંજારના નિર્માણના ૭૫ વર્ષની અનન્ય ઉજવણી**

**સમાજના વડીલોની ગૌરવગાથાને ઉજાગર કરતી ભવ્ય પ્રદર્શની**

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળના રજીસ્ટ્રેશનના ૬૦ વર્ષની શાનદાર ઉજવણી**

**શૈક્ષણિક યાત્રાના પવિત્ર યજ્ઞમાં આહુતિ આપનાર સમાજબાંધવોનું સેવા-સન્માન 'જ્ઞાન સાધના એવોર્ડ', દાતાશ્રી સન્માન**

**અંજાર અને ભુજ બોર્ડીંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મિલન**

**નિબંધ સ્પર્ધા :**

**વિષય : આગામી સમયની શૈક્ષણિક દિશા/આયોજનો**

સમાજના ૧૫ વર્ષથી ઉપરના કોઇપણ ઉમંરના ભાઇ-બહેનો ભાગ લઇ શકશે.

નિબંધ ૧૦૦૦ શબ્દોમાં સ્વ હસ્તાક્ષરે લખીને લીટીવાળા પાનામાં તા. ૩૦ એપ્રિલ-૨૦૨૫ સુધીમાં મળી જાય તે રીતે કાર્યાલયના સરનામે મોકલાવી આપવો.

**વિગતવાર કાર્યક્રમ હવે પછી...**

કાર્યાલય : શેઠ શ્રી લીરાભાઇ રાજાભાઇ રાઠોડ એવં શેઠશ્રી ધનજીભાઇ રતનશીભાઇ રાઠોડ વિદ્યાર્થી ભવન વિજયનગર, અંજાર (કચ્છ) 370110.

**:: મહાસભા સ્તરના અન્ય વિશેષ કાર્યક્રમ ::**

## અંજારના વિજયનગર પ્લોટ મધ્યે "સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરુષોત્તમભાઇ સોલંકી મહાસભા કાર્યાલય ભવનનું લાકોર્પણ"

તા. ૩/૦૬/૨૦૨૫, રવિવાર

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની કાર્યવાહક સમિતિની અર્ધવાર્ષિક બેઠક

તા. ૩/૦૬/૨૦૨૫, મંગળવાર

સ્થળ : શેઠ શ્રી લીરાભાઇ રાજાભાઇ રાઠોડ એવં શેઠશ્રી ધનજીભાઇ રતનશીભાઇ રાઠોડ વિદ્યાર્થી ભવન વિજયનગર, અંજાર (કચ્છ)

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



**કોષાધ્યક્ષ, મહાસભા**
શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ
રમણ મંદિર વોર્ડ, કુમ્હાર પારા,
ફાફાડીહ, પો. રાયપુર (છ.ગ.)
મો. ૯૩૦૦૬૮૮૭૬૩

**સહ કોષાધ્યક્ષ, મહાસભા**
શ્રી પાર્થ જશવંતરાય ચાવડા
જુના વાસ, પો. ચંદીયા,
તા. અંજાર (કચ્છ)
મો. ૯૯૯૮૦૮૭૩૩૯
Pjchavda94@gmail.com



મહાસભાની દરેક સમિતિના પ્રભારીશ્રીઓને ખાસ નોંધ લેવા વિનંતી કે, **તા. ૧-એપ્રિલ, ૨૦૨૫** થી ઈન્કમટેક્સના નવા નિયમો અનુસાર **મહાસભાની ત્રણ કોપીમાં પહોંચ બુક અમલમાં રહેશે.** આર્થિક વ્યવહાર કરતી દરેક સમિતિઓને **૧-એપ્રિલ, ૨૦૨૫ પહેલા નવી પહોંચ બુક તૈયાર કરી મોકલી આપવામાં આવશે.** એટલે દરેક સમિતિઓના પ્રભારીશ્રીઓ આ સિવાયની **ચાલુ પહોંચબુક ૧-એપ્રિલથી રદ્દ કરવામાં આવે છે.** ત્યાર પછી દર મહિને **ડોનેશનની પહોંચ જે કાપવામાં આવશે એની એક કોપી અનિવાર્યરૂપથી કોષાધ્યક્ષ અને સહકોષાધ્યક્ષ પાસે જમા કરાવવા ખાસ વિનંતી** આ પહોંચની ચકાસણી કર્યા બાદ જ જે–તે સમિતિના હિસાબો 'સેતુ સમાજ સંદેશ'માં પ્રસિદ્ધ જાહેર કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવા વિનમ્ર વિનંતી.

**કોષાધ્યક્ષ, મહાસભા**
**શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ**

**સહ કોષાધ્યક્ષ, મહાસભા**
**શ્રી પાર્થ જશવંતરાય ચાવડા**

## અભિલાષા

| આવક | જાન્યુઆરી–૨૦૨૫ | જાવક | |
|---|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૧૧,૦૦૦ | રાયપુર - લાભાર્થી - ૧ | ૧૦,૦૦૦ |
| શ્રી ભગવાનલાલ આર. ટાંક - નડિયાદ | ૧,૦૦૦ | ગુલબર્ગા - લાભાર્થી - ૧ | ૧૫,૦૦૦ |
| અનામી દાતાશ્રી | ૫,૦૦૨ | | |
| શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ | ૫૦૦ | | |
| શ્રી પથિક નિતીનભાઇ | ૧,૦૦૦ | | |
| શ્રીમતી કલ્પનાબેન મનોજભાઇ પરમાર - આસનસોલ | ૧,૧૦૦ | | |
| કુલ | ૧૯,૬૦૨ | | ૨૫,૦૦૦ |

## રાયપુર કાર્યાલય

| આવક | જાન્યુઆરી–૨૦૨૫ | જાવક | |
|---|---|---|---|
| એફ.ડી. વ્યાજ | ૧૩,૦૨૪.૮૦ | સેલરી | ૨૩,૦૦૦ |
| ઈન્કમટેક્સ રિફંડ ૨૦૧૪-૧૫ | ૧,૭૪,૮૪૭.૦૦ | અધિવેશન ખર્ચ | ૫૦,૦૦૦ |
| લગ્ન લાગા | ૨૦૦.૦૦ | લીગલ ખર્ચ | ૫૦,૦૦૦ |
| | | કુલ બચત | ૬૫,૦૭૧.૮૦ |
| કુલ | ૧,૮૮,૦૭૧.૮૦ | કુલ | ૧,૮૮,૦૭૧.૮૦ |

# સંજીવની-અન્નપુર્ણા

| આવક | જાન્યુઆરી-૨૦૨૫ | જાવક | |
|---|---|---|---|
| **"સંજીવની"** | | કલ્યાણ ઘટક (સંજીવની) | ૧૫,૦૦૦ |
| શ્રીમતી બબિતાબેન વિજયભાઇ ચૌહાણ - મુંબઇ (પો.નં. ૬૦૨) | ૧,૦૦૦ | કુમ્હારી ઘટક (સંજીવની) | ૩,૦૦૦ |
| શ્રી કનકસિંહ હીરજીભાઇ પઢિઆર - અંજાર (પો.નં. ૬૦૩) | ૫,૧૦૦ | ગોંદિયા ઘટક (અન્નપુર્ણા) | ૬,૦૦૦ |
| શ્રીમતી કલ્પનાબેન મનોજભાઇ પરમાર - આસનસોલ (પો.નં. ૬૦૪) | ૧,૧૦૦ | ગોંદિયા ઘટક (અન્નપુર્ણા) | ૬,૦૦૦ |
| શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ - અંજાર (પો.નં. ૬૦૫) | ૩,૦૦૦ | ગોંદિયા ઘટક (અન્નપુર્ણા) | ૬,૦૦૦ |
| શ્રી રાઘવભાઇ અશોકભાઇ ટાંક - નાગપુર (પો.નં. ૬૦૬) | ૨,૦૦૦ | રાયપુર ઘટક (સંજીવની) | ૧૦,૦૦૦ |
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર (પો.નં. ૬૦૭) | ૧૧,૦૦૦ | રાયપુર ઘટક (અન્નપુર્ણા) | ૬,૦૦૦ |
| શ્રી ગોપાલભાઇ પી. ચાવડા - હૈદ્રાબાદ (પો.નં. ૬૦૮) | ૧,૦૦૦ | રાયપુર ઘટક (અન્નપુર્ણા) | ૬,૦૦૦ |
| શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પુના (પો.નં. ૬૦૯) | ૨,૧૦૦ | | |
| શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ (પો.નં. ૬૧૧) | ૨૫૦ | | |
| કેન્સલ (પો.નં. ૬૧૨) | | | |
| શ્રી સુભાંષુભાઇ સાવરીયા - પુના (પો.નં. ૬૧૩) | ૧,૦૦૦ | | |
| (પો.નં. ૬૧૦) | ૫,૦૦૦ | | |
| ડી.વી. રોલર સ્પોર્ટસ ક્લબ - ભુજ (પો.નં. ૬૧૪) | ૫૦૦ | | |
| શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ ટાંક (?) (પો.નં. ૬૧૫) | ૫૦૦ | | |
| શ્રી કર્નલ સત્યાન ડી. રાઠોડસર - અમદાવાદ (પો.નં. ૬૧૬) | ૨,૧૦૦ | | |
| શ્રી પથિકકુમાર નિતિનભાઇ ટાંક - આદીપુર (પો.નં. ૬૧૭) | ૧,૦૦૦ | | |
| શ્રી રાજેશભાઇ સુર્યકાન્તભાઇ ચાવડા - ટાટાનગર (પો.નં. ૬૧૮) | ૨,૧૦૦ | | |
| | ૩૮,૭૫૦ | | |
| **"અન્નપુર્ણા"** | | | |
| શ્રીમતી રસીલાબેન નાનાલાલભાઇ સોલંકી - અંજાર (પો.નં. ૭૧૫) | ૧૨,૦૦૦ | | |
| શ્રીમતી સુરભીબેન મનોહરભાઇ ટાંક - અમદાવાદ (પો.નં. ૭૧૭) | ૫,૦૦૦ | | |
| શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા - જયપુર (પો.નં. ૭૧૮) | ૨૪,૦૦૦ | | |
| શ્રીમતી કલ્પનાબેન મનોજભાઇ પરમાર - આસનસોલ (પો.નં. ૭૧૯) | ૧,૫૦૦ | | |
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર (પો.નં. ૭૨૨) | ૫,૦૦૦ | | |
| માતૃશ્રી પાર્વતીબેન જયંતિલાલભાઇ જેઠવા - કલ્યાણ (પો.નં. ૭૨૩) | ૧,૦૦૦ | | |
| શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ-યુએસએ (પો.નં. ૭૨૪) | ૬,૦૦૦ | | |
| | ૫૪,૫૦૦ | | ૫૮,૦૦૦ |

॥ ॐ शांति ॥

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# 'સંજીવની-૫'

*The Lifeline.....*

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...



**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઈ જેઠવા - અંજાર**

(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની'

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

**Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288**

## 'સાભાર-સ્વિકાર' : ('સંજીવની'માં નોંધાયેલ/મળેલ દાતાશ્રીઓની યાદી...)

| | |
|---|---|
| ૬૦૦૦૦ | સી.એ. મુકુંદભાઈ પુરૂષોત્તમભાઈ ચૌહાણ - સુરત (પ્રતિ વર્ષ માસ રૂા. ૫૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૬૦૦૦૦ | શ્રીમતી શીલાબેન રાજેશભાઈ દયારામભાઈ રાઠોડ (માધાપર), નૈરોબી-કેન્યા-આફ્રીકા (પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૬૦૦૦૦ | શ્રી સુનિલભાઈ વિશ્રામભાઈ ચાવડા - હૈદ્રાબાદ (ઉપપ્રમુખશ્રી મહાસભા, પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૫૧૦૦૦ | શ્રી દીપકભાઈ નાનાલાલભાઈ ચૌહાણ - અમદાવાદ (ઉપપ્રમુખશ્રી મહાસભા) માતૃશ્રી સ્વ. સરસ્વતીબેનની પાવનસ્મૃતિ ભેટ |
| ૨૫૨૦૦ | સંજીવની સરતાજ શ્રી એવં શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ - લાતુર (પ્રભારી - મહિલા ઉત્કર્ષ સમિતિ-મહાસભા) (પ્રતિ માસ રૂા. ૨૧૦૦ના સંકલ્પધારી દાતાશ્રી) |
| ૨૫૦૦૦ | માતૃશ્રી સ્વ. જયાબેન કેશવજીભાઈ ચાવડા પુણ્યસ્મૃતિ અર્થે હ. શ્રીમતી હર્ષાબેન દિલીપભાઈ ચાવડા - રાયપુર (પ્રતિ વર્ષ રૂા. ૨૫૦૦૦ના સંકલ્પધારી દાતાશ્રી) |
| ૨૧૦૦૦ | સ્વ. માયાબેન લક્ષ્મણભાઈ પરમાર - આદીપુર હ. લક્ષ્મણભાઈ (પ્રતિવર્ષ રૂા. ૨૧૦૦૦ના સંકલ્પધારી દાતાશ્રી |
| ૨૦૦૦૦ | શ્રી ભોગીલાલભાઈ દેવસીભાઈ ચાવડા - મુન્દ્રા (ઉપપ્રમુખશ્રી મહાસભા, પ્રતિ માસ રૂા. ૫૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૧૨૦૦૦ | શ્રી ગોવિંદભાઈ જગમાલભાઈ ચૌહાણ પરિવાર - રાજકોટ, હ. પરેશભાઈ ચૌહાણ (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના સંકલ્પધારી દાતાશ્રી |
| ૧૧૦૦૦ | શ્રી યોગેશભાઈ મગનલાલભાઈ ચાવડા - નાગપુર (નિવર્તમાન પ્રમુખશ્રી મહાસભા, પૌત્રીરત્ન પધરામણીની ખુશાલી ભેટ) |
| ૧૧૦૦૦ | સંજીવની સમ્રાટ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકીજી - પ્રમુખશ્રી મહાસભા (જન્મદિન ખુશાલી ભેટ) |
| ૬૬૧૨ | શ્રી જૈનેન્દ્રભાઈ કાંતિલાલભાઈ જેઠવા - જબલપુર (પ્રતિમાસ રૂા. ૫૫૧ના સંકલ્પધારી દાતાશ્રી) |
| ૬૦૦૦ | સ્વ. ભરતભાઈ વલમજીભાઈ વાઢેર - અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)ની પુણ્ય સ્મૃતિ અર્થે હ. ગં.સ્વ. માયાબેન ભરતભાઈ વાઢેર, પ્રતિ માસ રૂા. ૫૦૦ના સંકલ્પધારી દાતાશ્રી) |
| ૬૦૦૦ | શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઈ રાઠોડ - આદીપુર (પ્રતિ માસ રૂા. ૫૦૦ના સંકલ્પધારી દાતાશ્રી) |
| ૬૦૦૦ | શ્રી નવિનભાઈ પ્રેમજીભાઈ યાદવ (પ્રમુખશ્રી હાજાપર ઘટક, પ્રતિમાસ રૂા. ૫૦૦ના સંકલ્પધારી દાતાશ્રી) |
| ૬૦૦૦ | શ્રી એવં શ્રીમતી ભૂમિકાબેન નિતિનભાઈ માધવજીભાઈ વરૂ - રાઉરકેલા (પ્રમુખશ્રી રાઉરકેલા ઘટક, ચેરમેન ઈસ્ટ ઝોન-સંજીવની) (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સંકલ્પધારી દાતાશ્રી) |
| ૫૧૦૦ | 'સંજીવની સરતાજ' બ્ર.કુ. બાબુભાઈ અરજણભાઈ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા જન્મદિન ખુશાલી ભેટ) |
| ૫૧૦૦ | સંજીવની સરતાજ શ્રી કનકસિંહભાઈ હીરજીભાઈ પઢિઆર - અંજાર (૮૫મા જન્મદિન ખુશાલી ભેટ) |
| ૩૦૦૦ | શ્રી વિનોદભાઈ અમરશીભાઈ રાઠોડ - ખંભરા (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સંકલ્પધારી દાતાશ્રી) |
| ૨૨૦૦ | શ્રી પ્રવિણભાઈ સુર્યકાન્તભાઈ વેગડ - અંજાર (પ્રભારીશ્રી દેશ-વિદેશ સમન્વય સમિતિ-મહાસભા) જન્મદિન ખુશાલી ભેટ, લગ્નતિથિ ખુશાલી ભેટ (રૂા. ૧૧૦૦+૧૧૦૦) |
| ૨૧૦૦ | શ્રી રાજેશભાઈ સૂર્યકાન્તભાઈ ચાવડા - ટાટાનગર (પ્રતિમાસ રૂા. ૨૧૦૦ના સંકલ્પધારી દાતાશ્રી) |
| ૧૧૧૧ | શ્રી જયેન્દ્રભાઈ ગોવિંદભાઈ રાઠોડ - કલ્યાણ (પ્રમુખશ્રી મુંબઈ પ્રાદેશિક સમિતિ, જન્મદિન ખુશાલી ભેટ) |
| ૧૧૦૦ | શ્રીમતી રીટાબેન યોગેશભાઈ પરમાર (ચેરમેન - દક્ષિણ ઝોન - સંજીવની) (લગ્નોત્સવ વર્ષગાંઠ ભેટ) |
| ૧૧૦૦ | શ્રી ઉદયભાઈ અરૂણભાઈ વરૂ - રાયપુર (પૂર્વ પ્રમુખશ્રી સેવા સમિતિ - રાયપુર જન્મદિન ખુશાલી ભેટ) |
| ૧૧૦૦ | શ્રીમતી કલ્પનાબેન મનોજભાઈ પરમાર - આસનસોલ (પ.બંગાળ) સુપુત્ર ચિ. નિહિતના શુભ વેવિશાળ પ્રસંગે ખુશાલી ભેટ) |
| ૧૦૦૦ | શ્રી નિરંજનભાઈ પ્રાગજીભાઈ રાઠોડ - રાયપુર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના સંકલ્પધારી દાતાશ્રી) |
| ૧૦૦૦ | માતૃશ્રી પાર્વતીબેન જયંતિલાલભાઈ જેઠવા - કલ્યાણ (આત્મકલ્યાણાર્થે સપ્રેમ ભેટ) |

| | |
|---|---|
| ૫૦૦ | શ્રી ગિરીશભાઇ પુરૂષોત્તમભાઇ ચાવડા - રાજનાંદગાંવ (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સંકલ્પધારી દાતાશ્રી) |
| ૫૦૦ | શ્રી પ્રકાશભાઇ હીરજીભાઇ ટાંક - રાજનાંદગાંવ (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સંકલ્પધારી દાતાશ્રી) |
| ૫૦૦ | શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ ટાંક (?) |
| ૫૦૦ | શ્રી અશોકભાઇ અમૃતલાલભાઇ ચૌહાણ - ગાંધીધામ (પ્રતિ જન્મદિન રૂા. ૫૦૦ના સંકલ્પધારી દાતાશ્રી) |

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૧૧૦૦૦ ના પ્લેટીનમ દાતાશ્રી ::**

**'સંજીવની સમ્રાટ' સમાજરત્ન શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર – માધાપર (પ્રમુખશ્રી મહાસભા)**

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ
શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર - મુન્દ્રા
શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર
સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર
સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર - સુરત
શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર - કલ્યાણ
શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર) નૈરોબી-કેન્યા-આફ્રિકા
શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા - પુના

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ
શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના
શ્રીમતી હેમલતાબેન ચાવડા - પૂના
શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર - અમદાવાદ
શ્રીમતી મીનાબેન અશોકભાઇ ટાંક (નાગલપર) નાગપુર
શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર (પ્રભારી : મ.ઉ.સમિતિ - મહાસભા)
સ્વ. માયાબેન લક્ષ્મણભાઇ અરજણભાઇ પરમાર પરિવાર (રેહા) આદીપુર
માતૃશ્રી મંજુલાબેન પોપટભાઇ રાઠોડ (ખંભરા) પરિવાર - રાજકોટ
શ્રી રાજેશભાઇ સુર્યકાન્તભાઇ ચાવડા - ટાટાનગર
શ્રી અનિલભાઇ જીવરામભાઇ ચૌહાણ - કુમ્હાર-રાયપુર ઉપપ્રમુખશ્રી મહાસભા

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/–ના સહયોગી દાતાશ્રી ::**

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ
શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર
શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ - આદીપુર (બી.જે. ચૌહાણ એસોસીએટ્સ - આદીપુર)
શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર - પૂના
શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ - જબલપુર (પૂર્વ ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર - શહડોલ (પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)
શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર - કુકમા
શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર (બાલાઘાટ)
શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર
શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર પરિવાર - અમદાવાદ
શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર - મુંબઇ
'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ - ધનબાદ
શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ - ઉદયપુર (રાજ.)
હ. જુગલ ચૌહાણ - વડોદરા
શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ - નાગપુર
શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ પ્રાગજીભાઇ ટાંક - મોરબી
શ્રી પથિકકુમાર નિતિનભાઇ ટાંક - લંડન (આદિપુર)
શ્રી મનોહરભાઇ વિરામભાઇ ટાંક - અમદાવાદ
શ્રી નિરંજનભાઇ પ્રાગજીભાઇ રાઠોડ - રાયપુર
શ્રી પરેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણ - રાજકોટ ઉપપ્રમુખશ્રી મહાસભા

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦–૨૫૦/–ના સ્નેહી દાતાશ્રી ::**

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર - અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)
શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક - અંજાર (મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)
શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર - ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર
શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ - આદિપુર
શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર
શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ
શ્રી નવીનભાઇ પ્રેમજીભાઇ યાદવ - પ્રમુખશ્રી હાજાપર ઘટક
શ્રી ગીરીશભાઇ પુરૂષોત્તમભાઇ ચાવડા - રાજનાંદગાંવ
શ્રી પ્રકાશભાઇ હિરજીભાઇ ટાંક - રાજનાંદગાંવ
શ્રીમતી ભૂમિકાબેન નિતિનભાઇ માધવજીભાઇ વરૂ - રાઉરકેલા
શ્રી જૈનેન્દ્રભાઇ કાંતિલાલભાઇ જેઠવા - જબલપુર

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અભિલાષા-૫

**॥ શિક્ષણ દાન એજ મહાદાન ॥**



શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

નમસ્કાર... મહાસભાના વર્તમાન સત્રના આદરણીય પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના નેતૃત્વ હેઠળ અને તેઓશ્રીના અનમોલ સહયોગથી મહાસભાના વિભિન્ન ઉદ્દેશો પૈકીની એક અભિલાષા સમિતિ પોતાનું દાયિત્વ નિભાવી રહી છે. દાતાશ્રીઓના સહયોગથી પ્રતિ વર્ષ રૂા. ૬ થી ૭ લાખની શિક્ષણ સહાયનું ભારતભરના જરૂરતમંદ છાત્રોને વિતરણ કરે છે. આ સેવા કાર્યમાં વધુને વધુ લોકોનો આર્થિક સહયોગ મળી રહે તેવી અપીલ કરવામાં આવે છે.

### :: વિનમ્ર અપિલ ::

સમાજના દાનદાતાશ્રીઓ અને શિક્ષણ પ્રેમી મહાનુભાવોને વિનંતી કે ભારતભરના વિવિધ ઘટકોમાં વસતા આપણા સમાજના આર્થિક રીતે નબળા છાત્રોને ઉચ્ચ અભ્યાસ માટે શિક્ષણ સહાય આપતી આ સમિતિને આપના અનુદાનની ખાસ જરૂર છે, જે એક આશિર્વાદ આપનારી સેવાનું કામ છે. આપના વિવિધ સામાજીક અને પારિવારિક અવસરોને સ્મૃતિમય બનાવવા પણ આ દાન આપી શકાય છે. **રૂા. ૫૦૦૦/- કે તેની ઉપરનું દાન આપનાર દાતાશ્રીઓના ફોટો સાથે આભારની વિગત 'સેતુ સમાજ સંદેશ'ની આ કોલમમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. ખાસ કરીને આ સમિતિ પાસેથી શિક્ષણ સહાય મેળવનાર અને હાલે કમાઇને આર્થિક રીતે પગભર થયેલા વિદ્યાર્થીઓને** ખાસ વિનંતી કે તમે યથાઘટિત દાન આપી સમાજનું ઋણ સ્વીકાર કરશો. જેથી આપની જેમ ભણીને જીવનમાં સ્થાયી થવા માગતા વધુ છાત્રોને સારી એવી રકમ શિક્ષણ સહાય રૂપે આપી શકાય. **વિવિધ ઘટકોના ઘટક પ્રમુખશ્રીઓને** વિનંતી કે આપની ભલામણથી જે છાત્રોએ શિક્ષણ સહાય મેળવી છે અને હાલે નોકરી/વ્યવસાય કરી આર્થિક ઉપાર્જન કરે છે તેવા આપના ઘટકના વિદ્યાર્થીઓનો સંપર્ક કરી દાન મેળવવા પ્રયાસ કરશો. આપના દ્વારા પ્રાપ્ત થયેલ દાનની ક્રેડીટ પણ આપશ્રીને આપવામાં આવશે.

**આપનું દાન આવકવેરાની કલમ ૮૦/જી હેઠળ કરમુક્તિને પાત્ર છે.**

આ સમિતિને તા. ૧૫/૧/૨૫ થી તા. ૧૫/૨/૨૫ સુધી પ્રાપ્ત થયેલ દાનની યાદી જોઇએ તો આદરણીય 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીજી તરફથી પ્રતિમાસ દાનદાતાશ્રી તરીકે માસ ફેબ્રુઆરી-૨૦૨૫ના રૂા. ૧૧૦૦૦/- નું દાન પ્રાપ્ત થયેલ છે. તેવી જરીતે માસિક દાનદાતાશ્રી એવા શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક તરફથી રૂા. ૧૦૦૦, પોતાના શ્રીમતી કલ્પનાબેન મનોજભાઇ પરમાર-આસનસોલના સુપુત્રના શુભ વેવિશાળની ખુશાલીમાં રૂા. ૧૧૦૦નું દાન પ્રાપ્ત થયેલ છે. શ્રી પથિક નિતીનભાઇ ટાંકના રૂા. ૧૦૦૦, શ્રી હર્ષદ કેશવજીભાઇ તરફથી રૂા. ૫૦૦નું દાન પ્રાપ્ત થયેલ છે. ગાંધીધામ ઘટકના ઉપપ્રમુખ અને પોતાના જન્મદિને નિયમિત રૂપે દાન આપનાર ઉત્સાહી અભિલાષા પ્રેમી દાતાશ્રી અશોકભાઇ અમૃતલાલ ચૌહાણ - ગાંધીધમ તરફથી રૂા. ૫૦૦ નું ખુશાલી દાન તેમના જન્મદિને (તા. ૧૧/૨) પ્રાપ્ત થયેલ છે. જન્મદિનની હાર્દિક શુભેચ્છા સાથે તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર...

- વિનોદ લીલાધર ચૌહાણ - ઉપપ્રમુખ તથા પ્રભારી



# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ** **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઇ ટાંક - રાયપુર**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા Learn & Earn અંતર્ગત ૧૩મો પ્રોજેક્ટ ''લામાસા આર્ટ'' બહેનોના આર્થિક વિકાસ સાથે સ્વરોજગાર તરફ પ્રેરિત કરી સ્વાવલંબી બનાવવા માટે ઉદ્દેશપૂર્ણ પ્રોજેક્ટનું મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિના ફેસબુક પેજ પર લાઇવ વર્કશોપ ઓનલાઇન બહેનોની બહોળી ઉપસ્થિતિમાં તા. ૧૫-૦૨-૨૦૨૫, શનિવારના રોજે સફળતાપૂર્વક છત્તીસગઢ પ્રાદેશિકના ભાટાપારા ઘટકથી **શ્રીમતી સુનિતાબેન રાઠોડ** દ્વારા સફળતાપૂર્વક લેવામાં આવેલ.

શ્રીમતી સુનિતાબેન આનંદરાજ રાઠોડએ શ્રીમતી માયાબેન પ્રભુલાલભાઇ રાઠોડના પુત્રવધુ (કટક) તથા શ્રીમતી હંસાબેન કિશોરચંદ્ર ચાવડા (રાઉરકેલા)ના સુપુત્રી છે.

શ્રીમતી સુનિતાબેન કહે છે આર્ટ અને ક્રાફ્ટ મને ગોડગીફ્ટ છે. નાનપણથી જ તેમને આર્ટ અને ક્રાફ્ટમાં ખુબજ રૂચી હોઇ અનેક સ્પર્ધાઓમાં ભાગ લઇ પ્રાઇઝ મેળવતા. કચ્છયાડ ૮૪માં રંગોળી સ્પર્ધામાં પ્રાઇઝ મેળવ્યું હતું. લગ્ન પછી પણ શોખ કાયમ રહેતા અનેક સ્પર્ધાઓમાં ભાગ લઇ જેમ કે રંગોળી, નારીયલ સજાવટ, ગરબા સજાવટ, દાંડીયા સજાવટ, આરતી સજાવટ, વેસ્ટમાંથી બેસ્ટ, કુકીંગ કોમ્પીટીશન બધામાં ફર્સ્ટ પ્રાઇઝ મેળવતા. સુનિતાબેન એક Pidilite Fevicrylના ટીચર છે અને તેઓ સંસ્કૃતી કલા નિકેતન નામની ક્લાસીસ ચલાવે છે અને ઓર્ડર પણ લે છે.

લામાસા એ સ્પેનિશ ફોર્મ ઓફક્લે મોડલિંગ છે. મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિના ફેસબુક લાઇવ પેજમાં ''લામાસા ક્લે આર્ટ'' નો વર્કશોપ તેમણે લામાશા ક્લે કેવી રીતે બનાવવું, ક્લે દ્વારા વિવિધ સુંદર-સુંદર આર્ટીકલ્સ, સુંદર કીચેન્સ, કી હોલ્ડર, ફ્રીજ મેગ્નેટ, ફ્રુટસ ટ્રે, વૉલપીસ જેવા અનેક શોપીસેસ ખુબજ સુંદરતાથી અને સરલતાથી બનાવતા શિખવાડ્યા અને આવા છોટી છોટી સુંદર વસ્તુઓ આપણે લગ્ન પ્રસંગોમાં, બર્થડે પાર્ટીમાં, રીટર્ન ગીફ્ટ તરીકે આપી શકાય છે. એના માટે સોસાયટીમાં, કોલોનીમાં ઓર્ડર્સ લઇ શકાય છે. ગીફ્ટ શોપીમાં બનાવીને સેલ કરી શકાય છે. જેનાથી આપણી કલા પણ આગળ વધે, નામના અને ચાહના મળવાથી સારી રીતે સેલ કરી શકાય છે.

શ્રીમતી સુનિતાબેનને આ પુરા પ્રોજેક્ટ માટે ભાટાપારા




મહિલા મંડળ પ્રમુખ શ્રી આરતીબેન સોલંકી તથા તેમની પુરી ટીમે પ્રોજેક્ટને સફળ બનાવવા માટે પુરેપુરો સાથ-સહકાર આપી ઉત્સાહવર્ધન કર્યું. તેમને અમારા વતીથી ખુબ ખુબ આભાર...

મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ આપણા સમાજના અપ્રતિમ કલા ધરાવતા નિષ્ણાંત, વિવિધલક્ષી કલાનિપુણ, ખુબજ કર્મઠ-મહેનતુ, સૃજનશીલ, પ્રેમાળ-લાગણીશીલ, સમાજસેવાની ભાવનાથી ઓતપ્રોત સ્નેહી સુનિતાબેનને આવો સુંદર-સફળ પ્રોજેક્ટ આપવા માટે હૃદયથી સેલ્યુટ આપી... શબ્દસુમનોથી બિરદાવી... અભિનંદન આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...

- અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અન્નપુર્ણા - ૧

**।। અન્નદાન મહાદાન ।।**


પ્રભારી :
શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦

સહપ્રભારી :
શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮




Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)

## ભગવાન ભુખ્યો ઉઠાડે છે જરૂર, પણ ભુખ્યો સુવાડશે નહીં

## ''ભુખ્યાને ભરપેટ ભોજન... અન્નદાન છે મહાદાન...''

આપણી મહાસભા દ્વારા સંચાલિત અનેકવિધ સમાજ ઉત્કર્ષ યોજનાઓ પૈકી ''અન્નપુર્ણા'' એક અનઅપેક્ષિત, અનઇચ્છનીય યોજના છે અને આવી યોજના ચલાવવી એ પણ મહાસભાની અનિવાર્યતા છે. એક અકલ્પનીય કરૂણતા એ છે કે આજ પણ આપણા સમાજમાં એવા સમાજબંધુઓ આપણી વચ્ચે જ અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે કે જેઓને ત્રણ ટક ભરપેટ ભોજનની કોઇ જ સગવડ નથી. ગમે તેમ કરી દુઃખના દહાડા કાપતા આવા વંચિત, પિડીત, દીનદુઃખી સમાજબંધુઓની પિડાને સત્વરે સમજી આવા કમનસિબ સમાજબંધુઓ કમ સે કમ ત્રણ ટકનું ભોજન સ્વમાનભેર મેળવી શકે તે માટે મહાસભા 'અન્નપુર્ણા' યોજના મારફતે આવા લાભાર્થીને પ્રતિમાસ રૂા. ૧૫૦૦/- રાશનકીટ માટે આપે છે. એક અનુમાન પ્રમાણે એક વ્યક્તિને ત્રણ ટકનું ભરભેટ, પોષણયુક્ત ભોજન એવં એકમદમ જરૂરીયાતની ચીજવસ્તુઓ માટે પ્રતિમાસ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ની જરૂરીયાત રહે છે. મહાસભાએ પણ પ્રતિમાસ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ પ્રતિ લાભાર્થી આર્થિક સહાય આપી એ સુનિશ્ચિત કરેલ છે કે આપણા સમાજમાં આપણો કોઇપણ ભાઇ-બહેન માત્ર નાણાકીય અભાવમાં ત્રણ ટકનું ભોજન લઇ સન્માનભેર, નિશ્ચિત થઇ જીવન સુખરૂપ વ્યતીત કરી શકે.

મહાસભાની 'સંજીવની' યોજનાની જેમ જ 'અન્નપુર્ણા' યોજના દ્વારા સમાજપ્રેમી સમાજના સુખી-સંપન્ન પરિવારો પ્રતિમાસ અમુક રકમ 'અન્નપુર્ણા' યોજનામાં અર્પણ કરી 'અન્નપુર્ણા'ના અક્ષયપાત્રને સતત પરિપૂર્ણ રાખવા પોતાનો માનવધર્મ, સમાજધર્મ નિભાવે છે. **સમાજના સુખી-સંપન્ન વર્ગની યથાશક્તિ-યથા ઇચ્છા પ્રતિમાસ અન્નદાનનો સંકલ્પ અનેક જરૂરીયાતમંદ પરિવારોની આંતરડી ઠારે છે.** રૂા. ૫૦૦ થી ૬૦૦૦ સુધીના 'અન્નપુર્ણા' સંકલ્પધારી પરિવારો, નિયમિત પ્રતિમાસ 'અન્નપુર્ણા' સહયોગ આપી જીવનભરનું પુણ્યનું ભાથું બાંધે છે. ભૂતકાળમાં અને વર્તમાન સમયમાં ભારતવર્ષમાં અને ખાસ કરીને કચ્છ-કાઠીયાવાડમાં અનેક જગ્યાએ નિઃશુલ્ક અન્નક્ષેત્રો આજ પણ કાર્યરત છે. તેવી જ રીતે આ 'અન્નપુર્ણા' એ પણ આપણા સમાજનું અખિલ ભારતીય સ્તરનું 'અન્નક્ષેત્ર' જ છે. આ અન્નક્ષેત્રમાં આપ પણ આપશ્રીના સદ્‌ગત સ્વજનોની સ્મૃતિમાં સ્મૃતિદાન તરીકે એકમૂઠ અથવા પ્રતિમાસ એક વંચિત વ્યક્તિ માટે રૂા. ૧૫૦૦/- પ્રતિમાસના ગુણાંકમાં આર્થિક સહયોગ આપી ઘરબેઠા પુણ્યશાળી બની શકો છો. આપશ્રીના નાનકડા આર્થિક સહયોગથી અનેક પિડીત, વંચિત સમાજબંધુઅઓની આંતરડી ઠરશે અને એમના સંતોષના ઓડકાર સ્વરૂપ આશીર્વાદ આપના પરિવારને રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિના શિખર પર પહોંચાડી દેશે.

'અન્નપુર્ણા'ના પ્રતિમાસ સંકલ્પધારી પરિવારોમાં કચ્છ અંજાર નિવાસી હાલ કલ્યાણ (મુંબઇ) વાસી **શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા હાલ અમેરિકામાં** પ્રતિષ્ઠિત કંપનીમાં ઉચ્ચ પદ પર જોબ કરે છે. આ સેવાધારી પરિવારના સુપુત્ર ચિ. દિપેશ જેઠવા સાત સમંદર પાર અમેરીકાથી પ્રતિમાસ રૂા. ૬૦૦૦ અન્નપુર્ણામાં અર્પણ કરી સમાજના જરૂરીયાતમંદ ચાર પરિવારની આંતરડી ઠારવાનું પુણ્યશાળી કામ કરી સમસ્ત જેઠવા પરિવારની પ્રતિષ્ઠા સમાજમાં એક મૂઠી ઊંચી અંકિત કરી છે. આપણા સમાજના યશસ્વી પ્રમુખ **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીજી** પણ પ્રતિમાસ

રૂા. ૫૦૦૦ 'અન્નપુર્ણા'માં અર્પણ કરી અનેક જરૂરીયાતમંદ સમાજબંધુઓની ભૂખી આંતરડીને ઠારવા માટે સહભાગી થાય છે. અંજાર નિવાસી **શ્રી એવં શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી**ની સેવાભાવના દેશ-પ્રદેશના સીમાડા ઓળંગી સર્વત્ર સુવાસ પ્રસરાવે છે. 'પ્રણામી' સંપ્રદાયના ચુસ્ત અનુયાયી, સનાતન ધર્મ પરાયણ આ યુગલ બેલડી તો 'સત્તકર્મ' માટે સદૈવ તત્પર રહે છે. 'સંજીવની સરતાજ' આ સોલંકી દંપતિને 'અન્નપુર્ણા' યોજના વિશે જાણ થતાં જ સ્વયંભૂ રૂા. ૧૨,૦૦૦ અર્પણ કરી પોતાની સેવાયાત્રાને ઔરવધુ સાર્થક સાબિત કરી છે. 'અન્નપુર્ણા' યોજના બિલાસપુર અધિવેશનથી વિધિવત આરંભ થઇ ત્યારે જ આપણા સૌના પ્રાણ પ્યારા **'સમાજ મામા' શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (ખંભરા) – જયપુર** હરહંમેશની જેમ જ પોતાના પરિવાર તરફથી રૂા. ૨૪૦૦૦ 'અન્નપુર્ણા' માટે અર્પણ કરી 'અન્નપુર્ણા'ને શુકનવંતી શરૂઆત અપાવી અને એ ઉલ્લેખનીય છે કે 'સંજીવની સમ્રાટ' શીવલાલભાઇ ચાવડા પરિવારે 'સંજીવની' યોજનામાં રૂા. ૫,૦૦,૦૦૦ અર્પણ કરી એક અનન્ય, અપૂર્વ, અનુકરણીય પહેલ તો કરી જ છે એવા જ એક સંજીવની સરતાજ **શ્રી પ્રભુલાલભાઇ રામજીભાઇ ચાવડા – પુના** પરિવારે પણ સ્વયંભુ રૂા. ૨૪૦૦૦ 'અન્નપુર્ણા' ને અર્પણ કરી માનવતાને મહેકાવી છે. ઉપરોકત સમાજપ્રેમી દાતાશ્રીઓએ પોતાનો સમાજધર્મ નિભાવી 'અન્નપુર્ણા'ના અક્ષયપાત્રને પરિપૂર્ણ કરવા સ્વૈચ્છીક સહયોગ આપેલ છે. અહીં આજ 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપ સૌ સમાજપ્રેમી સમાજબંધુઓને સંવેદનાસભર વિનંતી કે આવો મિત્રો, **આપણે સૌ સાથે મળી એ સુનિશ્ચિત કરીએ કે આજથી આપણા સમાજમાં આપણો સમાજબંધુ ત્રણ ટક ભરપેટ ભોજન માટે કોઇનો ઓશિયાળો નહીં રહે.** આપના ધ્યાનમાં આવા સમાજબંધુઓ આવે તો જરૂરથી ટીમ 'અન્નપુર્ણા'ને ઉપરોક્ત સંપર્કસુત્રનો સંપર્ક કરી આંગણી ચિંધ્યાનું પુણ્ય પણ પ્રાપ્ત કરશોજી. આભાર સહ... જય સમાજ...

**વિનિત : શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર (પ્રભારી : અન્નપુર્ણા યોજના – મહાસભા)**

## ''સાભાર સ્વિકાર'' (અન્નપુર્ણામાં નોંધાયેલ/મળેલ દાન-દાતાશ્રીઓની યાદી)

| | |
|---|---|
| ૨૪૦૦૦ | શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા પરિવાર - જયપુર (રાજ.) |
| ૧૨૦૦૦ | શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી - અંજાર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |
| ૫૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનહરભાઇ ટાંક - અમદાવાદ (પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના પ્રિમીયમ દાતાશ્રી) |
| ૧૫૦૦ | શ્રીમતી કલ્પનાબેન મનોજભાઇ પરમાર - આસનસોલ (સુપુત્ર ચિ. નિહિતકુમારના શુભ વેવિશાળ પ્રસંગે શુભેચ્છા ભેટ) |
| ૫૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - પ્રમુખશ્રી મહાસભા (પ્રતિમાસ રૂા. ૫,૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૧૦૦૦ | માતૃશ્રી પાર્વતીબેન જયંતિલાલ જેઠવા - કલ્યાણ (શુભેચ્છા સહયોગ) |
| ૬૦૦૦ | શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ - અમેરીકા (પ્રતિ માસ રૂા. ૬૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૫૦૦ | સ્વ. માતૃશ્રી નયનાબેન પ્રાગજીભાઇ પઢિઆરની સ્મૃતિ અર્થે હ. શ્રી અજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર - મંત્રીશ્રી મહાસભા (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૫૦૦ | સ્વ. નટવરભાઇ ભનુભાઇ પરમારની પુણ્ય સ્મૃતિ અર્થે (હ. પરેશ એવં ગીરીશ પરમાર - અંજાર) (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |
| ૫૦૦ | માતૃશ્રી શાન્તાબેન સુર્યકાન્તભાઇ વેગડ - અંજાર (હ. શ્રી પ્રવિણભાઇ વેગડ - પ્રભારીશ્રી દેશ-વિદેશ સમન્વય સમિતિ - મહાસભા) (પ્રતિ માસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી) |

(નોંધ : ઉપરોક્ત યાદીમાં નામ, ગામ, રકમ અંગે કંઇપણ વિસંગતતા હોય તો જાણ કરવા વિનંતી)

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## ભિલાઇ ઘટક




શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ભિલાઇ ઘટકની સામાન્ય સભા તા. ૧૯-૧-૨૦૨૫, રવિવારના સવારે ૧૦.૩૦ કલાકે કે.જી.કે. પ્લોટ, આનંદ વિહારમાં આયોજીત થયેલ. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજ્વલન, પ્રભુ પ્રાર્થના અને ગણેશ વંદનાથી થઇ. વરીષ્ઠજનો તથા ભૂમિદાનદાતા આદ. શ્રી રતિલાલભાઇ બાબુભાઇ ચૌહાણ અને ડૉ. વિનોદભાઇ હરિલાલ ચૌહાણનું વિશેષ સન્માન કરવામાં આવેલ.

ઘટક મંત્રીના ઉદ્બોધન, મહિલા મંડળના ઉદ્બોધન બાદ ખજાનચી દ્વારા ગત વર્ષના હિસાબોની રજુઆત થઇ. વરીષ્ઠજનોના ઉદ્બોધન થયા ત્યાર બાદ ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણે ઉદ્બોધન આપ્યું હતું. સમાજ સદસ્યોના ભોજન ગ્રહણ કર્યા પછી મહિલા મંડળ ટીમ દ્વારા હાઉઝી ગેમ્સ અને લક્કી ડ્રો કરવામાં આવેલ. વિભિન્ન પુરસ્કાર વિતરણ કર્યા બાદ મહિલા મંડ અને યુવા મંડળ ટીમ દ્વારા બાળકોને સરસ્વતી સન્માન તથા વિશિષ્ટ પુરસ્કાર આપવામાં આવેલ.

અંતમાં રાષ્ટ્રગાન કરી સભાનું સમાપન થયું હતું. કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી મનિષભાઇ વાઢેર તથા મહિલા મંડળ મંત્રી શ્રીમતી મેઘાબેન પરમાર દ્વારા કરવામાં આવેલ.

## વિશાખાપટ્ટનમ ઘટક



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ વિશાખાપટ્ટનમ ઘટક પ્રમુખ શ્રી નિર્મલભાઇ માધવજીભાઇ પરમારે તા. ૧૩ નવેમ્બર-૨૦૨૫ના રોજ અંગત કારણોસર તેમના પદ પરથી રાજીનામું આપ્યું છે. તેમના રાજીનામા પછી ૨૬ જાન્યુઆરી-૨૦૨૫ના રોજ વિશાખાપટ્ટનમ ઘટકના સભ્યોએ સર્વાનુમતે શ્રી ભુપેન્દ્રકુમાર કાંતિલાલ વરૂને નવા પ્રમુખ તરીકે ચૂંટ્યા છે. અન્ય પદાધિકારીઓ અને સમિતિના સભ્યો યથાવત છે.

પ્રમુખ - શ્રી ભુપેન્દ્રકુમાર કાંતિલાલ વરૂ, ઉપપ્રમુખ - શ્રી સુરેશભાઇ વિશ્રામભાઇ પરમાર - ઉપપ્રમુખ, મંત્રી - શ્રી મહેશભાઇ નાનાલાલ ટાંક, સહમંત્રી - શ્રી અશોકભાઇ નરસીભાઇ પરમાર, ખજાનચી - શ્રી નિરેશભાઇ વિનોદભાઇ પરમાર, સહ ખજાનચી - શ્રી જયદીપભાઇ જેઠાલાલ ચૌહાણ, સલાહકાર અધ્યક્ષ - શ્રી પુરૂષોત્તમભાઇ લાલજીભાઇ પરમાર સાથે ૩ સમિતિ સભ્યોની વરણી કરવામાં આવેલ હતી. વિદાય લેતા પ્રમુખ શ્રી નિર્મલભાઇ પરમારનું સેવા-સમર્પણ બદલ આભાર માનવામાં આવેલ. નવનિર્વાચીત પ્રમુખશ્રી ભુપેન્દ્રકુમાર વરૂએ તેમના નૈતૃત્વમાં સમાજ વિકાસના કાર્યો કરવાની નેમ વ્યક્ત કરી હતી.

## શહડોલ ઘટક



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ શહડોલ ઘટકનું નવા વર્ષમાં વરીષ્ઠ નાગરિકનું સન્માન શ્રી હેમંતભાઇ છોટુલાલ ચાવડાના જલસા બેંક્વીટ હોલમાં કરવામાં આવેલ. જેમાં સભા અધ્યક્ષ સ્થાને શ્રી સત્યેન્દ્રભાઇ વલમજીભાઇ રાઠોડ વિરાજમાન થયા હતા. જેમાં આદ. ગં.સ્વ. ગૌરીબેન છોટુલાલ ચાવડા, ગં.સ્વ. કુસુમબેન કેશવલાલ રાઠોડ, શ્રીમતી અનુરાધાબેન લીલાધરભાઇ ખોડિયાર, ગં.સ્વ. શારદાબેન મોહનલાલ રાઠોડ, ગં.સ્વ. ચંપાબેન રસિકભાઇ ખોડિયારનું સમ્માન શ્રીફળ, સિલ્વર કોઇન તથા મોમેન્ટો આપી કરવામાં આવેલ.

આદ. શ્રી લીલાધરભાઇ રતિલાલ ખોડિયાર (પ્રા. પ્રમુખશ્રી મહાકૌશલ), શ્રી સત્યેન્દ્રભાઇ વલમજીભાઇ રાઠોડ – અનુપપુર, શ્રી રમેશભાઇ રણછોડભાઇ રાઠોડ, શ્રી ચીમનભાઇ રણછોડભાઇ રાઠોડનું પણ શ્રીફળ, સિલ્વર કોઇન તથા મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે સમાજના વડીલ નાગરિક જે સમાજના સોના-ચાંદી જેવા મહત્વપૂર્ણ છે તેને માન પૂર્વક સાંચવી રાખવા જોઇએ. શ્રી ગીરીશભાઇ રાઠોડ તથા શ્રી સુશીલભાઇ ખોડિયારને ઉદ્‌બોધન આપ્યું હતું.

## માધાપર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક દ્વારા ટેનીસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટુર્નામેન્ટની ફાઇનલ મેચ અને ટ્રોફી વિતરણનો કાર્યક્રમ તા. ૨-૨-૨૫ના વસંતપંચીમના દિવસે બપોરે બે કલાકે ઘટક પ્રમુખ શ્રી જયંતીભાઇ વાઘેલાના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ હતો. ફાઇનલ મેચ બેડમિન્ટન વોરિયર્સ અને બજરંગ ઇલેવન વચ્ચે રમાઇ હતી. જેમાં અ.ભા.યુવા મહામંડળના ઉપપ્રમુખ શ્રી મોહિતભાઇ વિનોદભાઇ સોલંકી દ્વારા ટોસ ઉછાળીને શરૂ કરવામાં આવી હતી.

આ પ્રસંગે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, અ.ભા.યુવા મહામંડળના ઉપપ્રમુખ શ્રી મોહિતભાઇ સોલંકી, કચ્છ પ્રા. ઉપપ્રમુખ કમલેશભાઇ પરમાર, માધાપર ઘટકના સલાહકાર શ્રી ચમનભાઇ ચૌહાણ, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, મહિલા મંડળ આગેવાનો શ્રીમતી ભાવનાબેન ટાંક, શ્રીમતી કીર્તિકાબેન પરમાર, યુવા મંડળના પ્રમુખ શ્રી ભરત રાઠોડ, યુવા અગ્રણી શ્રી હિરેન ચૌહાણ, દામજીભાઇ વરૂ તેમજ દાતાશ્રીઓ અને સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ટુર્નામેન્ટમાં માધાપર ઘટકની કુલ ૮ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ૪ ટીમ સેમી ફાઇનલ પહોંચી હતી. જેમાં પ્રથમ સેમી ફાઇનલ મેચ બજરંગ ઇલેવન અને આઝાદ ફાઇટર્સ અને બીજી સેમી ફાઇનલ મેચ બેડમિન્ટન વોરીયર્સ અને ફ્રેન્ડસ માધાપર વચ્ચે રમાયેલ હતી. ફાઇનલ મેચ બેડમિન્ટન વોરીયર્સ અને બજરંગ ઇલેવન વચ્ચે રમાઇ હતી. જેમાં બજરંગ ઇલેવન ટીમે ૧૬૪ રનનો સ્કોર ચેઝ કરી બેડમિન્ટન વોરીયર્સ સામે વિજય મેળવેલ હતો. બજરંગ ઇલેવન ટીમના ખેલાડી વિરલ પરમારે ફાઇનલ મેચમાં ૪૭ બોલમાં ૧૧૭ રન બનાવીને મેન



ઓફ ધ મેચ થયેલ હતા. ત્યાર બાદ બેસ્ટ બેસ્ટ મેન માટે જીગ્નેશ જેઠવા, બેસ્ટ બોલર માટે જીતેન્દ્રભાઇ પરમાર અને મેન ઓફ ધ સીરીઝ માટે વિરલ પરમારને ટ્રોફી આપવામાં આવી હતી. રનર્સ ટીમ અને વિજેતા ટીમના ૧૧ ખેલાડીને મેડલ આપી સન્માનિત કરેલ હતા. રનર્સ અપ ટીમ બેડમિન્ટન વોરીયર્સ અને વિજેતા ટીમ બજરંગ ઇલેવનને મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીના હસ્તે ટ્રોફી આપવામાં આવી હતી.

આ પ્રસંગે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ જણાવ્યું હતું કે, હાર-જીત રમતનો ભાગ છે તેનાથી હતાશ થવાની જરૂર નથી તેવી જ રીતે જીવનમાં પણ કોઇપણ મુશ્કેલી આવે તો હતાશ થયા વગર તેની સામે ઝઝુમવું જોઇએ, ત્યાર બાદ ઘટક પ્રમુખ શ્રી જયંતીભાઇ વાઘેલા, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક પણ પ્રાસંગીક ઉદ્‌બોધન આપેલ હતું. ટુર્નામેન્ટના આયોજનમાં દાતાશ્રીઓ તરફથી સહકાર મળેલ હતો. ટુર્નામેન્ટને સફળ બનાવવા દીપકભાઇ ચૌહાણ, ચેતન ચૌહાણ, કિરણ ચૌહાણ, હિરેન ચૌહાણ, ભરત રાઠોડએ જહેમત ઉઠાવી હતી. આભારવિધી યુવા મંડળ પ્રમુખ શ્રી ભરત રાઠોડે કરી હતી. કાર્યક્રમનું સંચાલન માધાપર ઘટકના સહમંત્રી શ્રી દિનેશભાઇ ચાવડાએ કર્યું હતું.

માધાપર ઘટક દ્વારા તા. ૨૬-૧-૨૦૨૫ના ગણતંત્ર દિવસના સવારે ૯ કલાકે ઘટક પ્રમુખ શ્રી જયંતીભાઇ વાઘેલાના અધ્યક્ષ સ્થાને ધ્વજવંદન રાખવામાં આવેલ. જેમાં મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. જેમાં સમાજના મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકી, મહાસભાના ઉપપ્રમુખ બ્રહ્માકુમાર બાબુભાઇ પરમાર, કચ્છ પ્રાદેશિક પ્રમુખ બાબુભાઇ ચૌહાણ, મહિલા મંડળ, યુવા મંડળ, યુવતી મંડળના હોદ્દેદારો તેમજ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ હતા તેમજ નુતન કેળવણી મંડળ સંચાલીત બાલમંદિરના બાળકો દ્વારા રાષ્ટ્રભક્તિનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્ર પ્રત્યે જાગૃત રહી જીવન જીવવું જોઇએ. જેમાં સમાજના દાતાશ્રીઓ દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. કાર્યક્રમનું સંચાલન દિનેશભાઇ ચાવડાએ કર્યું હતું.



માધાપર જુનાવાસ મધ્યે ઠાકર મંદિર ચોકમાં ગામ લોકોને શિયાળામાં ૩ મહિના સુધી દરરોજ વહેલી સવારે કળુકળીયાતુંનો ઉકાળો પીવડાવીને સેવા આપનાર શ્રી જયંતભાઇ મુળજીભાઇ રાઠોડ, શ્રી રણજીતસિંહ જાડેજા તથા શ્રી વિપુલભાઇ દયારામભાઇ ચાવડાનું સ્નેહમિલનમાં શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર દ્વારા ઘટકના પ્રમુખ શ્રી જયંતીભાઇ વલમજીભાઇ વાઘેલા, કારોબારી સમિતિના સભ્ય શ્રી કિરણભાઇ શાંતિલાલ ચૌહાણ તથા શ્રી હિમાંશુભાઇ નિરંજનભાઇ પરમારના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.


સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત – એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય – છત્તીસગઢ ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ – શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
METRO PHASE - II G.M. (Design)

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ Bangalore

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)
Occupation : Designer - I in NUTANX
U.S. Based Co-oncloud Computing

# અંજાર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ અંજાર ઘટક દ્વારા બાવનમાં વસંતપંચમી સમુહ લગ્નોત્સવનું આયોજન તા. ૨-૨-૨૦૨૫ના રોજે કરવામાં આવેલ હતું. સમુહ લગ્નમાં ૪ નવદંપતિએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. અંજાર ઘટક પ્રમુખ શ્રી વિનોદભાઇ ખોડિયાર અને સમુહ લગ્ન આયોજન સમિતિના પ્રમુખ શ્રી અનિલભાઇ જયંતિલાલ રાઠોડની અધ્યક્ષતામાં તથા વિવિધ સમિતિઓના અધ્યક્ષો અને સભ્યો, અંજાર ઘટક, યુવા




મંડળ તથા મહિલા મંડળના સાથ-સહકારથી આ સમુહ લગ્નોત્સવ યોજાયો હતો.

વસંતપંચમીના સવારે ૭.૦૦ કલાકથી માંગલીક પ્રસંગો શરૂ કરવામાં આવેલ. જેમાં સમુહર્તા-ગણેશ સ્થાપના, મંડપારોપણ, ગ્રહ શાંતિની વિધી બાદ સવારે ૧૦.૩૦ કલાકે હસ્તમેળાપ અને બપોરે ૧૨.૦૦ કલાકે સત્કાર સમારોહ એવં બપોરે ૧૨.૩૦ કલાકે ભોજન સમારંભ યોજાયો હતો. બધાજ પ્રસંગો સમયસર પૂર્ણ થયા હતા. લગ્નવિધીના આચાર્ય અંજારના શ્રી તેજસભાઇ પંડ્યાને પૂર્ણ કરાવી હતી. શ્રી સચ્ચિદાનંદ મંદિરના મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજ તથા રામસખી મંદિરના મહંત શ્રી કિર્તીદાસજી મહારાજે આશીર્વચન પાઠવ્યા અને નવદંપતિઓને શુભેચ્છા પાઠવી હતી. આ અવસરે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકી, મહાસભાના ઉપપ્રમુખ તથા અંજાર ઘટકના મહામંત્રી શ્રી વિનોદભાઇ જેઠવા, મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણ, મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ વેગડ, ઉપપ્રમુખ શ્રી ભોગીલાલભાઇ ચાવડા, મહાસભાના મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆર, અંજાર ઘટકના વરીષ્ઠ મહામંત્રી શ્રી જીવરામભાઇ ટાંક, ઉપપ્રમુખ શ્રી સુરેશભાઇ ટાંક, કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, કચ્છ મહિલા પ્રા.સ.ના પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, કચ્છ યુવા પ્રા. પ્રમુખ શ્રી જયભારતભાઇ જેઠવા, 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા, પુષ્પાબેન જીવરામભાઇ ટાંક, અંજાર વિધાનસભાના ધારાસભ્ય શ્રી ત્રિકમભાઇ છાંગા સાથે અંજાર નગરપાલિકાના પ્રમુખ શ્રી વૈભવભાઇ કોડરાણી સાથે રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સત્કાર સમારોહમાં અંજાર ઘટક પ્રમુખશ્રી વિનોદભાઇ ખોડિયાર તથા સમુહ લગ્ન આયોજન સમિતિના પ્રમુખ શ્રી અનિલભાઇ રાઠોડે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીનું સ્વાગત-સન્માન કર્યું હતું. આ ઉપરાંત ઉપસ્થિત સર્વે સામાજીક હોદ્દેદારશ્રીઓ એવં રાજકીય મહાનુભાવશ્રીઓનું સમુહ લગ્નની વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ દ્વારા સ્વાગત-સન્માન કરવામાં આવેલ હતું. મહાસભાના આદ. પ્રમુખશ્રી દ્વારા અંજાર ઘટકના પ્રમુખ શ્રી વિનોદભાઇ ખોડિયાર અને સમુહ લગ્ન આયોજન સમિતિના અધ્યક્ષ શ્રી અનિલભાઇ જયંતિલાલ રાઠોડનું સાલ ઓઢાળી



સન્માન કરવામાં આવેલ હતું. કન્યાદાનમાં ૧૦૦થી વધુ ભેટ-સોગાદો અર્પણ કરવામાં આવેલ હતી. સમુહ લગ્નમાં જોડનાર વર-કન્યાનું આજીવન શુલ્ક આપનાર દાતા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી તથા શ્રીમતી નીતાબેન વિનોદભાઇ સોલંકી - માધાપર, સર્વે કન્યાઓના પાનેતરના આજીવન દાતા સ્વ. હેમરાજભાઇ દેવરામભાઇ ચૌહાણ - કલ્યાણ, કુમકુમ પત્રિકાના આજીવન સૌજન્ય દાતા બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપરનું મોમેન્ટો તથા શાલ ઓઢાળી સન્માન કરવામાં આવેલ હતું. આ ઉપરાંત સમુહ લગ્નમાં કન્યાદાન એવં શુભેચ્છા બેનર સહયોગ આપનાર સર્વે દાતાશ્રીઓનો શ્રી અનિલભાઇ રાઠોડ - અધ્યક્ષશ્રી સમુહ લગ્નોત્સવ આયોજન સમિતિએ આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

સમુહ લગ્નોત્સવના આયોજન સફળ બનાવવા માટે શ્રી વિનોદભાઇ ખોડિયાર, શ્રી અનિલભાઇ જયંતિલાલ રાઠોડ, શ્રી શાંતિલાલભાઇ ચૌહાણ, શ્રી ચંદ્રકાન્તભાઇ ટાંક, શ્રી વાસુદેવભાઇ વી. જેઠવા, શ્રી ધીરજલાલ રાઠોડ, શ્રી પ્રતિકભાઇ ટાંક, ગં.સ્વ. સવિતાબેન જયંતિલાલ ચૌહાણ, શ્રી ધીરેનભાઇ જેઠવા, શ્રી હર્ષભાઇ સોલંકી, શ્રી ભરતભાઇ રાઠોડ, શ્રી રાજ ગોહિલ, શ્રી જયભારત જેઠવા, શ્રીમતી હંસાબેન ટાંક, શ્રીમતી સંગીતાબેન રાઠોડ, શ્રી લીલાધરભાઇ વેગડ, શ્રી વિજયભાઇ પઢિઆર, શ્રી ગીરીશભાઇ પરમાર, શ્રી મુકેશભાઇ ખોડિયાર, શ્રી સંજયભાઇ એમ. ચાવડા, શ્રી ભાવેશભાઇ આર. પરમાર, શ્રી મયુરભાઇ એમ. ગોહિલ તથા ઘટક, યુવા મંડળ અને મહિલા મંડળના હોદ્દેદારશ્રીઓ એવં કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## આદીપુર ઘટક



ભારતના ૭૬મા પ્રજાસત્તાક દિન નિમિત્તે તા. ૨૬ જાન્યુઆરી-૨૦૨૫ના રોજ સવારે ૯.૩૦ વાગે, આદિપુર ઘટક સમાજ ભવન મધ્યે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. ઉપરોક્ત ધ્વજવંદનના કાર્યક્રમમાં ઘટકના ત્રણેય પાંખના હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જે. સોલંકી સાથે ઘટકના સિનિયર સિટિઝન સભ્યોના હસ્તે ત્રિરંગો ધ્વજ ફરકાવવામાં આવેલ. ધ્વજ ફરકાવ્યા બાદ, ધ્વજને સલામી આપીને રાષ્ટ્રગીત ગાયા બાદ ઘટક પ્રમુખશ્રીએ પોતાના ઉદ્બોધનમાં બધાને ગણતંત્ર દિવસની શુભેચ્છા પાઠવી હતી. દેશ તેમજ સમાજ પ્રત્યેની લાગણી પ્રદર્શીત કરવા બદલ સભ્યોનો આભાર માન્યો હતો. આ સાથે પ્રજાસત્તાક દિન-ગણતંત્ર દિવસ ઉજવવાનું મહત્વ સમજાવવામાં આવેલ.

ત્યાર બાદ પ્રસંગને અનુરૂપ ઘટક મંત્રી શ્રી દિપકભાઇ સી. રાઠોડ, સલાહકાર સભ્ય શ્રી જેભાઇ વી. રાઠોડ, મહિલા મંડળના મંત્રી શ્રીમતી અનુરાધાબેન એસ. ટાંક, સહમંત્રી શ્રીમતી પલ્લવીબેન પરમાર વગેરેએ પોતાનું પ્રવચન આપ્યું હતું.



કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી દિપકભાઇ સી. રાઠોડે કર્યું હતું. ત્યાર બાદ ભારત માતા કી જય... વંદે માતરમ બોલી મીઠું મોઢું કરી સૌ છુટા પડ્યા હતા.

નાગપુરની જૈન ઇન્ટરનેશનલ સ્કુલ ખાતે દેવવાણી સંસ્કૃત શ્લોકા ઓલિમ્પિયાડના વાર્ષિક એવોર્ડ વિતરણ સમારંભમાં ભારત ભર માંથી બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તે અંતર્ગત આદીપુર ઘટકની એક્સેસલ મોડેલ હાઇસ્કુલ ધારેણ-૪માં અભ્યાસ કરતી બાળા હેતવી કિરીટકુમાર જેઠવાએ નાની વયે ''શ્લોકાચાર્ય''નું બિરૂદ મેળવીને આદિપુર ઘટકનું નામ રોશન કરેલ છે. કુ. હેત્વીએ પ્રતિયોગિતામાં શ્લોકાચાર્ય બનવા માટે ૯૦ શ્લોકના વિડીયો બનાવ્યા હતા. ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળ પ્રમુખશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

આદીપુર ઘટકના સગપણ લાયક છોકરા અથવા છોકરીની જાણ આદીપુર ઘટકના દરેક સભ્યોને થાય તે હેતુથી આદિપુર ઘટક 'કેજીકે સમાજ આદીપુર' ગ્રુપમાં સગપણલાયક ઉમેદવારના બાયોડેટા આપવા માટે આદિપુર ઘટક તરફથી પરિચય પત્રક તૈયાર કરવામાં આવેલ છે. જે વાલી તેમના સગપણલાયક છોકરા/છોકરીનો બાયોડેટા આ ગ્રુપમાં આપવા ઇચ્છતા હોય તે ઉપરોક્ત ફોર્મ ભરી આદિપુર ઘટક ઓફીસમાં વ્યવસ્થાપકશ્રી અરવિંદભાઇ પરમારને આપી શકે છે.

## મુન્દ્રા ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુન્દ્રા ઘટક દ્વારા તા. ૨૯-૧૨-૨૦૨૪ના રોજ ઘટક પ્રમુખ શ્રી ગીરીશભાઇ ચૌહાણ અને મંત્રી શ્રી વાસુદેવભાઇ જેઠવાની પ્રેરણાથી શ્રી ગીરીશભાઇ ચૌહાણની વાડીએ કલા તેમજ ખેલ ઉત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં રંગોળી, નિબંધ લેખન, ચિત્રકામ, રંગપૂર્ણી, લીંબુ ચમચી દોડ, કોથળા દોડ, સ્લો સ્કુટી રેસ, ૧૦૦ મીટર દોડ તેમજ એક મિનિટની વિવિધ રમતોનું આયોજન કરવામાં આવેલ. તેમજ વિજેતાઓને પ્રથમ, દ્વિતીય અને તૃતિય ઇનામથી સન્માનીત કરવામાં આવેલ.

આ પ્રોગ્રામ આખા દિવસનો રાખવામાં આવેલ અને સૌ સમાજબંધુઓએ સાથે મળી બપોર અને રાત્રીનું ભોજન સાથે





આરોગેલ. આ પ્રોગ્રામને સફળ બનાવવા યુવા મંડળ પ્રમુખ શ્રી મિતેશભાઇ ટાંક, મંત્રી શ્રી દિપેશભાઇ રાઠોડ અને મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી પ્રગતીબેન જેઠવા, મંત્રી શ્રીમતી રીનાબેન રાઠોડની ઘણા દિવસની મહેનતથી ખુબજ આનંદપૂર્વક સફળ રહેલ. આ પ્રોગ્રામ દરમ્યાન સમાજને કેમ આગળ લઇ જઇ શકાય તેના પર ચર્ચા કરેલ. આ પ્રોગ્રામ માટે બપોરના ભોજનના દાતા શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા હતા તેમજ રાત્રી ભોજનના દાતા શ્રી ગીરીશભાઇ શિવલાલભાઇ ચૌહાણ હતા. સ્પર્ધામાં ભાગ લેનાર બધા સ્પર્ધકોના ઇનામના દાતા મહિલા મંડળ તેમજ યુવા મંડળએ સાથ-સહકાર આપેલ.

## બિલાસપુર ઘટક



૨૬ જાન્યુઆરી ૨૦૨૫ના ૭૬મા ગણતંત્ર દિવસના ઉપલક્ષે બિલાસપુર ઘટક આંગણે ધ્વજવંદન કરી રાષ્ટ્રીય પર્વ ઉજવવામાં આવ્યો. આ અવસરે મુખ્ય અતિથિ રીતે ઘટકના વરીષ્ઠ શ્રી કિશોરભાઇ જયરામભાઇ ચાવડા દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું. ઘટક વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી ભોગીલાલભાઇ ચૌહાણ દ્વારા હાલ પહેરાવી તથા ભવન પ્રભારી શ્રી ભરતભાઇ મારૂ, મહાસભા વિ.આ. સભ્ય શ્રી યોગેનભાઇ રાઠોડ અને યુવા મંડળ પ્રમુખ શ્રી પરિચયભાઇ જેઠવા દ્વારા પુષ્પગુચ્છથી સમ્માન આપી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. સંચાલન કરતા ઘટક મંત્રી શ્રી ભાવેશભાઇ ગોહિલ દ્વારા આજના ગૌરવશાલી દિવસની સંક્ષિપ્ત જાણકારી સાથે સર્વેને શુભેચ્છા આપતા સહુથી પોતાના વિચારો રાખવા આગ્રહ કર્યું હતું.

મુખ્ય અતિથિ દ્વારા સહુને ગણતંત્ર દિવસની શુભેચ્છા આપવામાં આવી તથા ગણતંત્ર દિવસની મહત્તા સાથતે સહુ વીર સેનાનીઓને યાદ કર્યા હતા. મુખ્ય અતિથિ રીતે સમ્માન આપવા બદલ ઘટક પ્રમુખ શ્રી અંબાલાલભાઇ ચૌહાણ તથા સર્વેનું આભાર માન્યું હતું. અંગત કારણોસર અનુપસ્થિત રહેતા ઘટક પ્રમુખ શ્રી અંબાલાલભાઇ ચૌહાણ, છ.ગ.પ્રા. પ્રમુખ શ્રી હેમંતભાઇ ચૌહાણ તથા કોષાધ્યક્ષ શ્રી વિજયભાઇ ચાવડાએ પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ અવસરે ઘટકના વરીષ્ઠ શ્રીમતી પુષ્પાબેન ચૌહાણે શહીદ જવાનો માટે મધુર કંઠે કવિતા ગાઇ હતી. મ.મંડળ મંત્રી શ્રીમતી મીનાબેન ચૌહાણ તથા યુવા મંડળ ઉપપ્રમુખ શ્રી હનિષભાઇ પરમારે શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપલક્ષે શ્રીમતી સાવિત્રીબેન ચૌહાણ, શ્રીમતી અમિતાબેન ચૌહાણ,



શ્રીમતી શર્મિલાબેન ચાવડા, શ્રીમતી દર્શનાબેન પરમાર, શ્રીમતી કવિતાબેન ચૌહાણ, શ્રીમતી મધુબેન ચાવડા, શ્રીમતી ભાવનાબેન રાઠોડ, શ્રી સતિષભાઇ ચૌહાણ, શ્રી મુરારીભાઇ પરમાર, શ્રી દિનેશભાઇ રાઠોડ, શ્રી બલરામભાઇ મારૂ, શ્રી વિનેશભાઇ ચૌહાણ, શ્રી વિનીતભાઇ ચૌહાણ, શ્રી ભુપેશભાઇ ચાવડા, શ્રી દિપકભાઇ ચૌહાણ, શ્રી યોગેશભાઇ ચૌહાણ, શ્રી અમિતભાઇ ચૌહાણ, શ્રી નિશાંતભાઇ સોલંકી, શ્રી તપેશભાઇ ચૌહાણ, શ્રી કલ્પેશભાઇ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના બિલાસપુર ઘટક આંગણે જનહિતાર્થ હેતુ એક્યુપ્રેશર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જોધપુર રાજસ્થાનના એક્યુપ્રેશર વિશેષજ્ઞોની સંસ્થા સાથે સંયુક્ત રીતે આ કેમ્પમાં આપણા સમાજ સાથે અન્ય સમાજના પણ ઘણા દર્દીઓએ લાભ લીધો હતો. ૭-૧૨ ફેબ્રુઆરી સુધી

આયોજીત આ કેમ્પમાં આશરે ૨૩૦ જેટલા મહિલા-પુરૂષો સાથે બાળકોએ પણ એક્યુપ્રેશર ચિકિત્સા વિધિનો પ્રયોગ અને લાભ મેળવ્યો હતો. ઘટક પ્રમુખ શ્રી અંબાલાલભાઇ ચૌહાણ દ્વારા શુભારંભ કરતા સર્વેને આ પદ્ધતિ દ્વારા શિઘ્ર આરોગ્ય લાભ મળે એવી શુભેચ્છા પાઠવી હતી ઘટક કાર્યકારિણી, મહિલા મંડળ તથા યુવા મંડળ દ્વારા સક્રિય રીતે સહયોગ આપવામાં આવ્યું હતું.

## કેંજોરગઢ ઘટક





દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રજાસત્તાક દિવસના અવસરે સમાજવાડીમાં ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ શ્રી રામદુલારભાઇ પંડ્યાના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ હતું. સૌ પ્રથમ ઘટક ઉપપ્રમુખ શ્રી કૌશિકભાઇ પરસોત્તમભાઇ ટાંક તથા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન જાદવજીભાઇ યાદવે પુષ્પગુચ્છ આપી તથા સાલ ઓઢાડી મુખ્ય અતિથિનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ મુખ્ય અતિથિના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌ સદસ્યોએ રાષ્ટ્રગીત ગાયું હતું. ઘટક મંત્રી શ્રી મનોજભાઇ પરસોતમભાઇ ચાવડાએ અતિથિ તથા ઉપસ્થિત સૌ ભાઇઓ તથા બહેનોનું સ્વાગત કર્યું હતું. શ્રીમતી રીતાબેન કિશોરભાઇ રાઠોડ, અંશ રાઠોડ તથા ઉન્નતિ ચાવડાએ ઉદ્‌બોધન આપ્યું હતું તથા દેશભક્તિ ગીત ગાયું હતું.

ઘટક પ્રમુખ શ્રી કૌશિકભાઇ તથા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેનએ પોતપોતાનું ઉદ્‌બોધન આપ્યું હતું. ત્યાર બાદ મુખ્ય અતિથિ શ્રી રામદુલારભાઇએ પોતાના ઉદ્‌બોધનમાં પ્રજાસત્તાક દિન તથા તેનું મહત્વ વિશે કહ્યું હતું. બાળાઓ એ સુંદર દેશભક્તિ ગીત ગાયું હતું. અંતમાં મંત્રી શ્રી મનોજભાઇએ ઉપસ્થિત અતિથિ તથા સર્વે ભાઇઓ તથા બહેનોનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યાર બાદ અલ્પાહારની સાથે આ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

તા. ૧૯-૦૧-૨૦૨૫ના દિવસે ઘટક તરફથી સમાજની પિકનીકનું આયોજન કરવામાં આવેલ હતું. ગામથી થોડા દુર અશોક વાટીકા જેવી સુંદર તથા રમણીય સ્થળમાં આ પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ જેટલા સદસ્યો ઉપસ્થિત રહી આ સ્થળ મધ્યે વિવિધ પ્રકારની ગેમ રમ્યા હતા તથા સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો હતો.

## ગોંદિયા ઘટક

શ્રી ગુર્જર છત્રીય સમાજ ગોંદીયા મહિલા મંડળ તથા યુવા મંડળ દ્વારા પર્યટન નું આયોજન તા. ૯ ફેબ્રુઆરીના કરવામાં આવેલ હતું. જેમાં બાલાઘાટ થી લગભગ ૮ કિલોમીટર દૂર ગાંગુલપારા વોટર ફોલ (ઝરણા)નું સ્થાન નક્કી કરવામાં આવ્યું. આ પર્યટનમાં ગોંદીયા ઘટકના નાના મોટા લગભગ ૬૦ જેટલા સભ્યોએ ભાગ લીધો.બાલાઘાટની પાસે ગાંગુલપારા ડેમ પાસે આવેલ શ્રી લલિતભાઈ રાઠોડજીના ફાર્મ હાઉસમાં આ સુંદર આયોજન કરવામાં આવ્યું.

સ્વ.રણજીતભાઈ હીરજીભાઈ પરમાર તેમના સેવાભાવી પરિવારના વિદર્ભ પ્રાદેશિક પ્રમુખ, બાલાઘાટ ઘટક પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર, શ્રીમતી ગીતાબેન જીતેન્દ્રભાઈ પરમાર તથા તેમના પરિવાર દ્વારા સ્વાદિષ્ટ ચાય તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આ અવસરે પરિવારના વડીલ આદરણીય રંજનબા પણ ઉપસ્થિત હતા.



શ્રી કચ્છ ગુર્જર સાર્વજનિક ન્યાસના નવનિર્વાચિત પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ કરમશીભાઈ ટાંક તેમજ મહિલા મંડળ સદસ્ય બાલાઘાટ ના પૂજાબેન દર્શનભાઈ રાઠોડ તેમનો આખા દિવસ સહયોગ પ્રાપ્ત થયો હતો.

ગોંદીયા ઘટકના પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ રથીન્દ્રભાઈ રાઠોડ, ઉપપ્રમુખ શ્રી દિલીપભાઈ પોપટભાઈ ટાંક, સહમંત્રી શ્રી મિતેશભાઇ કરસનભાઈ પરમાર, મહિલા મંડળ પ્રમુખ રંજનબેન લલીતભાઈ ચાવડા, પૂર્વ પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન જયંતીભાઈ વેગડ, જયાબેન જયંતિલાલભાઈ પરમાર, યુવા મંડળ પ્રમુખ શ્રી ગૌરવભાઈ અમૃતલાલભાઈ વેગડ, શ્રી હિરેનભાઈ રાઠોડ તથા ઘટકના ભાઈ બહેનોએ પ્રાકૃતિક વાતાવરણમાં રહી આ પર્યટનનું લાભ લઇ બપોરના સ્વાદિષ્ટ ભોજન કરી સાંજે ચાર વાગે બાલાઘાટ થી ગોંદીયા પ્રસ્થાન કર્યું.

અંતમાં ઘટકના સહમંત્રી શ્રી મિતેશભાઈ પરમાર દ્વારા શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર તથા તેમના પરિવાર તેમજ લલીતભાઈ રાઠોડ તથા તેમના પરિવાર તેવી જ રીતે શ્રી મહેન્દ્રભાઈ ટાંક અને શ્રીમતી પૂજાબેન રાઠોડ તેમનો ગોંદીયા ઘટક વતી આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

## સમાજ ગૌરવ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ચાઇબાસા ઘટક નિવાસી શ્રી દિલીપભાઇ કેશવજીભાઇ ટાંકના સુપુત્ર ચિ. ક્રિશ દિલીપભાઇ ટાંકનું સિલેકશન પશ્ચિમ સિંગભુમ ક્રિકેટ ટીમમાં અન્ડર ૧૪માં થયું છે અને ધનબાદ જઇ ટુર્નામેન્ટ પણ રમી આવેલ છે આ સિદ્ધી બદલ ચિ. ક્રિશને અભિનંદન અને ઉતરોત્તર પ્રગતિની શુભકામના.





શ્રી ક.ગુ.ક્ષ. સમાજ દુર્ગ (છ.ગ.) નિવાસી શ્રીમતી રૂચિતાબેન રાહુલભાઇ ચૌહાણની સુપુત્રી પલાક્ષીને તા. ૨૪-૧૨-૨૦૨૫ના દુર્ગમાં આયોજીત નાટ્ય નર્તન "ઑલ ઇન્ડીયા નેશનલ ડાન્સ પ્રતિયોગીતામાં કત્થક નૃત્ય જુનિયર કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાષ્ટ્ર સ્તરે દુર્ગ ઘટક તથા પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના...


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા



તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ**

# યુવા મંચ




પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ

**શ્રી ગૌરવ જગદીશભાઇ ટાંક**

250, સી.એ. રોડ, આંબેડકર સ્ક્વેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696





વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ

**શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક**

૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com


**યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંકનો સંપર્ક કરવો.**

## નાગપુર યુવા મંડળ



નાગપુર યુવા મંડળ દ્વારા ઉત્તરાયણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ યુવા મંડળના પ્રમુખ શ્રી નિતેશ સુરેશભાઇ ચૌહાણ ત્યાં તા. ૧૨-૦૧-૨૦૨૫, રવિવારે રાખવામાં આવ્યું હતું. જેમાં બધા મળીને જાત-જાતના પતંગો ઉડાવાનો આનંદ લીધો. ત્યાર બાદ વૈદેહીબેન ચાવડા અને નોમિકાબેન ચૌહાણ દ્વારા વિવિધ પ્રકારની રમતો રમાડવામાં આવી હતી. જેમાં બધાએ ખુબજ ઉત્સાહસાથે ભાગ લીધો હતો. સાથે જ અખિલ ભારતીય યુવા મહામંડળના પ્રમુખ શ્રી ગૌરવ જગદીશભાઇ ટાંકના પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું અને સાથે સાથે એમનું જન્મદિવસ પણ મનાવામાં આવ્યું હતું. છેલ્લે બધા મળીને ગરબાનો પણ આનંદ લીધો હતો. અંતમાં અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી. આ રીતે કાર્યક્રમ સંપન્ન થયું.

## મુન્દ્રા યુવા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુન્દ્રા યુવા મંડળ દ્વારા તા. ૨૯-૧૨-૨૦૨૪ના રોજ પ્રમુખ શ્રી મિતેશભાઇ ટાંક અને મંત્રી શ્રી દિપેશભાઇ રાઠોડના નેતૃત્વ હેઠળ બાળકો તેમજ યુવાઓ માટે ખેલ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં બધાએ સાથે મળીને એક પ્રસંગની જેમ ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં ૧૦૦ મીટરની દોડ, સ્લો સ્કુટી, સ્લો સાયકલ, લીંબુ ચમચી દોડ, કોથળા દોડ જેવી ઘણી રમતોનું આયોજન કરેલ.

જેના વિજેતાઓને પ્રથમ, દ્વિતીય અને તૃતિય ઇનામ

વિતરણ કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમના સફળ બનાવવા યુવા મંડળના બધા સક્રિય કાર્યકર્તા ભાઇઓનો આભાર વ્યક્ત કરેલ. આ કાર્યક્રમ માટે બપોરના ભોજન માટે શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા તેમજ રાત્રી ભોજન માટે શ્રી ગીરીશભાઇ શિવલાલભાઇ ચૌહાણે ખુબજ અગત્યનું યોગદાન આપેલ. આ સિવાય કાર્યક્રમના બધાજ ઇનામોના દાતા યુવા મંડળ તેમજ મહિલા મંડળ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહિલા મંડળનો સંપૂર્ણ સાથ-સહકાર મળેલ હતો.

## પુના યુવા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ પુના ઘટક યુવા મંડળ તરફથી તા. ૧૫-૧૨-૨૦૨૪ના વનભોજનનું આયોજન કરવામાં આવેલ હતું. ઘટકના ૫૦ યુવક-યુવતીઓએ આ વનભોજનના આયોજનમાં ભાગ લીધો હતો. સવારના ૧૧ વાગેથી માતા દુર્ગા ટેકરી પર પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ હતું. દુર્ગા ટેકરી પર ટહેલવાની મજા સાથે માતાના મંદિરમાં દર્શન કરી સૌએ ભોજનનો આસ્વાદ માણ્યો હતો. ત્યાર બાદ હાઉઝી (તંબોલ)ની રમત રમી, ક્રિકેટ, બેડમિન્ટન રમ્યા બાદ રાસગરબા રમી સાંજે ચા-પાણી પીધા બાદ સૌ પાછા ફર્યા હતા.

પ્રોગ્રામને સફળ બનાવવા માટે યુવા મંડળના પ્રમુખ શ્રી પ્રિયેશભાઇ સોલંકી, શ્રી તેજેન્દ્રભાઇ ચાવડા, શ્રી મિલાપભાઇ ટાંક તેમજ શ્રી ઉગમભાઇ ટાંકે જહેમત લઇ કાર્યક્રમને સારી રીતે સફળ અને યાદગાર બનાવ્યો હતો.

## શ્રી બ્રહ્માણી માતાજી નાગોર

નાગોર ગામના ચૌહાણ નુખના કુળદેવી હંસવાહિની બ્રહ્માણી માતાજીના સાનિધ્યમાં વીસમો પાટોત્સવ **સંવત ૨૦૮૧ના વૈશાખ સુદ-૧૦, તા. ૦૭-૦૫-૨૦૨૫, બુધવારના રોજ ઉજવવામાં આવશે તેમજ સવારે ૭.૦૦ થી ૧૧.૦૦ સુધી હવન તથા સમુહ પ્રસાદનું આયોજન કરેલ છે.** આથી સર્વે ગોઠી પરિવારોને ધર્મલાભ લેવાનું ભાવભર્યું આમંત્રણ આપવામાં આવે છે. વિશેષ માહિતી માટે **શ્રીમતી રમાબેન નિરંજનભાઇ ચૌહાણ – નાગોર, મો. ૯૬૮૭૧૯૧૮૯૯** નો સંપર્ક કરવો તેમજ અન્ય માહિતી માટે **સમુહ પ્રસાદના દાતા ગં.સ્વ. અમૃતબેન અમૃતલાલ ચૌહાણ – માધાપર.**

વેબસાઇટ : nagorschauhan.weebly.com

**પ્રસારણ નિહાળવા :**

Youtube ઉપર chauhanparivarnagor

**મંત્રી, શ્રી નવીનભાઇ અમરસીભાઇ ચૌહાણ**

**૯૬૩૮૨૨૨૧૦૦**

## વાઘેલાના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી-રેહા

સર્વે ગોઠવી ભાઈઓને સહર્ષ જણાવવાનું કે કુળદેવીની અસીમ કૃપાથી દર વર્ષ મુજબ આ વર્ષે ચૈત્ર નવરાત્રીના ઘટઃ સ્થાપન ચૈત્ર સુદ ૧, તા. ૩૦/૦૩/૨૦૨૫, રવિવારના તથા તા. ૦૫/૦૪/૨૦૨૫, શનિવારના આઠમ હવન તા. ૦૬/૦૪/૨૦૨૫ રવિવાર ના નોમ સમૂહ નિવેદ યોજવામા આવેલ છે. આ વર્ષે કાર્યક્રમના **મુખ્ય યજમાન શ્રી ભાવેશભાઈ જયંતીલાલ ભાઈ વાઘેલા – રાયપુર પરિવાર રહેશે.** તો સર્વે ગોઠવી ભાઈઓને સહ પરિવાર પધારવા માતાજીએ દર્શન સાથે સમૂહ પ્રસાદ, હવનનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

**માતાજીના ફંડફાળા માટેનું બેન્ક એકાઉન્ટ**

Name. Baroda Gujarat gramin Bank
IFSC code. BARBOBGGBXX
ACNO.763210001753

# શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ અંજાર ઘટક આયોજીત ૫૨ મા સમુહ લગ્નોત્સવની તસવીરો



# હાર્દિક શુભેચ્છા...



કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના આશીર્વાદથી
મુળ ગામ : રેહા, હાલે પુના નિવાસી
ગિરીશભાઇ રામજીભાઇ ચૌહાણ તથા
શ્રીમતી ભક્તિબેન ગિરીશભાઇ ચૌહાણના સુપુત્ર

**ચિ. જતિન** સંગે **ચિ. નિકિતા**

ના શુભ લગ્ન મુળ ગામ : કુંભારીયા,
હાલે રાજનાંદગાંવ નિવાસી નવિનભાઇ પ્રભુલાલભાઇ
ચૌહાણ તથા શ્રીમતી મીતાબેન નવિનભાઇ
ચૌહાણની સુપુત્રી સાથે તા. ૪/૧૨/૨૦૨૪ના રોજ
દુર્ગ (છત્તીસગઢ) મધ્યે સંપન્ન થયેલ છે.

**નવદંપતિને અભિનંદ સહ શુભકામનાઓ...**





:: શુભેચ્છક ::

શ્રીમતી ભક્તિબેન ગીરીશભાઇ ચૌહાણ
કુ. અવની ગીરીશભાઇ ચૌહાણ

ભાવિનીબેન મોહિત રાઠોડ
મોહિત શૈલેષભાઇ રાઠોડ

# હાર્દિક અભિનંદન



## ડૉ. ધૈર્ય પ્રદીપભાઈ ટાંક

**D.O.B. : 28/10/1995**

માતાજીની અસીમ કૃપાથી તથા વડીલોના આશીર્વાદથી અંજાર નિવાસી શ્રી પ્રદીપભાઈ કર્મસિંહ ટાંક તથા શ્રીમતી રેખાબેન પ્રદીપભાઈ ટાંકના પુત્ર ડૉ. ધૈર્ય પ્રદીપભાઈ ટાંક એ Master of Veterinary Science (Vet. Surgery and Radiology) ની ડીગ્રી મેળવી ને North American Veterinary Licensing Examination પાસ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

શૈક્ષણિક કારકિર્દીની આ સફળતા સમાજ તથા કુટુંબનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... ભવિષ્યમાં પણ આવી રીતે ઉતરોત્તર પ્રગતિ કરતાં રહો તેવી અંતરની શુભકામના સહ આશીર્વાદ...

**:: શુભેચ્છક પરિવારજનો ::**

સ્વ. કાન્તાબેન કર્મસિંહ ટાંક (સિનુગ્રા) - દાદી-દાદા

| | | | |
|---|---|---|---|
| રેખાબેન પ્રદીપભાઈ ટાંક | - માતા-પિતા | સ્વ. ચંદ્રાબેન હરજીવનભાઈ સોલંકી (ભુજ) | - નાની-નાના |
| હીનાબેન નિકેતભાઈ ટાંક | - ભાભી-ભાઈ | ગીતાબેન કમલેશભાઈ સોલંકી (ભુજ) | - મામી-મામા |
| કંચનબેન પ્રફુલ્લભાઈ ટાંક (અમદાવાદ) | - મોટા મમ્મી-મોટા પપ્પા | મીનાબેન જયેશભાઈ ચૌહાણ (ભુજ) | - માસી-માસા |
| ભારતીબેન ગજેન્દ્રભાઈ ટાંક | - મોટા મમ્મી-મોટા પપ્પા | અલ્કાબેન હરજીવનભાઈ સોલંકી (ભુજ) | - માસી |
| લક્ષ્મીબેન સુરેશભાઈ ટાંક | - મોટા મમ્મી-મોટા પપ્પા | અરૂણાબેન ગોરધનભાઈ ચૌહાણ | - ફઈ-ફુવા |
| તારાબેન મુળજીભાઈ રાઠોડ | - ફઈ-ફુવા | નિર્મળાબેન પ્રભુલાલભાઈ ચાવડા | - ફઈ-ફુવા |

HEALTHY TAILS VETERINARY HOSPITAL - GANDHIDHAM

STHAPATYA ARCHITECTS & STRUCTURAL ENGINEERS - GANDHIDHAM

NIRAV REFRIGERATION - ANJAR

KARMA CHEMICAL INDUSTRIES - AHMEDABAD

Contact No. 9909122129, 8905375558





# Deven Solanki

| | |
|---|---|
| **Name** | : Deven Jayeshbhai Solanki |
| **Date of Birth** | : 26/09/1999 |
| **Time of Birth** | : 10.50am |
| **Birth Palace** | : Bhuj |
| **Height** | : 6" |
| **Kuldevi** | : Shree Momai Mataji-Madhapar |
| **Gotra** | : Vatsa |
| **Education** | : Diploma In Mechanical Engineering |
| **Hobbies** | : Traveling, Exploring New Things |
| **Profession** | : Business(Owns a Factory of China Clay & Fabrication Workshop) |

## FAMILY DETAILS

| | |
|---|---|
| **Father's Name** | : Jayeshbhai Dharamshi Solanki |
| **Father's Business** | : Kajal Kaolin ( China Clay Industries-Dagada) |
| | : Jayesh Eng. Industries (Madhapar) |
| **Mother's Name** | : Darshanaben Jayeshbhai Solanki (Homemaker) |
| **Sibling** | : Kajal Chetankumar Chauhan Married- udaipur ( Presently in Ahmedabad) |
| **Grand Father** | : Late Dharamshi Dhanji Solanki |
| **Grand Mother** | : Late Ranjanben Dharamshi Solanki |
| **Mosad(Gandhidham)** | : Late Ravjibhai M. Chauhan |
| | : Kamlaben R. Chauhan |
| | : Jayeshbhai R. Chauhan (+91 98250 09975) |
| **Contact Detail** | : Jayeshbhai D. Solanki (+91 9825422950) |
| | : Darshanaben J. Solanki (+91 9712473688) |

### *Permanent Address*

**Jayeshbhai Dharamshi Solanki**
16, Shivam, Shaktinagar Street No.5,
Nr. Gayatri Mandir, Junavas, Madhapar,
Bhuj-Kutch.370020

# લગ્નજીવનની સુવર્ણ જયંતિની હાર્દિક શુભેચ્છા... (૦૨/૦૩/૨૦૨૫)







પચાસ વર્ષ, હજારો સંભારણા અને જીવનભરનો પ્રેમ ! આજે, અમે અમારા વહાલા માતા-પિતાની લગ્નજીવનની ૫૦મી વર્ષગાંઠ ઉજવીયે છીએ, જેઓ દરેક આનંદ અને પડકારમાં એકબીજાની પડખે ઊભા રહ્યા છે.

સાચા લગ્નજીવનની છબી બતાવવા બદલ ખૂબ ખૂબ આભાર ! તમારો પરસ્પર પ્રેમ, આદર, સહયોગ અને અતૂટ વિશ્વાસની સુવર્ણ જયંતિ નિમિત્તે માતાજી આપને નિરોગી અને ચિર આયુ અર્પે તેવી પ્રાર્થના.

**પ્રતાપભાઈ પ્રાગજીભાઈ સોલંકી તથા શારદાબેન પ્રતાપભાઈ સોલંકીને લગ્ન જીવનની ૫૦મી વર્ષગાંઠની શુભેચ્છા...**

## સમસ્ત સોલંકી પરિવાર તરફથી લગ્નજીવનની ૫૦મી વર્ષગાંઠની શુભેચ્છા



# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ





## સ્વ. કાંતિલાલ શ્યામજી ટાંક

પરમધામ વાસ : સંવત ૨૦૮૧ શુક્લ પક્ષ, ને શનિવાર, તા. ૧૧-૦૧-૨૦૨૫
દેશમાં ગામ : સિનોગ્રા, હાલ મુકામ : જયપુર

પરિવારના સ્તંભ એકાએક બધાને સ્તબ્ધ કરી ગયા. તમારી ચીર વિદાયને સહન કરવાની શક્તિ અમને આપે તેવી શ્રીજીને અર્ચના. તેમના સ્નેહ, હસમુખ ચહેરા અને ઉચિત દિશામાં લાવતી જીવનની શિક્ષાઓ અમને ક્યારેય ભૂલાશે નહીં.
આપના ઉચ્ચ વિચારો અને કુટુંબ પ્રત્યેના પ્રેમથી અમને સૌને શીખવા માટે ઘણું મળ્યું. શ્રી રાજ શ્યામાજી, તેમની ઉચ્ચ આત્માને શરણ અપર્ણ કરે તેવી અરજ.

**શોકમગ્ન પરિવારજનો**

પ્રવિણા ટાંક - પત્ની

મનોજ કાંતિલાલ ટાંક - પુત્ર　　મેઘના ટાંક - વહુ
કીર્તિ કાંતિલાલ ટાંક - પુત્ર　　સલોની ટાંક - વહુ
મિત ત્રિવેદી - પૌત્રી જમાઇ　　ઉત્સવી ત્રિવેદી - પૌત્રી
યશસ્વી ટાંક - પૌત્રી, ઈશાંશ મનોજ ટાંક - પૌત્ર, હીર ટાંક - પૌત્રી

09099005517, 09979865699

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી અમરસિંહ પચાણભાઈ જેઠવા

૭ જૂન ૧૯૩૬ - ૯ ફેબ્રુઆરી ૨૦૨૫
દેશમાં ગામ : નાગલપર, હાલ : હિંમતનગર

**પરિવારની છત્રછાયા સમાન મોભી અને પરિવારને સુ-સંસ્કાર સિંચન કરનાર એવા પિતાશ્રીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ**

આપનું સાદગીભર્યું અને પરોપકારી જીવન અમારા માટે સદૈવ પ્રેરણાદાયી બની રહેશે. તમોએ આપેલ અમૂલ્ય સંસ્કારોના વારસાને અમો દિપાવીશું. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે અને મોક્ષ આપે એવી પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

### :: શોકમગ્ન પરિવારજનો ::

સ્વ. રાધાબેન અમરસિંહ જેઠવા (પત્ની)
તુલસી રાજેશ જેઠવા (પુત્રવધુ-પુત્ર)
ભાવના ચંદ્રેશ જેઠવા (પુત્રવધુ-પુત્ર)
દક્ષા અરવિંદ ચાવડા (પુત્રી-જમાઈ)
હર્ષિતા મેહુલ ટાંક (પુત્રી-જમાઈ)
રૂતિકા પ્રમિત જેઠવા (પૌત્રવધુ-પૌત્ર)
શ્વેતા ઋત્વિજ જેઠવા (પૌત્રવધુ-પૌત્ર)
ધ્રુવી શુભમ્ જેઠવા (પૌત્રવધુ-પૌત્ર)
બંકીની હિમાંશુ સ્વામી (પૌત્રી-જમાઈ)

**સમસ્ત જેઠવા પરિવાર**

## Surbhi Uniforms

Mundra's first professional uniform manufacturer catering to all types of industrial, corporate, school and hospitality uniforms with precision and quality.

**HARI GADHVI**
+91-88499 50576
Email : info@surbhiuniforms.com
Web : www.surbhiuniforms.com

Surbhi uniforms





## Surbhi Hotel

A legacy of serving with the highest regard for quality and comfort since 2007. Offering luxury with convenience, Hotel Surbhi is Mundra's premier choice for business and leisure stays.

Hotel Surbhi™ The Relief Home

**HOTEL SURBHI**
+91-99796 70996
Email : info@hotelsurbhi.com
Web : www.hotelsurbhi.com

## Saarvin Custom Clearance

Licensed custom's broker at Mundra port facilitating smooth and hassle free import and export cargo operations.

**NIGAM CHAVDA**
+91-99208 43135
Email : saarvincc@gmail.com

SAARVIN CUSTOM CLEARANCE





Gayatri estate

## Gayatri Estate

Your Real Estate Dreams, Under One Roof. With a legacy since 1998, Gayatri Estate is Mundra's premier real estate developer and realtor. From residential projects to commercial spaces, we deliver trust, transparency, and timeless value.

**NISHANT CHAVDA**
+91-81419 06635

# SURBHI GROUP OF COMPANIES

## B.D. CHAVDA & FAMILY - MUNDRA KUTCH


LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

**શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ**

**નારી દર્પણ**



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

# અખિલ ભારતીય મહિલા મહામંડળની વિવિધ સમિતિઓ દ્વારા આયોજીત સ્પર્ધાઓના પરિણામો

અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગત આધ્યાત્મિક સમિતિ આયોજીત વિચારોની અભિવ્યક્તિ વિષય : અનિતીથી મળેલ સફળતા કરતા નીતિથી મળેલ નિષ્ફળતા વધુ સારીનું પરિણામ.

:: આયોજક અને પ્રાયોજક ::



શ્રીમતિ વંદનાબેન ટાંક (બાલાઘાટ) - અધ્યક્ષશ્રી



શ્રીમતિ જયોતિબેન પરમાર (નિઝામબાદ) - મંત્રીશ્રી



શ્રીમતિ નિર્મળાબેન ચાવડા (અંજાર) - મંત્રીશ્રી



શ્રીમતિ સવિતાબેન ચૌહાણ (અંજાર) - મંત્રીશ્રી



શ્રીમતિ અરૂણાબેન ચૌહાણ (રાયગઢ) - મંત્રીશ્રી

:: અખિલ ભારતીય મહામંડળ અંતર્ગતની આધ્યાત્મિક સમિતિ ::

(૧) ઉષાબેન એન. ચૌહાણ - કુકમા (૨) ભાવનાબેન જી. ચૌહાણ - માધાપર (૩) હિતેશભાઇ ડી. ચૌહાણ - વડોદરા (૪) અવિષાબેન એન. પરમાર - ભુજ (૫) રમીલાબેન આર. વેગડ - પુના, પ્રોત્સાહન પુરસ્કાર : અંજલીબેન ટાંક - કોરબા, રાજેન્દ્રભાઇ ચાવડા - બિલાસપુર, હર્ષિતાબેન ચૌહાણ - અમદાવાદ, સોનલબેન ચાવડા - ગુલબર્ગા, અનિતાબેન વાઢેર - રાયપુર, સર્વે વિજેતાઓ અને પ્રતિભાગીઓને શુભકામના. આયોજક એવં પ્રાયોજક ટીમ આધ્યાત્મિક સમિતિ અખિલ ભારતીય મહિલા મહામંડળ.



શ્રીમતિ જયોતીબેન એ. રાઠોડ
અધ્યક્ષશ્રી



શ્રીમતિ કનકબેન જે. ટાંક
મંત્રીશ્રી



શ્રીમતિ કલ્પનાબેન આર. પરમાર
મંત્રીશ્રી



શ્રીમતિ તૃપ્તિબેન એન. રાઠોડ
મંત્રીશ્રી



શ્રીમતિ મોનાબેન એન. પરમાર
મંત્રીશ્રી

અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગત આવતી શિક્ષણ સમિતિ બાલતરંગ ગ્રુપ તરફથી બાળકો માટે ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજવામાં આવેલ હતી. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ગ્રુપ-૧ (૩ થી ૫ વર્ષ) : (૧) કાશવી ટાંક - રાયપુર (૨) જૈનિલ ચિરાગ પરમાર - મીઠાપુર (૨) આર્ચી આલોક રાઠોડ - મુંબઇ, (૩) રેહાંશ રાઠોડ - રાયપુર, આશ્વાસન ઇનામ : કિઆન રાઠોડ - પુણે, શિવ્યા જતીન ચૌહાણ - ભુજ, ગ્રુપ-૨ (૬ થી ૧૦ વર્ષ) : (૧) ભવ્યા ખોડયાર - મનેન્દ્રગઢ (૨) હિતાર્થ વેગડ - ડોંગરગઢ (૩) નીલ પરમાર - ગાંધીધામ, ગ્રુપ-૩ (૧૧ થી ૧૫ વર્ષ) : (૧) સમૃદ્ધિ ટાંક - નિઝામાબાદ (૨) નીધી પરમાર - કુકમા (૩) મોહિત દિનેશ ચાવડા - ગાંધીધામ, આશ્વાસન : ઝલક ચૌહાણ - બાલાઘાટ. સર્વે વિજેતાઓને શિક્ષણ સમિતિ તરફથી હાર્દિક શુભકામના.

અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગત રસોઇની રંગત સમિતિ દ્વારા આયોજીત શિયાળુ સ્પેશ્યલ વસાણા કોમ્પીટીશનનું પરિણામ. જેના પ્રાયોજક શ્રીમતી નીતાબેન વિનોદભાઇ સોલંકી - માધાપર (ઉપપ્રમુખશ્રી અ.ભા.મહિલા મહામંડળ) રહ્યા હતા.




જેમાં (૧) ઉર્મિલાબેન પરમાર – નિઝામાબાદ – સાલેમપાક (૨) અલ્પાબેન વાઢેર – સિંગાપોર – આયુર્વેદિક રાગી ચ્યવનપ્રાસ (૩) અનિતાબેન વાઢેર – રાયપુર – રાગી મેથી ગુંદરપાક (૪) જ્યોતિબેન ચાવડા – મુંબઇ – ચોકો કરચીયુ ડીલાઇટ. આશ્વાસન : રૂચી રાઠોડ – ગાંધીધામ – હલ્દી બાઇટ્સ, ગાયત્રીબેન ચૌહાણ – ગાંધીનગર – વસાણા મસાલા ચીઝ કેક, સંગીતાબેન રાઠોડ – મુલુંડ – વિન્ટાર બ્લોસમ, વર્ષાબેન પરમાર – નાસિક – હેલ્ધી ડ્રાય ફ્રુટ રોલ.

# અખિલ ભારતીય મહિલા મહા મંડળ અંતર્ગત વિદેશ સમિતિનો અહેવાલ

રવિવારને તા.૫/૦૧/૨૫ ના રોજ અમારા મહિલા મંડળના બીજા વર્ષની ત્રીજી મિટિંગ ફેમીલી ફન ગેમ ઇવેન્ટ માટે યોજવામાં આવેલ હતી.

મિટિંગ તથા ઈવેન્ટનું સંચાલન મંડળના પ્રમુખ શ્રીમતી કિરણબેન ચૌહાણે કર્યું હતું. ઓનલાઇન ઝુમ મિટિંગ સાંજના ૬:૩૦-૭:૩૦ વાગ્યે યોજવામાં આવી હતી.

હાલના ઉર્જાવાન વિદેશ સમિતિના અધ્યક્ષ શ્રીમતી લીનાબેન રાઠોડ તથા અન્ય બહેનો સારી સંખ્યામાં જોડાયા હતા. શરુઆતમાં બધા મેમ્બરોએ મળીને મંડળની થોડી ચર્ચા કરી. ભારત બહારનું સૌ પ્રથમ મહિલા મંડળ ૨૦૨૩માં ત્યારના મહામહિલામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન તથા વિદેશ મંત્રી શ્રીમતી લીનાબેનના સહકારથી રચવામાં આવેલ અને હાલના પ્રમુખ શ્રીમતી ગીતાબેનના માર્ગદર્શન હેઠળ, તેના બે વર્ષ , મે ૨૦૨૫માં પ્રમુખ શ્રીમતી કિરણબેનના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થવાને આરે હોવાથી આવતા સત્રની કારભારની સોંપણીની ચર્ચા થઈ. લીનાબેને સારાં સૂચનો આપ્યાં જેને સૌ સભ્યોએ વધાવી લીધા. પ્રમુખે પણ પોતાના સુઝાવો રજૂ કર્યા ને ત્યારબાદ એક ઇન્ટરેસ્ટીંગ ગેમ રમાડી વિજેતા જાહેર કર્યા. આગામી મિટિંગ એપ્રિલ મહિનામાં ગોઠવવી એમ નક્કી કરેલ છે. જોડાયેલ દરેક સભ્ય રાજી થઈ છુટા પડ્યા હતા.

## કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કચ્છ પ્રાદેશિક મહિલા મંડળના અધ્યક્ષા શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ તેમની ટીમ સાથે કચ્છના ઘટકોની તારીખ ૨૫ જાન્યુઆરી શુક્રવારના રોજ કચ્છના અંતરીયાળ વિસ્તાર મુલાકાત લીધેલ.

સૌ પ્રથમ દેવળીયા મહિલા મંડળની મુલાકાત લીધેલ. ખુબજ શાંત અને રમણીય એવું દેવોનું ગામ દેવળીયામાં માતાજીના મંદીરના પ્રાંગણમાં માતાજીના સાંનિધ્યમાં શુભાશીષ સાથે દેવળીયા મહિલા મંડળના ઉત્સાહી પ્રમુખ શ્રીમતી પ્રીતીબેન ચાવડા તથા મંત્રી શ્રીમતી આશાબેન તથા તેમની સમગ્ર ટીમ સાથે સર્વપ્રથમ હોદ્દેદારોનું આવકાર આપી મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવેલ. દીપ પ્રાગટ્ય કરી શ્લોકો અને મંત્રો દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ.

નાનકડું ગામ વસ્તી બહુ જ ઓછી પરંતુ ઉત્સાહ ખુબજ વધુ સાથે મનની વાતો સાથે વાર્તાલાપ કરેલ. આજના સમયમાં ગામડાની દીકરીઓ વહુ તરીકે લઇ જાય છે પરંતુ ગામડામાં આવવા કોઇ તૈયાર નથી. ત્યાં જે વહુઓ હતી તે ખુબજ સારી એજ્યુકેટેડ અને સારા કાર્ય કરી રહી હતી. બાળકોને શિક્ષણ આપી રહી છે એક પુત્રવધુ દ્વારા પ્રતિભાવ દર્શાવવામાં આવેલ. આ રીતે સામાજીક પ્રશ્નો દ્વારા વિચારોની આપ-લે કરવામાં આવેલ. બહેનોને પ્રશ્નોતરી દ્વારા જીવનમાં આધ્યાત્મિક્તાની ખુબજ જરૂર છે તે ઉદ્દેશથી રમતગમત પ્રશ્નોતરી રમાડેલ. કચ્છ પ્રા.મ.મંડળ દ્વારા ઇનામો તથા મહિલા મંડળને રૂા. ૨૧૦૦નું ડોનેશન અને મહિલા મંડળના પ્રમુખ-મંત્રીનું સન્માન કરવામાં આવેલ. પ્રવાસ દરમ્યાન મેરેજ બ્યુરો અધ્યક્ષા શ્રીમતી અમિતાબેન સોલંકી, નારીરત્ન શ્રીમતી કંચનબેન જેઠવા, ઉપપ્રમુખ શ્રીમતી નીતાબેન સોલંકી, વરીષ્ઠ ઉપપ્રમુખ પુષ્પાબેન ટાંક, ઉપપ્રમુખ મીનાબેન વેગડ, સ્વાસ્થ્ય સમિતિ અધ્યક્ષા નયનાબેન ચૌહાણ, ક.પ્રા.મ.મંડળ ઉપપ્રમુખ શારદાબેન રાઠોડ, સંગીતાબેન રાઠોડ, સવિતાબેન ચૌહાણ,





તારાબેન ટાંક, અનસુયાબેન પરમાર, નિર્મળાબેન ચાવડા, કોકીલાબેન વરૂ, પ્રતિમાબેન પરમાર, ચંદ્રીકાબેન ટાંક, કીર્તીકાબેન પરમાર તથા મહામંત્રી શ્રીમતી ઉષાબેન ચૌહાણ સર્વે મહિલા દ્ધારા પોતાનો અમુલ્ય સમય કાઢી એક ઉદ્દેશ સાથે સર્વે મહિલા જોડાયેલ અને પ્રેમ અને ઉત્સાહની લાગણી અનુભવેલ હતી. દેવળીયા મહિલા મંડળે સુંદર ભોજનની વ્યવસ્થા કરેલ તે બદલ આભાર માનવામાં આવેલ.

ત્યાર બાદ લોહારીયા ઘટક જવા રવાના થયા હતા. લોહારીયા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી શર્મિલાબેન તથા મંત્રી ભાવનાબેન દ્વારા પુષ્પહારથી સર્વે હોદ્દેદારોનું સ્વાગત કરી મંચ પર બેસાડેલ. બાલીકાઓ દ્વારા સુંદર પ્રાર્થના તથા સ્વાગત નૃત્ય રજુ કરવામાં આવેલ. સર્વે બહેનોને પરસ્પર પરિચયની આપ-લે કરવામાં આવેલ. દેવળીયા તથા લોહારીયા ગામની દીકરી કુકમા કન્યા છાત્રાલયમાં સારી એવી સંખ્યામાં ભણી ગયેલ છે. છાત્રાલયમાં ભણવાથી દીકરીઓમાં સામાજીકતા વધુમાં વધુ કેળવાય છે. જે દીકરીઓને સંસારમાં ખુબજ ઉપયોગી થાય છે. અનસુયાબેન દ્વારા છાત્રાલયમાં મળતી વિશેષ સુવિધા અને છાત્રાલયના પ્રમુખ શ્રી વિનોદભાઇ સોલંકી દ્વારા કન્યાઓની ફી તેમના દ્વારા ભરપાઇ કરવામાં આવે છે. છાત્રાલયમાં ભણેલ દીકરીઓ દ્વારા પ્રતિભાવો સુંદર રીતે રજુ કરવામાં આવેલ.

અમિતાબેન સોલંકી, પુષ્પાબેન ટાંક, નારીરત્ન કંચનબેન જેઠવા, રીટાબેન ચૌહાણ, નયનાબેન ચૌહાણે ઉદ્‌બોધન કરેલ અને બહેનોને માર્ગદર્શન આપેલ. ત્યાર બાદ બહેનોને મનોરંજન માટે ગેમ રમાડેલ.

પ્રશ્નોતરી દ્વારા જ્ઞાન સાથે ગમ્મત, પાસીંગ બોલ જેવી રમતો રમાડી વિજેતાઓને ઇનામ આપેલ. કચ્છ પ્રા.મ.મંડળ તરફથી દેવળીયાના પ્રમુખ પ્રીતબીને તેમજ આશાબેનનું સાલ ઓઢાળી, મીઠું મોઢં કરાવી સન્મન કરેલ. ઉદ્‌બોધનમાં અમિતાબેન સોલંકીએ જણાવેલ કે, સગપણ અને લગ્નમાં ઘણી બધી એવી સમસ્યાઓ આવે છે જેનો આપણે બધા સાથે મળીને ઉકેલ શોધીશું. છુટાછેડાનું પ્રમાણ વધતું જાય છે. તેના બારામાં આ ટીમ સદાય ચિંતીત રહે છે. આપણે તેનો ઉકેલ શોધી અને પ્રત્યનો કરીશું, સગપણ સંમેલન યોજીશું. પુષ્પાબેને જણાવેલ નારી શું નથી કરી શકતી, ધારે તે કરી શકે. બહેનોમાં અથાગ શક્તિઓ રહે છે તેને આપણે બહાર લાવવાની છે. આ રીતે કચ્છ મહિલા પ્રાદેશિક સમિતિ દ્વારા ઘટકોના દ્વારે જઇ પોતાની બહેનોને મળી સંવાદના માધ્યમથી એકાત્મતા સાધવાનો અને સમસ્યાઓનું સમાધાન કરવાનો પ્રથમ પ્રયાસ સફળ રહ્યો હતો.

## પુના મહિલા મંડળ

તા.૧૮ જાન્યુઆરી ૨૫ના પૂણે મહિલા મંડળ દ્વારા માસિક સભા અને મકર સંક્રંતિના હલદી કુમકુમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સારી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી. આ વર્ષે મહિલા મંડળની ૨૨ બહેનો તરફથી વાણ/ભેટ માટે કોન્ટ્રીબ્યુશન કરી એકજ સારી મોટી વસ્તુ બધા બહેનોને વાણ તરીકે આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રયોજક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રમીલાબેન વેગડ,





જયનાબેન ચૌહાણ તથા રીમાબેન ચૌહાણ હતા.

કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદના તથા હનુમાન ચાલીસાથી કરી હતી. ઉપસ્થિત સર્વે બહેનોને હલ્દી કુમકુમ લગાડી, સંક્રાંતિની શુભેચ્છાઓ આપી,તીલગુડ અને વાણ આપવામાં આવ્યા હતા. અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગતની આધ્યાત્મિક સમિતિ દ્વારા આયોજિત વિચારોની અભિવ્યક્તિ વિષય ''અનિતી થી મળેલી સફળતા કરતાં નીતિથી મળેલી નિષ્ફળતા વધુ સારી'' આ નિબંધ સ્પર્ધામાં પુણે મહિલા મંડળના પ્રમુખ રમીલાબેન રમેશભાઈ વેગડ એ પાંચમો ક્રમાંક મેળવ્યો હતો માટે તેમનો સત્કાર મહિલા મંડળ દ્વારા, કરવામાં આવ્યો. તેમજ સેતુ સમાજ સંદેશ પત્રિકામાં દર મહિને છપાઈને આવતી કવિતાના કવિયત્રી અને પુણે મહિલા મંડળના વડીલ સભ્ય શ્રીમતી અરુણાબેન યાદવનો પણ એમના કવિતા લેખન માટે, સત્કાર કરવામાં આવ્યો હતો.

ઉપસ્થિત સર્વે બાળકોને પ્રમુખ રમીલાબેનએ એમના તરફથી ભેટ વસ્તુ આપી (પિગ્ગી બેંક અને પેન) જનરલ નોલેજ પર પ્રશ્નોત્તર થીમ પર જ્ઞાનવર્ધન માટે પ્રમુખ રમીલાબેન એ ખુબ સરસ ગેમ રમાડી અને વિજેતાઓને ભેટ આપી

પ્રથમ : સૌ. વર્ષાબેન સોલંકી, દ્વિતીય : સૌ.શીતલબેન મકવાણા, તૃતીય : સૌ. દીપ્તિબેન મકવાણા, ઉત્તેજનાર્થ : સૌ. કાજલબેન ટાંક, ગુંજનબેન ચૌહાણ, ક્રિષ્નાબેન ટાંક રહ્યા હતા. ત્યારબાદ પુણે મહિલા મંડળના મંત્રી શ્રીમતી શીતલબેન મકવાણા એ ઉપસ્થિત સર્વ બહેનોના સદગુણો પર એક ફની એક્ટિવિટી ફિશ પોન્ડ કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. બધા બહેનોએ ખૂબ એન્જોય કર્યું. છેવટે ગરમા ગરમ નાસ્તાનો આસ્વાદ લઈ, કાર્યક્રમને વિરામ આપ્યો હતો.

## મુન્દ્રા મહિલા મંડળ





તા. ૨૯-૧૨-૨૪ના રોજ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુન્દ્રા મહિલા મંડળ દ્વારા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી પ્રગતિબેન જેઠવા તેમજ મંત્રી શ્રીમતી રીનાબેન રાઠોડની આગેવાની હેઠળ કલા તેમજ શિક્ષણના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમમાં રંગોળી સ્પર્ધા, નિબંધ લેખન, ચિત્રકામ, સ્લો સ્કુટી રેસ તેમજ એક મિનિટની અવનવી રમતો રાખેલ. જેમાં વિજેતા બહેનો અને બાળકોને પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમમાં પ્રોત્સાહીત કરવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમ શ્રી ગીરીશભાઇ ચૌહાણની વાડીએ યોજવામાં આવેલ. આ સંપૂર્ણ કાર્યક્રમ આખા દિવસનો ગોઠવવામાં આવેલ. જેમાં યુવા મંડળનો સંપૂર્ણ સાથ-સહકાર મળેલ. આ કાર્યક્રમમાં બપોરના ભોજન માટે શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડાએ તેમજ રાત્રી ભોજન માટે શ્રી ગિરીશભાઇ શિવલાલભાઇ ચૌહાણે યોગદાન આપેલ. આ સિવાય બધા જ ઇનામોનો ખર્ચ મહિલા મંડળ તેમજ યુવા મંડળે વહન કરેલ. આ કાર્યક્રમ દરમિયાન મહિલા મંડળ દ્વારા દર મહિને કીટી પાર્ટી યોજવાનું પણ નક્કી કરેલ. જેથી બહેનો વચ્ચેના સંબંધ સંગઠીત થઇ શકે.

## અંજાર મહિલા મંડળ



અંજાર મહિલા મંડળની સામાન્ય સભા દર મહિનાની પહેલી તારીખે મહિલા મંડળ પ્રમુખ સવિતાબેન જે. ચૌહાણના અધ્યક્ષ સ્થાને સમાજ ભવનમાં રાખવામાં આવે છે. દર મહિને નવી નવી સ્પર્ધાઓ રાખવામાં આવે છે. જેમ કે એક મિનિટ, વાનગી સ્પર્ધા, સુશોભન, વેસ્ટમાંથી બેસ્ટ, રમત-ગમત, હાઉઝી, શરબત બનાવાની સ્પર્ધા રાખવામાં આવે છે. દર મહિને લક્કી ડ્રો કરવામાં આવે છે. જાન્યુઆરી મહિનાની ૨૫ તારીખે મંડળ દ્વારા ૬૫૦ કિલો અડદીયા સમાજ ભવનમાં બનાવવામાં આવેલ હતા તથા આખા અંજારમાં વેંચવામાં આવેલ. સ્વાદિષ્ટ અડદીયાની ખુબજ માંગ થતાં મંડળ દ્વારા બીજી વખત ૨૫૦ કિલો અડદીયા તથા ૨૫૦ કીલો ગુંદરપાક બનાવી વિતરણ કરવામાં આવેલ. જેમાં મહિલા મંડળ પ્રમુખ સવિતાબેન, સર્વે હોદ્દેદારો તથા કારોબારી બહેનોએ ખુબજ જહેમત ઉઠાવી હતી.

તા. ૧૭ જાન્યુઆરીના રોજ 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવાના આમંત્રણને માન આપી સૌ તેમની વાડીમાં સવારથી સાંજ સુધી પિકનીક મનાવવા ગયા હતા. ત્યાં બાજરાના રોટલા, રીંગણાનો ઓળો તથા લાપસી, દાળ-ભાતનું સ્વાદિષ્ટ ભોજન લીધું હતું. દિપાબેન જેઠવા દ્વારા બહેનોને વિવિધ રમતો રમાડવામાં આવી. સૌએ ખુબજ આનંદ કર્યો.

વસંતપંચમીના બાવનમા સમુહ લગ્નોત્સવમાં બહેનો દ્વારા પૂજા વસ્તુઓની થાળી તૈયાર કરવામાં આવેલ. દરેક કન્યાને મહિલા મંડળ તરફથી સોનાની બુટીની ભેટ આપવામાં આવેલ. મંડળની બહેનોએ સ્વયંસેવકની સેવા પણ આપેલ તથા ભોજન વ્યવસ્થામાં સહયોગ આપેલ. અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા યોજાતી ઓનલાઇન સ્પર્ધામાં બહેનો ભાગ લઇ નંબર પણ મેળવે છે. ઘટક દ્વારા યોજાતા સમુહ નાત પ્રસાદમાં બહેનો જમણવાર પીરસવાની વ્યવસ્થા સુપેરે નિભાવે છે.

## ગોંદિયા મહિલા મંડળ





ગોંદિયા મહિલા મંડળ દ્વારા તારીખ ૧૬/૦૧/૨૫ના રોજ સમાજ ભવનમાં હલ્દી-કુંકુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમમાં સર્વ પ્રથમ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રંજનાબેન ચાવડા, ઉપપ્રમુખ સુશ્રી છાયાબેન રાઠોડ, શ્રીમતી વર્ષાબેન ટાંક, શ્રીમતી તનુજાબેન રાઠોડ, કોષાધ્યક્ષ શ્રીમતી સંગીતાબેન રાઠોડ તથા કાર્યક્રમમાં વિશેષ આમંત્રિત શ્રીમતી આરતીબેન રાઠોડને મંચ પર આમંત્રિત કરી તેમનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું.

ત્યારબાદ સર્વપ્રથમ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રંજનાબેને સર્વે બહેનોને મકરસંક્રાંતિ પર્વની શુભેચ્છા પાઠવી અને મકરસંક્રાંતિ પર્વ ઉજવવાનું કારણ તથા તેનું મહત્વ બતાવ્યું.

ત્યારબાદ શ્રીમતી આરતીબેન રાઠોડ દ્વારા આ પર્વનું મહત્વ વિગતવાર બતાવ્યું. સાથે જ કુંભમેળાના આયોજન વિષે કુંભમેળાની શરૂઆત તથા મહત્વ અને હમણાં ચાલી રહેલ કુંભમેળાનું વિશેષ મહત્વ ધર્મની સાથે વિજ્ઞાનને જોડી બહુ જ સારી રીતે સમજાવ્યું. ઈશ્વરની પૂજા, શ્રદ્ધા અને વિશ્વાસ પર ઉંડાણપૂર્વક સમજણ પાડી તથા આપણા બાળકોને પણ ધર્મ અને આપણી સંસ્કૃતિની જાણ હોવી જ જોઈએ એના માટે પહેલા માતાપિતાને તૈયાર થવું પડશે. આ વિષય પર તેમણે બહુ સરસ માર્ગદર્શન આપ્યું જેને સર્વે બહેનો એ રસપૂર્વક સાંભળ્યું.

ત્યારબાદ હાઉઝી અને સાથે જ બે મનોરંજક ગેમ્સ રમાડવામાં આવ્યા. જેમાં વિજેતા બહેનો ને ઈનામ આપવામાં આવેલ. ત્યારબાદ બહેનો ને હલ્દી કુંકુ નું તિલક લગાવી સહુને પવાનથ આપવામાં આવેલ. આ માટે બહેનો એ સ્વેચ્છા રાશિ આપેલ હતી. સુશ્રી છાયા બેન તરફ થી સ્વેચ્છા રાશિ ઉપરાંત તેઓ દર મહિને રુપિયા ૫૦૦ મહિલા મંડળ ને સહયોગ રાશિ આપે છે. જે બહુ જ પ્રશંસનીય કાર્ય છે.

આ કાર્યક્રમનું સફળ સંચાલન મહિલા મંડળના મંત્રી શ્રીમતી પ્રિયંકાબેન રાઠોડ દ્વારા કરવામાં આવેલ અને આભાર પ્રદર્શન પણ એમણે સુંદર શબ્દોમાં કરેલ હતું. અંતમાં સર્વે બહેનો એ ચાય નાસ્તાનો આનંદ માણી અને ખુશી ખુશી વિદાય લીધી.

## મુંબઇ મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ) દ્વારા તા. ૧૧ જાન્યુઆરી, શનિવારના રોજ અંધેરી સ્થિત, આદરણીય હીનાબેન રામપ્રસાદભાઇ ચાવડાના નિવાસ સ્થાને મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. બહોળી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી. પ્રભુ પ્રાર્થના તથા ગીતા અધ્યાય-૧૫ના પારાયણ સાથે મીટીંગની શરૂઆત કરવામાં આવેલ હતી. અવસાન પામેલા વડીલોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી તેમજ મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા, જેમના અવસાનના સમાચાર એક-બે કલાક પહેલાં જ મળ્યા હતા તેમને પણ ભાવભીની શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. હિનાબેનની બંને પુત્રવધુ સુજાતાબેન અને કાજલબેનએ બહુ સુંદર મકરસંક્રાંતિનું આયોજન કર્યું હતું. આ અંતર્ગત બહેનોને હલ્દી-કુમકુમ લગાડી, ભેટ આપવામાં આવેલ હતી તથા તલગોળ આપવામાં આવેલ હતા. જ્ઞાનવર્ધક બે રમતો રમાડી તેમના વિજેતાઓને ઇનામ પણ આપવામાં આવેલ હતા. બહેનોએ પતંગ, ફિરકી લઇ પતંગ ઉડાવવાનો આનંદ પણ લીધો હતો. સહુએ ચાવડા પરિવાર દ્વારા પીરસવામાં આવેલ સ્વાદિષ્ટ વાનગીઓનો આનંદ લીધો હતો. પરિવારને આભારદર્શન કરી મીટીંગને વિરામ આપવામાં આવેલ. ૧૪ જાન્યુઆરી મકર સંક્રાતિ નિમિત્તે બાળકો માટે કાઇટ મેકિંગની એક્ટિવીટી રાખવામાં આવેલ હતી. બાળકોએ તેમાં ભાગ લીધો હતો. ૨૬ જાન્યુઆરી નિમિત્તે બહેનો માટે ડ્રાય કલર એરેન્જમેન્ટની એક્ટિવીટી રાખવામાં આવેલ હતી.

## બિલાસપુર મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ બિલાસપુર મહિલા મંડળની માસીક મીટીંગ તા. ૧૪-૦૧-૨૦૨૫ના મકરસંક્રાતી હોવાથી ઘટક અને યુવા મંડળ સાથે મળીને ઉજવી હતી. ડીસેમ્બર અને જાન્યુઆરી-૨૫ એવી રીતે બે મહિનાની મીટીંગ એક સાથે કરવામાં આવેલ. પ્રમુખ શ્રીમતી ભારતીબેન રાઠોડના નેતૃત્વ હેઠળ થઇ હતી. સૌ પ્રથમ ગેસ્ટ દ્વારા પ્રભુ પ્રાર્થના કરી. મંત્રીએ ગત મીટીંગની મિનિટ્સ વાંચી ઉપસ્થિત બહેનોની બહાલ લીધા બાદ માર્ચ મહિનાની મીટીંગ માટે ચીટ નિકાળી અને ચાર





પંચ્યુલીટી નિકાળી હોસ્ટ દ્વારા ચાર ગેમ રમાડી.

મકરસંક્રાતી નિમિત્તે મહિલા મંડળે એક સ્પર્ધાનું આયોજન કરેલ. જેમાં એક ચિત્ર આપવામાં આવેલું. જેમાં બહેનોએ ખીચડામાં લાગતા સાત ધાનનો ઉપયોગ કરવામાં આવેલ જે ઘરેથી બનાવી આવવાનું હતું. ઘણી બહેનોએ ભાગ લીધેલ.

અંતમાં વિજયી થયેલ બહેનોને ઇનામ આપવામાં આવેલ. પ્રતિયોગીતામાં ભાગ લેનાર બહેનોને પણ પુરસ્કાર આપવામાં આવેલ. મહિલા મંડળની પુરી ટીમે સર્વેનો આભાર વ્યક્ત કર્યો. ત્યાર બાદ પુરા સમાજબંધુઓએ બપોરનું જમણ કરી સર્વે છુટા પડ્યા હતા. ૮ ફેબ્રુઆરી-૨૦૨૫, મહિલા દિવસની ઉજવણી



આનંદ મેળાનું આયોજન કરેલ. જેમાં મહિલા મંડળે પોતાના સ્ટોલ લગાવેલ. સાબુદાણા વડા અને ચાઇનીઝ ભેલ. સર્વે બહેનોએ આનો આનંદ લઇ છુટા પડ્યા હતા.

## માધાપર મહિલા મંડળ



માધાપર મહિલા મંડળ, યુવા મંડળ અને યુવતી મંડળના સંયુક્ત ઉપક્રમે ૨૬ જાન્યુઆરીના રોજ ભવ્ય આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મેળાનું ઉદ્‌ઘાટન મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીના હસ્તે મહાસભાના ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકી અને ઘટક પ્રમુખ શ્રી જેન્તીભાઇ વાઘેલાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

આનંદમેળામાં ખાણી-પીણીની વસ્તુથી લઇને અલગ-અલગ ગેમઝોન અને હેન્ડીક્રાફ્ટ્‌ની વસ્તુના ૨૫ જેવા સ્ટોલ હતા. સંધ્યા સમયે પ્રજાસત્તાક દિનને અનુલક્ષીને ભારતમાતાનું પૂજન અને આરતીનો પ્રોગ્રામ મહેમાનોની હાજરીમાં રાખવામાં આવેલ હતો. મેળામાં આવેલ સમાજના બાળકો, બહેનો અને ભાઇઓ વચ્ચે વિવિધ પ્રશ્નોત્તરી ગેમ રમાડવામાં આવેલ અને ઇનામ આપવામાં આવેલ હતા. અંતમાં લક્કી ડ્રોનું આયોજન રાખવામાં આવ્યું હતું. દરેક સ્ટોલધારકનું ગીફ્ટ દ્વારા સન્માન કરવામાં આવેલ. મેળાને સફળ બનાવવા માટે મહિલા મંડળના પ્રમુખ તારાબેન ટાંક, યુવા મંડળના પ્રમુખ ભરતભાઇ રાઠોડ અને યુવતી મંડળના પ્રમુખ નંદીનીબેન સોલંકીએ જહેમત ઉઠાવી હતી.

મકરસંક્રાતિ નિમિત્તે મહિલા મંડળ દ્વારા અડદીયા, ઉંધીયા અને શીરાનું વિતરણ વાજબી ભાવે કરવામાં આવેલ. જેમાં મહિલા મંડળને ૧,૭૦,૦૦૦ નફો થયેલ હતો.

## કાગજનગર-રેબેન્ના મહિલા મંડળ




કાગજનગર-રેબેના મહિલા મંડળની સર્વે બહેનો સોમવાર, તા. ૧૪-૧-૨૦૨૫ના મકરસંક્રાતિના ઉપલક્ષમાં મહિલા મંડળની સર્વે બહેનો કાગજનગરથી ૫૦ કી.મી. દુર આવેલ શ્રી હનુમાનજી મંદિર તથા પેનગંગા નદી પણ વહે છે ત્યાં સર્વમળીને ગયેલ. નદીમાં સ્નાન કરેલ.

મંદિરમાં આવીને હનુમાન દાદાના દર્શન કર્યા. સર્વે શંકરાત્રિનું દાન-પુણ્ય કર્યું.

૧૧ વાર હનુમાન ચાલિસાનો પાઠ કર્યો, ભજન કર્યા, આરતી કરી અને પ્રસાદ લીધો. સર્વે બહેનોએ મળીને અલ્પાહાર ત્યાં જ બનાવ્યો ત્યાં જ અલ્પાહાર લઇ બધા છુટા પડ્યા હતા. સર્વે બહેનોએ ખુબજ આનંદ માણ્યો હતો.

## હિંગોલી મહિલા મંડળ



હિંગોલી મહિલા મંડળની વાર્ષિક મીટીંગ ૨૬ જાન્યુઆરી-૨૦૨૫, રવિવારના મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ઇંદુબેન જીવરામભાઇ મારૂના ઘરે લેવામાં આવી હતી. સૌ પ્રથમ શ્રી ગણેશજીની પૂજા કરી ગણપતિ ભજન બોલીને મીટીંગની શરૂઆત કરી. પ્રભુને વર્ષભરના કાર્યક્રમનો અહેવાલ સાદર કર્યો. કૃષ્ણ જન્મ, ગણપતિ ઉત્સવ, નવરાત્રી તથા દિવાળી સ્નેહમિલન, નવા વર્ષની શુભેચ્છા તથા સરસ્વતી સન્માનમાં કુલના બાળકોને પ્રાઇઝ આપ્યા. હલ્દી કંકુ કાર્યક્રમ કર્યો. બહેનાને તલગુડ તથા ભેટવસ્તુ આપી. સર્વે બહેનો હાઉઝી રમ્યા. ૨૬ જાન્યુઆરી હોવાથી સર્વે રાષ્ટ્રગીત બોલ્યા. સર્વે નાસ્તાનો આનંદ લઇને વિદાય લીધી હતી.

## છત્રપતિ સંભાજી મહિલા મંડળ

છત્રપતિ સંભાજીનગર (ઔરંગાબાદ) મહિલા મંડળનું મકર સંક્રાતિ હલ્દી કંકુનું આયોજન તા. ૧૮-૦૧-૨૦૨૫ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં ઘટકની સર્વે બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવવામાં યોગદાન આપ્યું હતું. સર્વપ્રથમ શ્રી હનુમાન ચાલિસાનો પાઠ કરી જાન્યુઆરી મહિનામાં





જેમનો બર્થ-ડે હતો તેમને ટીયારા પહેરાવી મહામૃત્યુંજય અને ગાયત્રી મંત્રના જાપ કરી તેમની મંગલ કામના માટે પ્રાર્થના કરી. ત્યાર બાદ સર્વે બહેનોને હલ્દીકંકુ લગાવી તિલગુડ અને વહાણ ગીફ્ટ આપવામાં આવ્યા હતા. સાથે સાથે રીલ બનાવી સૌના ઉત્સાહમાં વધારો કરવામાં આવ્યો હતો. ગેમ્સ રમાડી ગીફ્ટ આપવામાં આવ્યા હતા અને ઘટકના સદસ્યોને સમાજ તફરથી ઇમરજન્સી દવાઇની કીટ આપવામાં આવી હતી. અંતમાં બધાએ અલ્પાહાર લઇ કાર્યક્રમને વિરામ આપ્યો હતો.

## ગાંધીધામ મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ મહિલા મંડળની મીટીંગ પ્રમુખ શ્રીમતી મોનાબેન પરમારના અધ્યક્ષ સ્થાને તા. ૧૬-૦૧-૨૦૨૫ના રાખવામાં આવેલ હતી. જેમાં રોયલ પર્પલ ગ્રુપ દ્વારા પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા માટે નાટક દ્વારા સારો સંદેશ આપવામાં આવેલ. ગ્રુપના ભારતનાટ્યમ ક્ષેત્રે કલાનિપૂણ દિપ્તીબેન ચૌહાણ જેમણે પોતાની દીકરી સાથે ભારતનાટ્યમ ક્લાસિકલ પર્ફોમન્સ કર્યું હતું. ગ્રુપ દ્વારા હેલ્ધી સુપ બનાવવાની સ્પર્ધા રાખવામાં આવેલ. જેમાં ૨૧ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ - વિભાબેન ચૌહાણ, દ્વિતીય - પલ્લવીબેન ચૌહાણ, તૃતિય - કવિતાબેન રાઠોડ રહેલ. જેમને ઇનામ આપી સન્માનિત કરવામાં આવેલ. અન્ય ભાગ લેનાર બહેનોને આશ્વાસન ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. અંતે ગેમ રમાડવામાં આવેલ અને અલ્પાહાર લઇ સૌ છુટા પડ્યા હતા. મહિલા મંડળ દ્વારા આ મહિનામાં આદિ મહાદેવ, ફોટડી,



દાદા-દાદીની વાડી જેવા રમણીય સ્થળોએ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૫૫ બહેનોએ ખુબજ આનંદ માણી પ્રવાસની મજા લીધી હતી.

## નાગપુર મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગપુર મહિલા મંડળ દ્વારા તા. ૯-૨-૨૦૨૫ના રોજે સંક્રાતી નિમિત્તે હલ્દી-કુમકુમનો પ્રોગ્રામ શ્રીમતી ગિતીકાબેન ચૌહાણના સાનિધ્યમાં શ્રીમતી મીનાબેન ચાવડાના નિવાસ સ્થાને રાખવામાં આવેલ હતો. સૌ પ્રથમ ગણેશ વંદના સાથે કાર્યક્રમની શરૂઆત કરી પછી બધી બહેનોને હલ્દી કંકુ લગાવવામાં આવેલ. સારી સંખ્યામાં બહેનો



તૈયાર થઇને આવેલા હતા.

જેમાં રંગોલી કોમ્પીટીશન પણ રાખવામાં આવેલ હતું. જેમાં પ્રાઇઝ પણ આપવામાં આવેલ. ત્યાર બાદ લ્હાણી આપવામાં આવી હતી. હાઉઝી રમાડી બહેનોએ ખુબ આનંદ માણ્યો હતો. ત્યાર બાદ અલ્પાહાર લઇને બહેનો છુટા પડ્યા હતા.

## અમદાવાદ મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અમદાવાદ ઘટકના યુવા મંડળ અને મહિલા મંડળના સંયુક્ત પ્રયાસથી પ્રયાગરાજ તીર્થધામમાં આયોજીત ૧૪૪ વર્ષ પછીના પૂર્ણ કુંભ પ્રવાસનું સફળ આયોજન કરવામાં આવ્યું. જેમાં નાના ભુલકાઓ અને યુવાનો તેમજ વડીલો દ્વારા ઉજ્જૈન, ચિત્રકુટ, પ્રયાગરાજ, અયોધ્યાધામ અને ઓમકારેશ્વર જેવા પ્રાચીન જ્યોતિર્લિંગના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

# શ્રી કે.જી.કે. વૉકેશનલ કોલેજ - અંજાર વિદ્યાર્થી ભવન મધ્યે ગણતંત્ર દિને ધ્વજવંદન યોજાયું




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલીત કે.જી.કે. વૉકેશનલ ઇન્સ્ટીટ્યુટના વિશાળ પ્રાંગણમાં કોલેજના વહીવટી વડા શ્રી પાર્થ જસવંતભાઇ ચાવડાના અધ્યક્ષ પદે અને શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના અધ્યક્ષ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીજીના વરદ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો.

ધ્વજવંદન તેમજ રાષ્ટ્રગીતનું ગાન કરી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજીએ સૌ ઉપસ્થિત મહેમાનોનું ગણતંત્ર દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આપણા પવિત્ર બંધારણની મર્યાદા જાળવીને સૌ દેશવાસીઓને રાષ્ટ્ર પ્રત્યે પોતાની નિષ્ઠા પ્રદર્શીત કરવા આહવાન કરેલ હતું. કોલેજના સંયોજક શ્રી અને કેળવણી મંડળના અધ્યક્ષ ડૉ. શ્રી મનોજભાઇ પી. સોલંકીએ સૌ સભ્યોનું સ્વાગત કરીને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવી હતી તેમજ વૉકેશનલ કોલેજના આવતા શૈક્ષણિક વર્ષથી શરૂ થનાર વિવિધ અભ્યાસક્રમો વિશે માહિતગાર કર્યા હતા.

કચ્છ પ્રાદેશિક સમિતિના અધ્યક્ષ શ્રી બાબુલાલભાઇ ચૌહાણ, કન્યા છાત્રાલય – કુકમાના મંત્રી શ્રી રમેશભાઇ ચૌહાણ, મહાસભાના મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆર, શ્રી દિલીપભાઇ ચૌહાણ, શ્રી જયદીપભાઇ વરૂ, શ્રી મુકેશભાઇ ટાંક, શ્રી કિશનભાઇ રાઠોડ, શ્રી જીવરામભાઇ ચાવડા, શ્રી દેવેન્દ્રભાઇ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી હિતેન્દ્રભાઇ ચાવડાના સૌજન્યથી અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને આભારદર્શન વિદ્યાર્થી ભવન-અંજારના મંત્રી શ્રી મુકેશભાઇ ખોડિયાર દ્વારા કરવામાં આવ્યું હતું.

॥ જય માતાજી ॥



# શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર – રેહા

## :: ચૈત્રી અષ્ટમી નિમંત્રણ ::

આથી ભારતભરમાં વસતા ચૌહાણ નુખના ગોઠી પરિવારોને સહર્ષ જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વરસે પણ માતાજીના સ્થાનક મધ્યે ચૈત્રી અષ્ટમીના રોજ હોમ-હવન, મહાઆરતી તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સહપરિવાર ઉપસ્થિત રહીને શ્રદ્ધા તથા ભક્તિભાવ પૂર્વક અવસરનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે.

**:: નવરાત્રી પ્રારંભ તથા ઘટઃ સ્થાપન ::**

વિક્રમ સં. ૨૦૮૧, ચૈત્ર સુદ-૧, તા. ૩૦/૦૩/૨૦૨૫, રવિવાર, સવારે ૯.૦૦ કલાકે

**:: હોમ-હવન/મહાઆરતી તથા સમુહ મહાપ્રસાદ ::**

વિક્રમ સં. ૨૦૮૧, ચૈત્ર સુદ-૮, તા. ૦૫/૦૪/૨૦૨૫, શનિવાર

| સ્થાપન તથા પૂજન | હોમ–હવન | મહાઆરતી | નૈવેધ/મહાપ્રસાદ |
|---|---|---|---|
| સવારે ૮.૩૦ કલાકે | સવારે ૧૦.૦૦ કલાકે | બપોરે ૧૨.૦૦ કલાકે | બપોરે ૧.૦૦ કલાકે : |

**ખાસ નોંધ : હવનમાં યજમાન પરિવાર સિવાય ૪ જોડી નિયત સેવા શુલ્ક આપી વહેલા તે પહેલાના ધોરણે બેસી શકશે.**

**સંપર્ક : વિનોદભાઈ ચૌહાણ – મંત્રી – મો. ૯૮૭૯૧૫૦૧૧૩**

## :: મહાપ્રસાદ તથા મહાઆરતીના દાતાશ્રી ::

**શ્રીમાન રસિકલાલભાઈ દેવરામભાઈ ચૌહાણ પરિવાર – ગાંધીધામ (કચ્છ)**

**:: નિમંત્રક ::**

**શ્રી અમરસીભાઈ ભીમજીભાઈ ચૌહાણ** - માતાજીના ભુવા (મો. ૯૪૨૯૨૯૮૮૯૮)

**શ્રી મોહનલાલ હીરજીભાઈ ચૌહાણ** – પ્રમુખ

**શ્રી બાબુલાલ સામજીભાઈ ચૌહાણ** – ઉપપ્રમુખ

**શ્રી નવિનભાઈ શીવજીભાઈ ચૌહાણ** – ઉપપ્રમુખ

**શ્રી હેમરાજભાઈ હરિલાલ ચૌહાણ** – સહમંત્રી

**શ્રી વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ** – મંત્રી

**શ્રી દિલીપભાઈ ખેતસીભાઈ ચૌહાણ** – ખજાનચી

**શ્રી સોમનભાઈ ભવાનજીભાઈ ચૌહાણ** – મુખ્ય વ્યવસ્થાપક

**તથા કારોબારી સમિતિના જય માતાજી...**

**:: બેંકમાં ઓનલાઈન ફાળો જમા કરાવવા માટે ::**

**Shri Hansvahini Brahmani Mataji Chauhan Parivar**
BARODA GUJARAT GRAMIN BANK ( Kukma Branch) A/c. No. 763510002261
IFSC CODE : BARB 0 BGGB XX( Fifth Digit is Zero ) Please Inform After Deposit & send Details..

**મનીઓર્ડરથી ફાળો મોકલવા માટે :** દિલીપ ખેતસી ચૌહાણ, પો. રેહા, તા. ભુજ (કચ્છ) ગુજરાત. ૩૭૦૧૦૫ મો. ૯૭૨૫૩ ૩૭૮૦૩

॥ જય મોમાઈ માતાજી ॥ શ્રી ગણેશાય નમઃ ॥ જય મોમાઈ માતાજી ॥

# શ્રી મોમાઈ માતાજી સ્થાનક - કુકમા

## :: ચૈત્ર નવરાત્રી મહોત્સવ નિમંત્રણ - ૨૦૨૫ ::

આદરણીય, ................................................................................................

સહર્ષ જણાવવાનું કે આપણા પરમકૃપાળુ કુળદેવીશ્રી મોમાય માતાજીની અસીમ કૃપાથી દર વર્ષની જેમ ચૈત્રી નવરાત્રીના શુભ પ્રસંગે વાડી સ્થાપન, રાત્રે માતાજી ગરબા, હવનવિધી તેમજ નવરાત્રી દરમ્યાન દસ દિવસ અખંડ ધૂપ-દીપ માતાજી પાસે કરવામાં આવશે. આ પવિત્ર પ્રસંગે પરમાર ગોઠી ભાઈઓને માતાજીના સ્થાનકના દર્શન કરવા, માતાજીનો પ્રસાદ લેવા ''મોમાય માતાજી સ્થાનક વ્યવસ્થાપક સમિતિ - કુકમા'' વતી સહકુટુંબ પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

### :: નવરાત્રી ના પાવન પ્રસંગો ::

**ઘટ/વાડી સ્થાપનઃ**
સવંત ૨૦૮૧ ચૈત્રી સુદ-૧, તા.૩૦/૦૩/૨૦૨૫, રવિવાર, સવારે ૦૮:૦૫ કલાકે

**હવનવિધિ**
સવંત ૨૦૮૧ ચૈત્રી સુદ-૧૦,
તા.૦૭/૦૪/૨૦૨૫, સોમવાર
સવારે ૦૯ કલાકે

**નૈવદ ધરાવવા**
સવંત ૨૦૮૧ ચૈત્રી સુદ-૯,
તા.૦૬/૦૪/૨૦૨૫, રવિવાર
બપોરે ૧૨:૧૫ વાગ્યાથી

ઉપરોકત શુભ પ્રસંગે ઉપલબ્ધ તમામ સરનામાંઓ પર પરમાર ભાઈ-બહેનોએ દર વર્ષે નિમંત્રણ પાઠવીએ છીએ. પણ સરનામાઓના અભાવે કોઈ ગોઠી ભાઈઓને નિમંત્રણ મળી શક્યું ના હોય તેવું આપણી જાણમાં હોય તો તે પરિવારનું નામ-સરનામું અમોને માકલાવશો, જેથી અમો ભવિષ્યમાં નિમંત્રણ પત્રિકા, માતાજીનો પ્રસાદ મોકલાવી શકીએ તેમજ અમારા વતી આપને તેવા પરિવારને નિમંત્રણ પાઠવવા વિનંતી. માતાજીના શુભ કાર્ય માટે દિવેલ, ધુપ-પૂજાપા અને પ્રસાદ માટે આર્થિક સહયોગ પાઠવવો હોય તેઓ પોતાનો સહયોગ નીચેના સરનામે મોકલાવી શકે છે.

...નોંધ...

૧. મનીઓર્ડર મોકલાવતી વખતે સંદેશાની કાપલીમાં પોતાનું પુરુંનામ, સરનામાંનો કોડ તથા પીન કોડ સહિતનું સરનામું લખી મોકલવા વિનંતી, તથા તમારો મોબાઈલ નંબર મુકવો.
૨. આપના ચેક તથા ડ્રાફ્ટ **શ્રી મોમાઈ માતાજી મંદિર** ના નામનો મોકલવા વિનંતી. અથવા બરોડા ગુજરાત ગ્રામિણ બેંક A/C NO - 763510000018 IFSC CODE - BARB0BGGBXX માં ઓનલાઈન મોકલાવતી વખતે નીચે જણાવેલ ફોન નંબર પર જાણ કરવા વિનંતી છે. IFSC CODE માં પાંચમો અક્ષર જીરો (0) છે.
૩. હવનમાં બેસવા ઈચ્છતા ગોઠીભાઈઓએ પોતાના નામ તા.૨૫/૦૨/૨૦૨૫ સુધી મળી જાય એ રીતે મોકલી આપવા જેથી હવન માટે ૨૭/૦૨ ના ડ્રો નું આયોજન કરી શકાય.

- રૂ.૧૧,૦૦૦ અને વધુનું અનુદાન આપનાર ગોઠીભાઈઓ જેને ફોટો ના મોકલેલ હોય એ તાત્કાલિક ફોટો મોકલાવી આપશો. જેથી અતિથીભવનમાં ફોટો લગાડવાનું કાર્ય પુર્ણ કરી શકાય.
- દરેક ગોઠી ભાઈઓને વિનંતી, ઘરના વડિલ (કોઈ એક સદસ્ય) ના મોબાઈલ નંબર મોકલાવે. ભવિષ્યમાં આ પત્રિકા વ્યવહાર બંધ કરવાનું આયોજન છે.

### :: નિમંત્રક ::

પ્રમુખશ્રી - મુકુન્દભાઈ જેઠાલાલ પરમાર
Mob. 98254 41687

ઉપપ્રમુખશ્રી - નલીનભાઈ જેઠાલાલ પરમાર
Mob. 98251 89238

મંત્રીશ્રી - રાજનભાઈ સુરેશભાઈ પરમાર
Mob. 94292 95806

યજ્ઞ આચાર્યશ્રી - ત્રિપાઠી ભાવેશકુમાર કિશોરભાઈ
Mob. 98797 75749

પુજારીશ્રી - દિનેશભાઈ જીવરામભાઈ પરમાર
Mob. 99257 20810

**શ્રી મોમાઈ માતાજી સ્થાનક, મોટી શેરી, કુકમા, તા.ભુજ-કચ્છ, ૩૭૦૧૦૫**

**WWW.PARMARMEETS.WEEBLY.COM**

:: શ્રી બ્રહ્માણી માતાજી પ્રસન્નોસ્તુ ::

**શ્રી બ્રહ્માણી માતાજી મંદિર**
**ચૌહાણ પરીવાર - કુકમા**

**: ચૈત્ર નવરાત્રી ઉત્સવ નિમંત્રણ :**

આથી ભારતભરમાં વસતા કુકમા ગામના ચૌહાણ નુખના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના સર્વે ગોઠી પરિવારોને જણાવવાનું કે, આગામી ચૈત્ર નવરાત્રી માતાજી સ્થાનક મધ્યે નીચે વિગતે ઉજવવામાં આવશે. આ પ્રસંગે ઉપસ્થિત રહી હવનના દર્શન કરવા સાથે મહાપ્રસાદ ગ્રહણ કરવા સહપરિવાર નિમંત્રણ છે.

:: નવારાત્રી પ્રારંભ તથા ઘટઃસ્થાપન વિધી ::
ચૈત્ર સુદ-૧ , તા.૩૦/૦૩/૨૫, રવિવાર

:: હવનાષ્ટમી તથા સમુહ મહાપ્રસાદ ::
ચૈત્ર સુદ-૮ , તા.૦૫/૦૪/૨૫, શનિવાર

:: નૈવેધ મહાપ્રસાદ ::
તા.૦૪/૦૪ (શુક્રવાર) - શ્રી ગૌરવભાઈ નરેન્દ્રભાઈ ચૌહાણ પરિવાર (મનમાડ)
તા.૦૬/૦૪ (રવિવાર) - શ્રી જયેશભાઈ નારણભાઈ ચૌહાણ પરિવાર (ભુજ)

ધુપ-દિપ તથા અન્ય અનુદાન માટેની રકમ નીચેના QR CODE ની મદદથી UPI દ્વારા મોકલી તેની જાણ કોષાધ્યક્ષશ્રી ને અવશ્ય કરવી.

:: વિનીત ::

પ્રમુખશ્રી - અનિલભાઈ ધનજીભાઈ ચૌહાણ (Mob. 94084 35418)
ઉપપ્રમુખશ્રી - નવિનભાઈ કુવંરજીભાઈ ચૌહાણ (Mob. 83203 10542)
મંત્રીશ્રી - ઉમેશભાઈ પુરૂષોત્તમભાઈ ચૌહાણ (Mob. 94090 37675)
કોષાધ્યક્ષશ્રી- રાજભાઈ ચંદુલાલભાઈ ચૌહાણ (Mob. 96877 59975)
પુજારીશ્રી - ચંદુલાલભાઈ કરશનભાઈ ચૌહાણ (Mob. 94082 04559)

:: શ્રી બ્રહ્માણી માતાજી મંદિર ચૌહાણ પરીવાર - કુકમા ::

# કલ્પતરૂ

પ્રભુએ જ્યારથી પૃથ્વીની નિર્મીત કરી છે,
ત્યારથી જ ઝાડનું મહત્વ અનેરૂં થયું છે.
ભગવાન આપણા ઉપર મહેરબાન છે,
તડકા સાથે ઘણો બધો છોયો દિધો છે.
ઉનાળામાં બધા છાંયડો ગોતશે,
એ તો વૃક્ષ નીચે રહેવાથી જ મળશે.
માટે ઝાડને લગાડતા રહો,
ખત પાણી દઈને જગાડતા રહો.
છોકરાંવને ઉછેરવા સમય તો લાગે જ,
એમ ઝાડને વધવા પણ સમય લાગશે જ.
ઝાડ એટલે 'તરૂ' તો ગુણોની ખાણ કહેવાય,
કૃષ્ણાની મુરલીની ધુન મીઠી સંભળાય.
હાલણ ગાડીથી છોકરા હાલતા શીખ્યા,
બેંચમાં બેસીને બધા ભણા શીખ્યા.
ઘરને ફર્નિચરથી સજાવતા શીખ્યા,
આવી તો હજારો વસ્તુ બનાવતા શીખ્યા.
એના માટે લાખો ઝાડ ઉગાડો,
પાણીને તો તરૂના મુળીયા જ બચાવે.
ઝાડ છે તો ફળ, ફુલ, શાકભાજી છે,
લીલાછમ ઝાડને જોઈ આંખની ઠંડક વધે છે.
ઝાડ તો ઓક્સીજન આપે,
પર્યાવરણનું સંતુલન બનાવે.
જ્યારે લક્ષ્મણનો જીવ બચાવવો હતો,
ત્યારે હનુમાનજીએ સંજીવની બુટી લાવી હતી.
ઘણા ઝાડો ઔષધીનું રૂપ છે જ રે,
તુલસી, બેલ, સરગવા, પપઇ વગેરે.
વક્ષનો આસરો તો ઝાડ જ છે,
તરૂ બધી ઋતુમાં પક્ષીનું રક્ષણ કરે છે.
ઝાડ તો મુંગા મોઢે અનેરો સંતોષ આપે છે,
અંતિમ સમયે લાકડા જ કામ આવે છે.
માટે ઝાડ લગાડો, ઝાડ બચાવો.



**સૌ. અરૂણા વિ. યાદવ**
**પુના**
**મો. ૯૯૨૨૪૪૬૧૨૬**

# શ્રી ક.ગુ.ક્ષ. ખોડિયાર (ચુડાસમા) માતાજી પરિવાર - અંજાર આયોજીત દ્વારકા યાત્રા પ્રવાસની તસવીરો





















# શ્રી ક.ગુ.ક્ષ. ખોડિયાર (ચુડાસમા) માતાજી - અંજારની દેવભૂમિ દ્વારકા યાત્રાનો અહેવાલ





શ્રી ક.ગુ.ક્ષ. ખોડિયાર (ચુડાસમા) નુખના ભાઇઓ-બહેનો તેમજ વડીલોનો સામુહીક યાત્રા સંઘ અંજારથી દ્વારકા જવા નિકળ્યો હતો. આ યાત્રા તા. ૨૫,૨૬,૨૭ જાન્યુઆરી-૨૦૨૫ના યોજાઇ હતી. તા. ૨૫ના સવારે ૭.૩૦ વાગ્યે બે બસો અંજારથી નીકળી સવારે ૯ વાગ્યે શ્રી માનસ હનુમાન મંદિર કટારીયા ગામે પહોંચી હતી. બધાએ દર્શન કર્યા અને મંદિર પરિસરમાં બધાએ ચા-નાસ્તો કર્યો. ત્યાર બાદ ધ્રોલ તાલુકાના ભેંસદળ ગામે જવા નિકળ્યા. અહીં આઇ શ્રી ખોડિયાર માતાજીનું મોટું મંદિર આવેલ છે. આ મંદિરે બધાએ માતાજીની પૂજા-અર્ચના, માતાજીનો શણગાર અને દર્શન કર્યા. ત્યાર બાદ ખોલિયા પરિવારના અગ્રણી અને વડીલોનું શ્રી ખોડિયાર પરિવાર તરફથી સન્માન કરવામાં આવ્યું અને ખોડિયાર અને ખોલિયા પરિવારનું સ્નેહમિલન યોજાયું. ખોલિયા પરિવારે આ યાત્રા સંઘ માટે મહાપ્રસાદની વ્યવસ્થા ગોઠવી હતી. બંને પરિવારે માતાજીના પવિત્રધામમાં પ્રસાદ લીધો. આ પ્રસંગે ખોડિયાર પરિવાર તરફથી મંદિરના ભંડોળમાં રૂપીયા દસ હજાર એક પૂરાનું અનુદાન આપવામાં આવ્યું હતું. સાંજે દ્વારકા પહોંચી અને દરેક યાત્રીકોને આવાસ વ્યવસ્થા ગોઠવી. દ્વારકાધીશની જય બોલાવી અને રાત્રી ભોજન લીધું. ભોજન બાદ રાસગરબાનો કાર્યક્રમ શરૂ થયો. સૌ ગોઠી ભાઇઓએ ઠાકોરજીની ભૂમી પર રાસના રંગે રંગાયા હતા.  તા. ૨૬ના સવારે ગોમતી ઘાટમાં સ્નાન કરીને દ્વારકાના દર્શને ગયા અને પાછા આવી ચા-પાણી, નાસ્તો કર્યો. ત્યાર બાદ ગણતંત્ર દિવસની ઉજવણી માટે સમાજ ભવનમાં શણગાર વગેરેથી સુશોભીત કરી ભાવ-વિવેક અને ગરીમાથી રાષ્ટ્રગીતનું પઠન તેમજ પ્રાસંગીક પ્રવચન આપી કાર્યક્રમ પૂર્ણ કર્યો. આ કાર્યક્રમ બાદ બધા યાત્રીઓ રૂક્ષ્મણી મંદિરે જવા નિકળ્યા. આ મંદિરે બધાએ દર્શન કર્યા તેમજ પિતૃ નિમિત્તે જલ અર્પણ માટે રૂા. ૧૧૦૦ અને ગૌ સેવા ઘાસચારા માટે રૂા. ૧૧૦૦નું અનુદાન આપ્યું. ત્યાંથી બધા યાત્રીઓ બેટદ્વારકા જવા નિકળ્યા. ત્યાં દ્વારકાધીશનું મુખ્ય મંદિર સોનાની દ્વારકા પ્રદર્શન, હનુમાન મઢી જેને જ્યાં જવું હોય તે રીતે બધા પોત-પોતાની રીતે દર્શને નીકળી ગયા અને બપોરે ૩.૩૦ વાગ્યે દ્વારકા સમાજ ભવનમાં પાછા આવ્યા. આ દિવસે ખોડિયાર પરિવાર તરફથી દ્વારીકાનાથને રાજભોગ લગાવેલ હતો. આ પ્રસાદ આપણા સમાજ ભવનમાં બપોરના સૌએ લીધો હતો.

સાંજે દ્વારકાની નાતનું સમુહ મહાપ્રસાદ, બ્રહ્મભોજન, કુંવારીકાઓનું જમણવાર તેમજ સત્કાર સમારંભનો પ્રોગ્રામ હતો. આ પ્રસંગે આમંત્રણને માન આપી આવેલ ટ્રસ્ટ પ્રમુખ શ્રી, ઘટક પ્રમુખશ્રી તથા અન્ય હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીગણ અને સમસ્ત સમાજબંધુઓની બહોળી સંખ્યામાં હાજરી હતી. આ ઉપરાંત મીઠાપુર અને ઓખા ઘટકમાંથી સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભની શરૂઆતમાં ટ્રસ્ટ પ્રમુખ શ્રી મહેશભાઇ પ્રાગજીભાઇ ટાંક તથા અન્ય ટ્રસ્ટીઓનું સન્માન તેમજ ઘટક પ્રમુખ શ્રી જેન્તીલાલ રમણીકભાઇ વાઢેર તથા સમસ્ત હોદ્દેદારશ્રીઓનું સન્માન ખોડિયાર પરિવરના પ્રમુખશ્રી તથા હોદ્દેદારશ્રીઓએ કરેલ. દ્વારકા ઘટક તરફથી પણ ખોડિયાર કુટુંબના પ્રમુખશ્રી તથા હોદ્દેદારશ્રીઓનું સન્માન કરવામાં આવેલ. છેલ્લે પ્રાસંગીક ઉદ્બોધન અને આભારવિધી કરવામાં આવેલ. તે પછી બ્રહ્મ ભોજન શરૂ કરાયું. જેમાં બ્રાહ્મણોની સંખ્યા ૧૫૧ હતી. દરેક બ્રાહ્મણને ૫૧/- રૂપીયાની દક્ષીણા ઉપરાંત લોકોએ પોત-પોતાની ઇચ્છાએ દક્ષીણા અને અન્ય ભેટ-સોગાદ આપી હતી. ત્યાર બાદ કુંવારીકાઓ માટે જમણવાર શરૂ થયું. જેમાં કુંવારીકાઓની સંખ્યા ૬૬ થી ૭૫ની

આસપાસ હતી. આ બ્રાહ્મણ દિકરીઓને ભેટ સ્વરૂપે પર્સ, રૂમાલ, ફળ અને રૂા. ૨૦/- રોકડા દક્ષીણારૂપે આપવામાં આવેલ. ત્યાર બાદ નાતનું જમણવાર ચાલુ કરાયું. બધાને ભોજન કરાવી આશીર્વાદ લીધા હતા. ત્યાર બાદ ખોડિયાર ભક્તોએ પ્રસાદ લીધો હતો. તા. ૨૭ના સવારે સાત વાગ્યે બધા તૈયાર થઇ પિતૃ તર્પણ માટે ગોમતી ઘાટ ગયા. બ્રાહ્મણોના મંત્રોચ્ચાર સાથે પિતૃતર્પણ સેવા-પૂજા કરી બ્રાહ્મણોના આશીર્વાદ લઇ દક્ષીણા આપી પક્ષીઓને ચણ નાખવામાં આવેલ. બપોરનું ભોજન લીધા બાદ બધા પરિવારજનો શીવરાજપુર બીચ જવા નિકળ્યા હતા. જ્યાં બધાજ યાત્રીઓએ ખુબજ આનંદ માણ્યો હતો. શિવરાજપુર બીચથી મોગલધામ જવા નિકળ્યા. અહીં આઇ શ્રી મોગલ માતાજીનું પ્રાગટ્ય સ્થાન છે. આ ધાર્મિક સ્થળની મુલાકાત-દર્શન કર્યા અને મોગલધામથી દ્વારકા પરત ફર્યા. સમાજ ભવનમાં રાત્રી ભોજન લીધું. સમાજ ભવનના હિસાબો પૂર્ણ કરી રસોઇવાળા મારાજનું સન્માન કર્યું. દ્વારકા ઘટક પ્રમુખશ્રી, ટ્રસ્ટ પ્રમુખશ્રી તેમજ સહયોગી થયેલ તમામ વ્યક્તિઓનો ખોડિયાર કુટુંબ-અંજાર વતી પ્રમુખશ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયારે આભાર માન્યો અને દ્વારકાથી વિદાય લઇ હર્ષોલ્લાસ સાથે સૌ અંજાર પરત આવ્યા હતા. આ યાત્રા પ્રમુખશ્રી અનિલભાઇના નેજા હેઠળ યોજાઇ હતી. જેમાં ખુટતી રકમ રૂા. ૩૮,૨૪૧/- પ્રમુખ શ્રી અનિલભાઇએ સ્વેચ્છાએ કુટુંબભાવનાથી પૂર્ણ કરેલ તે બદલ કુટુંબના ભાઇઓએ આભાર વ્યક્ત કરેલ હતો.

સંકલન : અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર - અંજાર

# ચૌહાણ પરિવાર રેહા શુરાપુરા દાદાના સ્થાનકે પૂજા-પ્રસાદનું આયોજન



ચૌહાણ પરિવાર રેહાના શુરાપુરા નારાણજી દાદાના ગામની ભાગોળે આવેલા સ્થાનક મધ્યે શણગાર, પૂજા અને પ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. દાદાના સેવક શાંતિલાલભાઇ ઓધવજીભાઇ ચૌહાણ દ્વારા પાળીયાને સિંદુરનો લેપ કરાવી, પાઘડી પહેરાવી ધુપ-દીવો કરવામાં આવેલ હતો. ત્યાર બાદ મીઠા ભાતનું ઝારણ કરવામાં આવેલ હતું અને દાદાના સ્થાનકે સેવા આપતા શ્રી નટવરભાઇ દામજીભાઇ ચૌહાણનું ચૌહાણ પરિવારના પ્રમુખ મોહનલાલ હીરજી ચૌહાણના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું. નટવરલાલ તથા ધરમશી દામજી ચૌહાણ, પરસોત્તમ મેઘજી ચૌહાણ તથા મોહનલાલ હીરજી ચૌહાણ તરફથી પ્રસાદ આપવામાં આવેલ હતો. ગામ-પરગામથી પધારેલા ગોઠી પરિવારોએ દાદાના તેમજ કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના શ્રદ્ધાપૂર્વક દર્શન કરેલ હતા. ચૌહાણ પરિવારના મંત્રી વિનોદભાઇ ચૌહાણે સ્થાનકની વહીવટી જાણકારી આપી આજના પ્રસંગ માટે સહયોગ આપનાર તમામ દાતાશ્રીઓ અને ભાઇઓનો આભાર માનેલ હતો.

શાંતિલાલ ઓધવજી, દિલીપ લાલજી, ભુપત મોહનલાલ, ધરમશી દામજી, રોમેક્ષ મહેશભાઇ, અશોક પરસોત્તમ, ત્રંબકલાલ લક્ષ્મણભાઇ ચૌહાણે જહેમત લીધી હતી. મનિષાબેન ધરમશીભાઇ ચૌહાણે પ્રસાદ તૈયાર કરવાની વ્યવસ્થા સંભાળી હતી. માતાજીના ભુવા અમરશીભાઇ ભીમજીએ શુભેચ્છા આપી હતી.

# શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ઓખા મંડળ ટ્રસ્ટ - દ્વારકા



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટના

દ્વારકા 'કચ્છી સમાજ ભવન'માં દ્વારકા તથા આસપાસના ગામના દર્દીઓ માટે આંખમાં મોતિયાનો કેમ્પ ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા ગોઠવવામાં આવ્યો.

જેમાં ટ્રસ્ટ પ્રમુખશ્રી તથા સર્વે ટ્રસ્ટીગણ હાજર રહીને શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ડૉક્ટર સાથે રહીને ટોટલ ૨૩૫ દર્દીઓને તપાસી ટ્રીટમેન્ટ આપી દવા પણ આપેલ તે પૈકી ૯૪ દર્દીઓને મોતીયાના ઓપરેશનની જરૂરીયાત હોવાથી કેમ્પના દીવસે જ શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ લઇને ઓપરેશન કરાવીને પરત લાવવામાં આવ્યા હતા.

# સુખી લગ્ન જીવનનું પ્રશિક્ષણ વિધાન



સમાજની અંદર નવ વિવાહિત વર-વધુનો લગ્નજીવન સારી રીતે તાલમેલ રાખી ને કેમ સંપન્ન થાય તેના પ્રશિક્ષણ માટે ક્યાંય પણ કોઈ વિદ્યાલય યુનિવર્સિટી અથવા સંસ્થાન આજે નથી, ખરેખર લગ્ન ટાણે પુરોહિતો દ્વારા વર વધુને જે ૯ પ્રતિજ્ઞાઓ કરાવવામાં આવે છે તે સટીક બંધારણ અથવા ગાઈડ લાઈન હોય છે. અને લગ્ન ટાણે આ મહત્વપૂર્ણ સિદ્ધાંતોને આપસી વાતચીત અથવા ગપ સપાટામાં નવ દંપતિ નજર અંદાજ કરી દેતા હોય છે માટે નવી પેઢી જેઓ લગ્નના ઉમેદવાર છે તેને આ ૯ પ્રતિજ્ઞાઓનું વાંચન સારી રીતે કરી લેવું જોઈએ અને પોતાના મનમાં લગ્નજીવનના આવો અનુશાસનનું પાલન કરવાની માનસિક તૈયારી બનાવી લીધા બાદ જ પગલાં લેવા જોઈએ. મારો વિશ્વાસ છે આટલી તૈયારી જો માનસિક રીતે બંને વર વધુમાં બની જાય તો ક્યારે પણ છૂટાછેડા ની પરિસ્થિતિ આવશે નહીં આ ગેરંટી છે.

### વરની પ્રતિજ્ઞા

૧) આજથી હું પોતાની ધર્મ પત્નીને પોતાની અર્ધાંગની ઘોષિત કરું છું અને તેના સાથે પોતાના વ્યક્તિત્વને મિલાવી ને નવા જીવનની સૃષ્ટિ કરવાની પ્રતિજ્ઞા કરું છું પોતાના શરીરના અંગોની જેમ તેમનું પણ ધ્યાન હું રાખીશ.

૨) પ્રસન્નતા પૂર્વક ગ્રહ લક્ષ્મી નું મહાન અધિકાર તેમને આપું છું અને જીવનના પ્રત્યેક નિર્ધારણમાં તેમના પરામર્શ ને હૂ મહત્વ આપીશ

૩) ગુણ. રૂપ, સ્વાસ્થ્ય. અને અજ્ઞાન ના કારણે ઉપજેલા દોસ અને વિકારો ને પોતાના ધ્યાનમાં નહી રાખુ. તેના કારણે અસંતોષ વ્યક્ત નહીં કરું, તથા સ્નેહપૂર્વક સુધારવાનું અને તેને સહન કરવા નો પ્રયત્ન કરીશ.

૪) પત્નીનો મિત્ર બનીને રહીશ તેને પૂરો સ્નેહ આપીશ આ વચન હું પૂરી સત્ય નિષ્ઠા થી પાલન કરીશ.

૫) પત્ની માટે જેમ પત્નીવ્રત ધર્મ ની મર્યાદા બતાવવામાં આવેલ છે. એ જ રીતે હું પણ દ્રઢતાપૂર્વક .પત્ની વ્રતના ધર્મનું પાલન કરીશ ચિંતન અને આચરણ બંનેમાં પરનારી પ્રત્યે વાસનાત્મક દ્રષ્ટિ ક્યારે પણ નહીં રાખીસ.

૬) ઘરની વ્યવસ્થા મા ધર્મ પત્નીને પ્રમુખતા આપીશ આમદની અને ખર્ચ ના વ્યવહારમાં તેની સહમતિ નું ધ્યાન રાખીશ. સદગૃહસ્થ ની દિનચર્યા ને અપનાવીશ.

૭) ધર્મ પત્ની ની સુખ શાંતિ તથા પ્રગતિ સુરક્ષા ની વ્યવસ્થા કરવા માટે પોતાની શક્તિ અને સાધન લગાવવા નો પુરી ઈમાનદારી થી પ્રયત્ન કરીશ.

૮) પોતાના તરફથી મધુર ભાષણ અને શ્રેષ્ઠ વ્યવહાર રાખવાનો પૂરેપૂરો પ્રયત્ન કરીશ મતભેદો ને ભૂલી શાંતિ થી સુધારો કરીશ કોઈના સામે પત્નીને લાંછિત અથવા તિરસકૃત નહીં કરુ.

૯) પત્નીના અસમર્થ થઈ જવા ના કારણે પોતાના કર્તવ્યથી વિમુખ નહીં થઉઁ અને પોતાના તરફથી સહયોગ અને કર્તવ્ય પાલનમાં જરા પણ કમી નહીં થવા દઇશ,

### પત્નીની પ્રતિજ્ઞા

૧) પોતાના જીવનને પતિ સાથે જોડી ને નવા જીવનની શ્રષટી કરીશ આ રીતે હું હંમેશા સાચા અર્થમાં પતિ ની અર્ધાંગની બનીને રહીશ,

૨) પતિના પરિવારજનોને એક જ પરિવારના અંગ માની ને બધાય સાથે સિસ્ટતા નું આચરણ કરીશ ઉદારતાપૂર્વક બધેની સેવા કરીશ તથા મધુર વ્યવહાર બનાવીને રાખીસ

૩) આળસ છોડી અને પરિશ્રમથી ઘરના બધા કાર્ય કરીશ. આ રીતે પતિની પ્રગતિ અને જીવન વિકાસમાં પોતાનો સંપૂર્ણ યોગદાન આપીશ.

૪) પતિવ્રત ધર્મનું પાલન કરીશ પતિ સાથે શ્રદ્ધા ભાવ હમેશા બનાવીને રાખીશ તથા તેમના અનુકૂળ બનીને રહીશ કોઈ પણ જાતનો છાલ કપટ નહીં કરું તેમના નિર્દેશોનું તત્કાલ પાલન કરવાનું અભ્યાસ કરીશ.

૫) સેવા. સ્વચ્છતા. અને પ્રિય ભાષાનો અભ્યાસ કરીશ. ઈર્ષા નફરત જેવા દોષોથી બચવાનો પ્રયત્ન કરીશ સદા પ્રસન્નતા આપવાવાળી બનીને રહીશ

૬) કટોકટી કરીશ ફાલતુ ખર્ચા થી બચવાનો પ્રયત્ન કરીશ પતિના અસમર્થ થઈ જવા બાદ પણ ગ્રહસથ ના અનુસાસનનું પૂરેપૂરું પાલન કરીશું.

૭) નારી માટે પતિ દેવ સ્વરૂપ હોય છે આ સમજી મતભેદ ભૂલી સેવા કરીશ અને જીવનભર સક્રિય બનીને ક્યારેય પણ પતિનું અપમાન નહીં કરું તેવી પ્રતિજ્ઞા કરું છું.

૮) જે પતિના પૂજય અને શ્રદ્ધા પાત્ર છે. તેમને પણ સેવા આપી વિનય પૂર્વક સદા સંતુષ્ટ રાખીશ.

૯) પરિવારના સદસ્યો માં સંસ્કારોના વિકાસ કરીસ તથા તેમને સદભાવના ના સૂત્રોમાં બાંધીને રાખવા ક્ષમતા પોતાની અંદર વિકસિત કરીશ.

સંકલન : ધીરજલાલ પુરુષોતમભાઈ ટાંક,
સચિવ જન કલયાણ સમિતિ-દુર્ગ



# એક વૃક્ષ
## માતાની યાદમાં...

હમણાં આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં ''એક વૃક્ષ માતાની યાદમાં'' નામનું અભિયાન ચાલી રહ્યું છે. આપણી માતાના આપણા ઉપર કેટલા ઉપકાર છે તેના વિષે જેટલું બોલશું-લખશું તે ઓછું જ પડવાનું છે. આપણા ઘરના આંગણામાં માતાની યાદગીરીમાં એક વૃક્ષ વાવીને તેના ઉપકારનો થોડાઘણે અંશે બદલો વાળવાનો પ્રયાસ કરીએ. આમ કરવાથી બે કામ થશે. એક તો આપણી માતાની કાયમી યાદગીરી રહેશે અને બીજું કેટલાક અંશે દેશની સેવા કરી ગણાશે.

દેશમાં વૃક્ષો વાવવાનું ઘણું જ મહત્વનુ છે. વૃક્ષોનું મહત્વ દેશમાં જુદી જુદી સંસ્થાઓ દ્વારા અલગ-અલગ દર્શાવવામાં આવે છે. જેમ કે વૈજ્ઞાનીકો કહે છે કે વૃક્ષો દિવસ દરમ્યાન હવામાં રહેલ કાર્બન ડાયોક્સાઇડ વાયુ ચુસી લઇને શુદ્ધ પ્રાણવાયુ આપે છે. કેટલાક સંગઠનો વૃક્ષોના વાવેતરને જે તે સ્થળની શોભા વધારવાનું કહે છે. કેટલાક લોકો વૃક્ષો આપણને ફળ-ફુલ-છાંયડો આપે છે એટલે મહત્વનું છે. એમ કહે છે સ્વાધ્યાય પરિવારના ભાઇઓ કહે છે કે ''છોડમાં રણછોડ છે.'' આ બાલતરૂનું સ્થાપન એક ભગવાનનું મંદિર બનાવવા બરાબર છે.

વૃક્ષનું મહત્વ દર્શાવતા ઉપર જણાવેલ બધા કારણો યોગ્ય છે, સારા છે, અનુકરણીય છે. હવે આપણા ઘરમાં વૃક્ષની પ્રતિષ્ઠાની સાથે સાથે આપણા સ્વર્ગસ્થ માતૃશ્રીની યાદગીરીને પણ જોડીએ. આપણા ઘરના કંપાઉન્ડમાં આવતાં જતાં બધાની નજરમાં આવે એવી જગ્યા પસંદ કરવી. આ સ્થળે ફળાઉ કે બિન ફળાઉ વૃક્ષનો રોપો અર્થાત બાલતરૂને સ્વ. માતૃશ્રીની યાદમાં ભાવપૂર્વક પ્રતિષ્ઠા કરવી. આ બાલતરૂ જ્યાં સુધી પોતાની રીતે ખોરાક-પાણીની વ્યવસ્થા કરી ન લે ત્યાં સુધી દરરોજ પાણીનું સિંચન કરવું. કાળજીપૂર્વક માવજત કરી દોઢ-બે વર્ષ બાદ આ વૃક્ષ મોટું થાય. ત્યારે આ વૃક્ષની ચારે બાજુ બેસી શકાય એવો નાનો ઓટલો બનાવવો. આ ઓટલામાં આપણા સ્વ. માતૃશ્રીનું નામ તથા જન્મ તારીખ, સ્વર્ગવાસ તારીખ દર્શાવવી. માની એવી તક્તી બેસાડવી. આપણે દરરોજ દિવો-અગરબત્તી કરી આશીર્વાદ માંગતી પ્રાર્થના કરવી.

બસ આટલું કર્યા પછી જેની કલ્પના પણ ન કરી શકીએ તેવું શ્રેષ્ઠ પરિણામ અનુભવશું. અત્યારે આપણે આપણા સ્વ. માતૃશ્રીને પ્રસંગોપાત યાદ કરીએ છીએ તેને બદલે દિવસમાં દસવાર, આવતા-જતાં આ સ્વ. માતૃશ્રીના સ્મારક ઉપર નજર પડશે. આપણા સ્વ. માતુશ્રી સાથેની જીવનભરની ઘટનાઓની યાદ તાજી થશે. સ્વ. માતૃશ્રીના આપણા કુટુંબીજનોના સુખ અને સ્વસ્થ જીવનના આશીર્વાદ મળતા રહેશે. આનાથી બીજું રૂડું શું હોઇ શકે ?

હવે બીજી પણ એક વાત કહેવાની ઇચ્છા થાય છે કે, વર્ષ દરમ્યાન જ્યારે પાનખર ઋતુ આવે છે ત્યારે વૃક્ષના પાન નીચે આંગણામાં પડે છે ત્યારે એવી ભાવના કરી શકાય કે ખરતાં પાન દ્વારા માતૃશ્રી આશીર્વાદ પાઠવી રહ્યા છે. આ ખરેલા પાન વાડીઝૂડીને કચરો ન સમજતાં, આ પાનને સમગ્ર ઋત દરમ્યાન ખરેલા પાન એકઠા કરી તેને સુકાવીને ઝીણો ભુકો કરી, ''તેરા તુજકો અર્પણ''ની ભાવના સાથે વૃક્ષના થડમાં થોડો ખાડો કરી તેમાં ચારેબાજુ આ પાનનો ભુકો નાખવો - પાણી સિંચવીને ખાડો પુરી નાખવો. આથી વૃક્ષને પોષકતત્વ મળશે.

કહેવાય છે કે આપણા શરીરની ચામડી ઉતારીને તેના જોડા બનાવીને માતૃશ્રીને પહેરાવીએ તો પણ માતૃશ્રીનું ઋણ ઉતરતું નથી. આપણે માત્ર ભલે ન કરી શકીએ પણ એક વૃક્ષના માધ્યમથી માતૃશ્રીનું ઋણ ઉતારવાનો નમ્ર પ્રયાસ કરીએ તો પણ ઘણું સારૂ કહેવાશે.

''માતૃ દેવો ભવઃ''

- કનકસિંહ હરજી પઢિઆર - અંજાર

# અનંતની યાત્રાએ...

અનુપપુર/શહડોલ (કુકમા) નિવાસી શ્રી અમૃતલાલ દેવસીભાઇ પરમાર (ઉ.વ.૭૮)નું તા. ૫-૧-૨૫ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (દેવળીયા) નિવાસી શ્રી કૃષ્ણલાલ માધવજીભાઇ વાઘેલા (ઉ.વ.૮૫)નું તા. ૦૨-૦૨-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (દેવળીયા) નિવાસી દયાગૌરીબેન દેવરામભાઇ ચાવડા (ઉ.વ.૮૮)નું તા. ૧૫-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અરસડા, કેંજોરગઢ (સિનુગ્રા) નિવાસી શ્રી પ્રાગજીભાઇ નરસીભાઇ ચાવડા (ઉ.વ.૭૬)નું તા. ૧૩-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (દેવળીયા) નિવાસી સુશ્રી ભારતીબેન મોરારજીભાઇ ચાવડા (ઉ.વ.૫૮)નું તા. ૮-૧-૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી દિનેશભાઇ શિવલાલભાઇ રાઠોડ (ઉ.વ.૯૩)નું તા. ૧૩-૦૧-૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (સિનુગ્રા) નિવાસી ગં.સ્વ. ધનલક્ષ્મીબેન રસીકભાઇ વાઢેર (ઉ.વ. ૮૦)નું તા. ૧૪-૦૧-૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (હાજાપર) નિવાસી ગં.સ્વ. ચંદ્રમણીબેન જનાર્દનભાઇ વરૂ (ઉ.વ.૭૨)નું તા. ૧૫-૦૧-૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી યશવંતભાઇ રતિલાલભાઇ ચાવડા (ઉ.વ.૬૮)નું તા. ૨૦-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (સિનુગ્રા) નિવાસી શ્રી જયંતકુમાર મોહનલાલ ગોહિલ (ઉ.વ.૬૬)નું તા. ૧૯-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી પ્રદીપભાઇ મણીલાલભાઇ સોલંકી (ઉ.વ.૫૨)નું તા. ૨૧-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી ભગવાનજીભાઇ લાલજીભાઇ વરૂ (ઉ.વ.૯૭)નું તા. ૨૨-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) (ઉ.વ.૭૪) પૂર્વ પ્રમુખશ્રી મહાસભાનું તા. ૧૧-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

નાગલપર (અંજાર) નિવાસી શ્રી જેન્તીલાલ અમરશીભાઇ ચૌહાણ (ઉ.વ.૬૫)નું તા. ૩૦-૧૧-૨૪ના અવસાન થયેલ છે.

કુમ્હારી (નાગલપર) નિવાસી શ્રી પ્રભુલાલભાઇ હિરજીભાઇ ટાંક (ઉ.વ.૭૨)નું તા. ૦૫-૧૨-૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (ગળપાદર) નિવાસી ગં.સ્વ. પ્રવિણાબેન હરિલાલભાઇ ચૌહાણ (ઉ.વ.૬૦)નું તા. ૦૬-૧૨-૨૪ના અવસાન થયેલ છે.

અંજાર (રેહા) નિવાસી ગં.સ્વ. લક્ષ્મબીને લાલજીભાઇ ચૌહાણ (ઉ.વ.૬૮)નું તા. ૧૨-૧૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (સિનુગ્રા) નિવાસી શ્રી ભગવાનભાઇ જેરામભાઇ (ઉ.વ.૬૭)નું તા. ૧૫-૧૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (ખંભરા) નિવાસી શ્રી કિશોરભાઇ નાનાલાલભાઇ ચાવડા (ઉ.વ.૬૮)નું તા. ૨૩-૧૨-૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી મોહનભાઇ હિરજીભાઇ પરમાર (ઉ.વ.૯૨)નું તા. ૨-૨-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શાન્તાબેન વિસનજીભાઇ ખોડિયાર (ઉ.વ.૭૯)નું તા. ૧૩-૨-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી જેન્તીલાલ વલમજીભાઇ પરમાર (ઉ.વ.૯૩)નું તા. ૧૫-૦૨-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી ત્રિભુવનભાઇ હરિલાલભાઇ વાઘેલા (ઉ.વ.૮૭)નું તા. ૦૫-૧૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર શ્રી વિશનજીભાઇ ઓધવજીભાઇ ખોડિયાર (ઉ.વ.૮૭)નું તા. ૦૮-૧૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રીમતી જ્યોતિબેન મનસુખભાઇ પઢિઆર (ઉ.વ.૫૮)નું તા. ૧૮-૧૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી તરૂણભાઇ મગનલાલભાઇ વેગડ (ઉ.વ.૪૫)નું તા. ૨૦-૧૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (ખંભરા) નિવાસી શ્રી હરસુભાઇ પરસોત્તમભાઇ ટાંક (ઉ.વ.૪૦)નું તા. ૧૮-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર (નાગલપર) નિવાસી શ્રી પોપટલાલ ગોપાલજીભાઇ ચૌહાણ (ઉ.વ.૭૫)નું તા. ૧૮-૦૧-૨૫ના અવસાન થયેલ છે.

અંજાર નિવાસી ગં.સ્વ. રૂક્ષ્મણીબેન હંસરાજભાઇ જેઠવા (ઉ.વ.૮૨)નું તા. ૨૫-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

ગળપાદર નિવાસી દેવકન્યાબેન નવીનભાઇ ચૌહાણ (ઉ.વ.૬૭)નું તા. ૨૪-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી રમેશભાઇ જેન્તીલાલભાઇ રાઠોડ (ઉ.વ.૬૨)નું તા. ૧૨-૦૨-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અમદાવાદ/ગાંધીનગર (ખંભરા) નિવાસી શ્રીમતી કિરણબેન જશવંતભાઇ ટાંકનું તા. ૦૬-૧૨-૨૪ના રોજે અવસાન થયેલ છે.

અમદાવાદ (કુકમા) નિવાસી કુસુમબેન પ્રભુલાલભાઇ ટાંકનું તા. ૯-૧૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ગોંદિયા (ચંદિયા) નિવાસી દયાબેન રતિલાલભાઇ ચાવડા (ઉ.વ.૯૦)નું તા. ૨૨-૧૨-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ગોંદિયા (કુકમા) નિવાસી શ્રી પ્રભુલાલભાઇ નારણભાઇ પરમાર (ઉ.વ.૬૯)નું તા. ૦૩-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

ગોંદિયા (સિનુગ્રા) નિવાસી શ્રી દિનેશભાઇ ધરમશીભાઇ પરમાર (ઉ.વ.૭૦)નું તા. ૦૪-૦૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

ગોંદિયા (હાજાપર) નિવાસી શ્રીમતી ગીતાબેન ધીરજલાલ પરમાર (ઉ.વ.૭૫)નું તા. ૧૧-૦૨-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.




Movement that inspires

**RATHOD KIA**

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

**TOYOTA**

**RATHOD TOYOTA**

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







croma

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

**Rathod Chambers**

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**


MITESH KHODIYAR
Insurance Advisor
टिक - टॉक - टिक
समय समाप्त हो रहा है...
आपके टैक्स सेविंग्स का समय लगभग समाप्त होने में है
जीवन बीमा में निवेश करके टैक्स सेविंग का लाभ उठाएं
अधिक जानकारी के लिए अभी कॉल करें
9429815099
mitesh.khodiar@gmail.com
सोचो तो सही
आपको कुछ हो गया, तो आपके परिवार के खर्चों को पुरा कौन करेगा।
आपके ना होने पर घर के खर्चे, बिजली का बिल, पानी का बिल कौन भरेगा।
आपके व्यापार मे होने वाले खर्चों को कौन पुरा करेगा।
आपके बच्चों की भविष्य की पढ़ाई के लिए पैसे कौन देगा।
Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham


।। ઓમ શાંતિઃ ।।
ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી
લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ
જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ
કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે
બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર
(ખંભરા)
ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
Mob. 98252 97341
ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)




## Khodiyar Engineering Works
## Urja Engineering Company
## Perfect Power Systems
## Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- Installation of DP Structure.
- Installation of Cables and connecting them, etc.
- Supply of Transformers and Vaccume Circuit Breaker
- Rewinding Of all types of Motors and Generators.
- Filtration and supply of Transformer Oil.
- Supply of All types of Switchgears.
- All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric | AVOCAB WIRES & CABLES | HPL The Power of Technology | connectwell THE RIGHT CONNECTION

Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.
Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761
E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com
Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com


Helping India
Invent the future
UNITRON
The Instrumentation People
UNITRON INSTRUMENTATION PVT. LTD
The leading Suppliers of Scientific and Material Testing Equipments in India.
Our major customers are Aerospace, Aeronautics, Automotive, Semiconductor,
Steel, Foundry & Forge, Surface Coating Industry and Materials Research.
Vipin Rathod
Managing Director
Head Office:
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore-560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Branch Offices : Chennai, Delhi(Gurgaon), Pune
Email- info@unitron.in
Web: www.unitron.in

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on March-2025
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

|| જય સીયારામ ||



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર
# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

PAN NO. AABTS 4600 B

**દાન માટે અપિલ :-**

- રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
- રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
- રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
- રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
- રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરવા આવનાર તમામ કન્યાઓને કન્યા છાત્રાલય તથા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવારના સૌજન્યથી નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી ઉમંગભાઈ એમ. પરમાર - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ – અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ – ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.